Registered Under R.N.I. No. GUJGUJ/2023/84401
વિશ્વ ઉમિયાધામ – જાસપુર, અમદાવાદ
(ISO 9001:2015 - Approval No. 00044220)

# UMA SRUSHTI
# ઉમાસૃષ્ટિ

₹ ૫૦-૦૦
₹ 50-00

Vishv UMIYA Foundation

આસ્થા, એકતા અને શક્તિનું ધામ | ૦૧ એપ્રિલ, ૨૦૨૫
Published on - 01 April, 2025

એક વૈશ્વિક વિચારધારા

તંત્રી–ડૉ. પ્રભુદાસ આઈ. પટેલ
Editor-Dr. Prabhudas I. Patel



વિશ્વ ઉમિયાધામ
દ્વારા રામનવમીની
હાર્દિક શુભકામનાઓ

# વિશ્વ ઉમિયાધામ સામાજિક સશક્તિકરણ કેન્દ્ર

## ૧૦૦ વીઘા જમીન એક હજાર કરોડનો સામાજિક પ્રોજેક્ટ

## "આસ્થા - એકતા અને ઊર્જાનું ધામ"



- સ્કીલ યુનિવર્સિટી
- છાત્રાલય
- સ્પોર્ટ્સ કોમ્પ્લેક્ષ
- અદ્યતન હોસ્પિટલ
- ઉમાસૃષ્ટિ
- મેટ્રીમોનિયલ સર્વિસીસ
- ઉમાછત્ર
- સમાધાન પંચ
- કાનૂની માર્ગદર્શન
- ઉમા લગ્ન સંસ્કાર
- મેડિકલ સહાય
- નિઃશુલ્ક શિક્ષણ સહાય
- ગુજરાતી વિદ્યાર્થીઓને કેનેડામાં મદદ

## વિશ્વ ઉમિયાધામ - અમદાવાદમાં નિર્માણ થનાર - મંદિરની વિશેષતા - સુવિધાઓ

★ જગતજનની શ્રી ઉમિયા માતાજીનું વિશ્વનું સૌથી મોટું અને ૫૦૪ ફૂટ ઊંચુ મંદિર

★ જગત જનની મા ઉમિયાનું આસન જમીનથી ૫૧ ફૂટ ઊંચુ રહેશે.

★ દેવોના દેવ મહાદેવનું પારાનું વિશાળ શિવલિંગ, ગણપતિ દાદા તથા કાળભૈરવ મંદિરનું નિર્માણ.

★ અત્યાધુનિક ટેક્નિકલ પદ્ધતિથી મંદિરનું બાંધકામ તથા ધજા બદલવા માટે હાઈડ્રો મિકેનીકલ સિસ્ટમ.

★ ૩૦૦ ફૂટની ઊંચાઈ પર વ્યૂ ગેલેરી કે જ્યાંથી આજુબાજુના સમગ્ર વિસ્તારને નિહાળી શકાશે.

★ જગતજનની મા ઉમિયાના દર્શન માટે એસ્કેલેટર તથા વ્યૂ ગેલેરી સુધી લીફ્ટની વ્યવસ્થા.

★ મંદિરના મુખ્ય ખંડમાં એક સાથે પાંચ હજાર ભક્તો મા ઉમિયાના દર્શન કરી શકે તેવી સુવિધા.

★ મંદિરના ગ્રાઉન્ડ ફ્લોર ઉપર બે કરતાં વધુ વાતાનુકૂલીન સત્સંગ હોલનું નિર્માણ.

★ વિકલાંગ અને વૃદ્ધોને મા ઉમિયાના મંદિર ગર્ભગૃહ સુધી જવા માટે ટ્રાવેલેટર / એસ્કેલેટરની સુવિધા.

★ યાત્રીઓ તથા દર્શનાર્થીઓ માટે રહેવા - જમવાની ઉત્તમ વ્યવસ્થા તેમજ શોપિંગ માટે હાઈપર માર્કેટની વ્યવસ્થા.

★ વિશ્વમાં પ્રથમ વાર સ્પેશિયલ લાઈટિંગ ઈફેક્ટ દ્વારા આઠમ, પૂનમ, અગિયારસ અને રાષ્ટ્રીય તહેવારોના દિવસે અલગ-અલગ પ્રકારની રોશનીથી મંદિર ઝળહળતું થશે જેથી અમદાવાદના રહીશોને જે તે તિથિની જાણકારી મળશે.

★ સંપૂર્ણ વાસ્તુશાસ્ત્ર અને હિન્દુધર્મ મુજબ ગર્ભગૃહનું બાંધકામ.

★ સોનાના કળશથી મંદિરની ભવ્યતાનું નિર્માણ.

★ અદ્યતન ભોજનાલય તથા પ્લાસ્ટિક ઝોન ફ્રી પરિસર.

★ પાટીદાર ઇતિહાસનું ભવ્ય મ્યૂઝિયમ.

★ મંદિર પરિસરમાં વિશાળ બેઝમેન્ટ પાર્કિંગ.

★ મંદિર પરિસરની આજુબાજુ જળાશયનું આયોજન.

★ સંપૂર્ણ ગ્રીન અને એનર્જી એફિસિયન્ટ મંદિર પરિસર.

★ બાળકો માટે ચિલ્ડ્રન પાર્કની વ્યવસ્થા.

Mayflower
WOMEN'S HOSPITAL

# The Cradle **of Care**

ENDOMETRIOSIS CLINIC

INFERTILITY AND ART CLINIC

OBSTETRICS/GYNECOLOGY

FETAL MEDICINE

GI SURGERY

COSMETOLOGY AND GYNEC-COSMETOLOGY

ANESTHESIA

RADIOLOGY

PEDIATRICS & NEONATAL CARE



**DR. SANJAY PATEL**
M.D. Diploma Endoscopy (Germany)
Endometriosis &
Gynaec Onco surgeon
Director



**DR. SMEET PATEL**
MBBS, MS. OBGYN
Endometriosis &
Gynaec Onco surgeon
Director



**DR. JAYA PATEL**
MBBS, DGO
Consultant Obstetrician
& Gynaecologist



**DR. RAVINA PATEL**
MBBS, DGO
Consultant Obstetrician
& Gynaecologist

+91-9898036701
hello@mayflowerhospital.com
+91-79-27495001/02/03

"Mayflower House", Opp. - Police Helmet, Near Manav Mandir Temple, Drive-In Road, Ring Road Junction, Memnagar, Ahmedabad - 380052, Gujarat, India

# ઉમાસૃષ્ટિ

વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન - વિશ્વ ઉમિયાધામ

આસ્થા, એકતા અને શક્તિનું ધામ — એક વૈશ્વિક વિચારધારા

**એપ્રિલ ૦૧, ૨૦૨૫**
**વર્ષ :** ૦૪, **અંક :** ૨૪
**સળંગ અંક : ૩૫**
**માલિક :** વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન
**April 01, 2025**
**Year :** 04, **Ank :** 24
**Owner :** Vishv Umiya Foundation





**પ્રમુખ :** આર. પી. પટેલ
**President :** R. P. Patel





**મેનેજિંગ એડિટર :** ડો. પ્રભુદાસ પટેલ
**Managing Editor:** Dr. Prabhudas I. Patel





**પરામર્શકશ્રી**
**Consultant**





પદ્મશ્રી-ડો. કુમારપાળ દેસાઈ   પદ્મશ્રી-દેવેન્દ્ર પટેલ
Padmashri-Dr. Kumarpal Desai   Padmashri-Devendra Patel

**સંપાદક મંડળ:**
ડો. હર્ષદ પટેલ
ડો. અશોક પટેલ
ડો. ઉત્પલ પટેલ
ડો. રૂપલ પટેલ

**Editor Board :**
Dr. Harshad Patel
Dr. Ashok Patel
Dr. Utpal Patel
Dr. Rupal Patel

**સહસંપાદક :** ધવલ માકડિયા **Co-Editor :** Dhaval Makadia

**કલાનિર્દેશક :** રાજુ પ્રજાપતિ **Art Director :** Raju Prajapati

**ફોટોગ્રાફી :** સદ્વિદ્યા ટી.વી. ચેનલ
**Photography :** Sadvidhya TV Channel



**લવાજમ :**
દેશમાં : આજીવન (૧૦ વર્ષ) રૂ. ૩૫૦૦
પાંચ વર્ષ : રૂ. ૨૦૦૦
વિદેશમાં : આજીવન (૧૦ વર્ષ) ૫૦૦ ડોલર
પાંચ વર્ષ : ૩૦૦ ડોલર

**Subscription Amount :**
For India : Life Time ( 10 Year) Rs. 3,500
5 Year : Rs. 2,000
For USA : Life Time (10 Year) 500 $
5 Year : 300 $

**ઈ-મેઈલ/e-mail:** editorumasrushti@gmail.com

**રજિ. ઓફિસ :**
વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન - વિશ્વ ઉમિયાધામ, વૈષ્ણોદેવી મંદિરની સામે, એસ.જી.હાઈવે, જાસપુર રોડ, તા. કલોલ, જી.ગાંધીનગર, ગુજરાત-૩૮૨૭૨૧

**Regd. Office :**
Vishv Umiya Foundation - Vishv Umiyadham,
Opp. Vaishnodevi Temple, S.G. Highway, Jaspur Road,
Ta. Kalol, Dist. Gandhinagar, Gujarat-382721
www.vishvumiyafoundation.org
E-mail: info@vishvumiyafoundation.org
www.facebook.com/VishvUmiyaFoundation
Phone: +91 72020 80333 / 222

**મુદ્રક અને પ્રકાશક :**
**મુદ્રક :** અનિલ ડી. ગોંડલિયા - કેવલ ઓફસેટ, બી/૮, જે. કે. એસ્ટેટ, દૂધેશ્વર, અમદાવાદ. **પ્રકાશક :** ડો. પ્રભુદાસ આઈ. પટેલે વિશ્વ ઉમિયાધામ - જાસપુર, કલોલ, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું.

**Printer & Publishers :**
**Printed by** Anil D. Gondaliya - Keval Offset,
B/8, J. K. Estate, Dhudeshwar, Ahmedabad &
**Published by** Dr. Prabhudas I. Patel at Vishv Umiyadham
Jaspur, Kalol, Gandhinagar


# અનુક્રમણિકા


| ક્રમ | લેખનું શીર્ષક | લેખક | પાના નં. |
|---|---|---|---|
| ૧. | વેદનો દિવ્ય સંદેશ | પ્રહ્લાદભાઈ પટેલ (કામેશ્વર) | ૦૫ |
| ૨. | વિદેશ જવાનો આંધળો મોહ કેટલો ઉચિત? | પ્રમુખશ્રીની કલમે | ૦૬ |
| ૩. | શ્રી રામચરિતમાનસ કથાસાર | ડો. પ્રભુદાસભાઈ પટેલ | ૦૮ |
| ૪. | શ્રીમદ્ ભગવદ્ ગીતાસાર | પ્રજ્ઞા પટેલ 'પાર્થી' | ૦૯ |
| ૫. | ગંગોત્રીની ખોજ | પદ્મશ્રી ડો. કુમારપાળ દેસાઈ | ૧૧ |
| ૬. | રઘુવંશના સર્વગુણ સપન્ન પ્રભુ શ્રીરામ | પ્રો. ડો. જે. એમ. પનારા | ૧૪ |
| ૭. | કંઈક બનવાનું નહિ, પરંતુ કંઈક કરવાનું સપનું જુઓ | મૌલિક સોની | ૧૭ |
| ૮. | છોડો સ્ટ્રેસ... રહો ફ્રેશ... | નવીન વાછાણી | ૧૯ |
| ૯. | ટીનેજર દિકરીઓ કેમ ભાગી જાય છે? | કાલીદાસ વ. પટેલ | ૨૨ |
| ૧૦. | દ્રૌપદીની મહાનતા | શ્રી ભાણદેવજી | ૨૪ |
| ૧૧. | પ્રેમને પ્રાપ્ત કરવાનો શોર્ટકટ માર્ગ | શ્રીમતી સુનિતા ડી. વ્યાસ | ૨૬ |
| ૧૨. | શ્રી મા ઉમાનું સુરક્ષા કવચ - ઉમાછત્ર | જશુભાઈ એમ. પટેલ<br>જયંતિભાઈ લાકડાવાળા | ૨૮ |
| ૧૩. | જીવનનું મૂલ્યાંકન કેવી રીતે કરશો? | પદ્મશ્રી ડો. ચંદ્રકાન્ત મહેતા | ૩૦ |
| ૧૪. | જીવ સેવા એ જ ભક્તિ | ડો. ભાવેશ જેતપરિયા | ૩૨ |
| ૧૫. | ઝભ્ભો મારો મોટા કોલર વાળો બનાવ તું | ડો. નરભેરામ જે. રાંકજા | ૩૪ |
| ૧૬. | આપણે ક્યા રસ્તે ? | જિતેન્દ્ર બી. જોટાસણા<br>રમેશ પી. આદ્રોજા | ૩૬ |
| ૧૭. | ધર્મ ભારતનો આત્મા | સ્વામી વિવેકાનંદ | ૩૮ |
| ૧૮. | લોકપયોગી માર્ગદર્શન | એચ. એસ. પટેલ- IAS Retd. | ૩૯ |
| ૧૯. | આંખનો અજ્ઞાત શત્રુ : ઝામર | ડો. બિનિતાબેન ઠાકોર | ૪૦ |
| ૨૦. | રોગને તો ઉગતો જ ડામવો જોઈએ | ડો. જિતેન્દ્ર અઢીયા | ૪૧ |
| ૨૧. | ખેતી નહીં.... તો સિમેંટ - લોખંડ - પ્લાસ્ટિક અને કાચ ખાવાની આદત કેળવવી પડશે | હીરજી ભીંગરાડીયા | ૪૨ |
| ૨૨. | અમારૂ અઠવાડીયું | નટવર આહલપરા | ૪૪ |
| ૨૩. | પ્રવૃત્તિ અહેવાલ | શૈલેષભાઈ પટેલ | ૪૫ |
| ૨૪. | સમાચાર | ડો. રૂપલબેન પટેલ | ૪૮ |


⌘ ⌘ ⌘


**Printed by** Anil D. Gondaliya and Published by Dr. Prabhudas I. Patel **on behalf of** Vishv Umiya Foundation **and Printed at** Keval Offset, B/8, J. K. Estate, Dhudeshwar, Ahmedabad **and Published at** Vishv Umiyadham - Jaspur, Kalol, Gandhinagar, **Editor -** Dr. Prabhudas I. Patel



**પ્રહ્‌લાદભાઈ પટેલ (કામેશ્વર)**
લેખક ધાર્મિક સાહિત્ય સંપાદક,
શિક્ષણકાર અને ઊંચા ગજાના દાતા છે

# વેદોનો દિવ્ય સંદેશ

**येन देवाः पवित्रेणात्मनं पुनते सदा ।**
**तेन सहस्त्रधारेण पावमानीः पुनन्तु नः ॥** (સામવેદ ૧૩૦૨)

**ભાવાર્થ :** આત્મિક તથા માનસિક દોષદુર્ગુણોનો ત્યાગ કરીને નિર્મળ અને પવિત્ર બનવામાં જ મનુષ્યજીવનની સફળતા રહેલી છે. આત્મા કલંકથી મુક્ત બને છે. તે સંકુચિતતાના આવરણથી મુક્ત બની શકે તેના કેટલાક ઉપાયો વેદોમાં વર્ણવવામાં આવ્યાં છે. આથી વેદો વાંચવા અને વિચારવા યોગ્ય છે.

**સંદેશ :** આ માનવજીવન કેટલાંય પુણ્યકર્મોના ફળસ્વરૂપે આપણને પ્રાપ્ત થયું છે. અને સત્કર્મો માટે ઉપયોગ કરવાથી જ મનુષ્ય સનાતન આનંદ મેળવી શકે છે. વેદોમાં અનેક પ્રકારનાં નીતિવાક્યો છે અને એ બધાં વેદવાક્યોનું શિક્ષણ એ જ છે કે જીવનમાં મનુષ્યની હંમેશાં પ્રગતિ થતી રહે, તેનું ક્યારેય પતન ન થાય. પ્રત્યેક મનુષ્યનું કર્તવ્ય છે કે તે બધા જ પ્રકારના દુર્ગુણો છોડી દે. સ્વાર્થ, લોભ, મોહ, અહંકાર વગેરે રાક્ષસો હંમેશા આત્માને ઘેરી વળતા હોય છે. આ બધાથી છુટકારો મેળવવા માટે પ્રબળ ઈચ્છાશક્તિની જરૂર પડે છે. તેમાંથી છૂટવાથી જ આત્મા નિર્મળ અને પવિત્ર બની શકે છે.

વેદમંત્રોમાં ઈચ્છાશક્તિ પ્રબળતા પર ખૂબ ભાર મુકવામાં આવ્યો છે. તપ, સાધના, કઠોર પરિશ્રમ અને મનોયોગપૂર્ણ પ્રયાસો દ્વારા જ મનુષ્ય પોતાની સઘળી મનોકામના પૂરી કરી શકે છે. મહત્વાકાંક્ષા મનુષ્યની જીવનશક્તિનો પરિચય કરાવે છે, પરંતુ તેની સાથે આત્મત્યાગ તથા બલિદાનની ભાવના પણ ખૂબ જ જરૂરી છે. તપ અને સાધના દ્વારા જ્યારે મનુષ્યની આ પ્રકારની ઈચ્છાઓ પૂરી થઈ જાય છે ત્યાર પછી જ તે પરોપકારનું કાર્ય કરીને પોતાનું જીવન સફળ બનાવી શકે. કોઈ મનુષ્યના જીવનની સફળતાનું માપ તેનામાં કેટલી પ્રબળ



ઈચ્છાશક્તિ વિકસિત થયેલી છે તેના આધારે નક્કી કરી શકાય છે. પ્રકૃતિની મહાન શક્તિઓ પણ માનવની ઈચ્છાશક્તિની સામે પરાજિત થઈ શકે છે. સંસારમાં થયેલી સભ્યતાનો વિકાસ, મનુષ્યની તમામ પ્રવૃત્તિઓ અને ભૌતિક સફળતાઓની પાછળ માનવીય ઈચ્છાની જ છાપ દેખાય છે.

મનુષ્યની આ ઈચ્છાશક્તિ તેના ચારિત્ર્યથી જ ઉત્પન્ન થાય છે એ તે ચારિત્ર્ય તેનાં કર્મો દ્વારા ઘડાય છે. એટલે કે તેનાં કર્મ જેવા હોય છે તેવા પ્રકારની જ ઈચ્છા શક્તિ હોય છે. આપણે બધા જ એ વાત જાણીએ છીએ કે નૈતિક જીવન જીવવું ખૂબ જ લાભદાયી છે, આમ છતાં પણ આપણે પાપકર્મ કરી બેસીએ છીએ તેનું દુઃખદ ફળ આપણે ભોગવવું પડે છે. કર્મફળથી મુક્ત બનવાનો કોઈ માર્ગ જ નથી.

આપણાં દૈનિક જીવનમાં જોવા મળતી મુશ્કેલીઓ કોઈ મૂળભૂત દુર્ગુણોની અંદર જ બેઠેલી છે તેવું નથી, પરંતુ એનું કષ્ટ આપણને એટલા માટે રહ્યા કરે છે કે આપણે બૂરાઈઓથી છૂટવાના સત્સંકલ્પની ઉપેક્ષા કરીએ છીએ. જે મનુષ્ય પોતાના ખોટા વિચારો પર વિજય મેળવી લેશે તે નિઃસંદેહ પ્રચંડ ઈચ્છાશક્તિનો સ્વામી બની જશે.

જ્યારે કોઈ મનુષ્ય સમજી લે કે હું આત્મા છું, શરીર નથી ત્યારે જ તે બળવાન બની શકે છે. જે સમજી લે કે મારા આત્મમાં ઈશ્વરનો વાસ છે ત્યારે તેના દ્વારા જ આત્મામાં પ્રચંડ શક્તિ ઉત્પન્ન થાય છે. આ શક્તિ દ્વારા જ માનસિક દોષો અને દુર્ગુણોનો ત્યાગ કરવાનું સામર્થ્ય પ્રાપ્ત થાય છે. દુર્ગુણો અને દુષ્ટ પ્રવૃત્તિઓથી મુક્તિ મેળવવાથી જ મનુષ્યમાં સાત્વિક અને દિવ્ય વિચારધારા ઉત્પન્ન થાય છે. તેનાથી મનુષ્યમાં દોષદુર્ગુણોનો સામનો કરવાનો ઉત્સાહ પેદા થાય છે.

“બૂરાઈઓને જડમૂળમાંથી ઉખાડી ફેંકી દો અને સદ્‌ગુણોની વૃદ્ધિ તેમ જ પોષણ કરો.” વેદોના આ ઉલ્લેખોને હંમેશા ધ્યાનમાં રાખવા જોઈએ. ■

## પ્રમુખશ્રીની કલમે

# વિદેશ જવાની ઘેલછા લાભદાયી કે જોખમી ?



**આર. પી. પટેલ**
**પ્રણેતા એવમ્ પ્રમુખ**

મિત્રો, નમસ્કાર !

ભારત દેશની આધ્યાત્મિક અને સાંસ્કૃતિક વિરાસત સમગ્ર વિશ્વમાં શીર્ષસ્થ સ્થાને છે, જે આપણા સૌ માટે અતિ ગૌરવપૂર્ણ ગણી શકાય. આ દેશના નાગરિક હોવાનું ગૌરવ આપણને સૌને છે. ધર્મ, શિક્ષણ અને સંસ્કૃતિનો વારસો આપણી વૈશ્વિક ઓળખ છે. તેમ છતાં પ્રવર્તમાન પરિસ્થિતિમાં વિદેશ જવાની ઘેલછા આપણી આંતરિક સમીક્ષાનો વિષય બની જાય છે. સુખ - સંપતિ અને સત્તાની અપેક્ષા સૌ કોઇને હોય તે સ્વાભાવિક છે. પરંતુ તેને મેળવવા માટેની મહેચ્છા અને ગતિ જ્યારે મર્યાદાની બહાર જાય ત્યારે તેના પરિણામો વિનાશકારી બનતા વાર લાગતી નથી, તેનાથી આપણે સૌ વાકેફ છીએ. તેમ છતાં તેને નજર અંદાજ કરીને ધન કમાવવાની ઘેલછામાં પોતાની જાતને મુશ્કેલીઓમાં મૂકનાર વ્યક્તિઓની દિન-પ્રતિદિન સંખ્યા વધતી જાય છે.

આજના વૈશ્વિકરણના દૌરમાં ઉચ્ચ શિક્ષણ અને ધંધા-રોજગાર માટે વિદેશ જવાનું ચલણ ખૂબ ઝડપથી વધી રહ્યું છે. કેટલાક ભારતીયો વર્ષોથી U.S.A. અને U.K. જેવા દેશોમાં સારા અને ઉચ્ચ હોદ્દાઓ ઉપર કાર્યરત છે. પરંતુ કેટલાક વર્ષોથી અભ્યાસ કે બિઝનેસના નામે વિદેશ જવાનો પ્રવાહ સતત વધી રહ્યો છે અને તેમાં પણ પ્રવર્તમાન સમયમાં વિદેશ જવાની વાત ફેશન અને મોભો બની ગઈ હોય તેવું લાગી રહ્યું છે.

ઉચ્ચ શિક્ષણ, કારકિર્દીની ચમક, વધુ કમાણી, નોકરીઓની સહજ ઉપલબ્ધતા,ઉંચા પગાર અને ઉત્તમ જીવનશૈલીની આશાએ લોકો વિદેશ જવા માટે આકર્ષિત થાય છે. આ માટે ઘણા લોકો કાયદાકીય પ્રક્રિયામાંથી પસાર થઈને ત્યાંની નાગરિકતા મેળવતા હોય છે, જ્યારે કેટલાક લોકો ટૂંકા રસ્તે ઝડપી પૈસાપાત્ર થવા માટે અવનવા - અટપટા અને જોખમી રસ્તાઓનો ઉપયોગ કરી રહ્યા છે. જે પ્રવર્તમાન પરિસ્થિતિમાં મુશ્કેલીરૂપ સાબિત થઈ રહ્યા છે, ત્યારે વિદેશ જવાની આ આંધળી દોડનું સમગ્ર મૂલ્યાંકન થવું ખૂબ જરૂરી છે.

### વિદેશ જવાની ઘેલછા કેમ પેદા થાય છે ?

**ઉચ્ચ શિક્ષણ :** અપવાદને બાદ કરતા વિદેશની કોલેજો અને યુનિવર્સિટીઓમાં મળતું શિક્ષણ આપણા દેશ કરતા સારું હોય છે તેવી માનસિકતા ધરાવતા યુવાનો વિદેશમાં ઉચ્ચ અભ્યાસ માટે જવા પ્રેરાય છે. ઘણીવાર પૂરતી માહિતી મેળવ્યા સિવાય વિદેશમાં જવા મળે તેવી ઈચ્છાથી લાંબુ વિચાર્યા સિવાય નાના-મોટા સેન્ટરોના કોમ્પ્લેક્ષોમાં ચાલતી કોલેજોમાં વિદ્યાર્થીઓ પ્રવેશ મેળવે છે, કે જ્યાં શિક્ષણ સાઈડમાં થઈ જાય છે અને નાની-મોટી નોકરી કરીને વિદ્યાર્થીઓ સમય અને નાણાની બરબાદી કરે છે, પરિણામે પરિવાર મુશ્કેલીમાં મુકાય છે. આની બીજી બાજુ પણ છે, જેમાં વિદેશમાં રહેવા અને ભણવાથી વિદ્યાર્થીઓમાં આત્મનિર્ભરતા અને આત્મવિશ્વાસનો વિકાસ થાય છે. મજબૂત આંતરરાષ્ટ્રિય નેટવર્ક વિશ્વભરમાં કારકિર્દીની તકો શોધવામાં મદદરૂપ થાય છે. જેનાથી કેરિયર માટેની સારી તકો ઉપલબ્ધ થાય છે.

### વિદેશ જવાની ઘેલછાથી પેદા થતી સમસ્યાઓ :

**આર્થિક પડકાર :** આપણા દેશની તુલનામાં વિદેશમાં ભણવાનો ખર્ચ ખૂબ જ વધી જાય છે. ટ્યુશન ફી, રહેવાનું તથા અન્ય ખર્ચ ઘણો વધારે આવે છે. વિદેશમાં ઉચ્ચ શિક્ષણ લેવા માટે અથવા વસવાટ કરવા માટે લીધેલ લોન અને વધારે રૂપિયાનો ખર્ચનો બોજો વહન કરવો પડે છે.

**સાંસ્કૃતિક આઘાત :** નવા દેશની સાંસ્કૃતિમાં સમાયોજન કરવું મુશ્કેલ થઈ શકે છે. ઘણા N.R.I. આપણા દેશની ભાષા અને સંસ્કૃતિને ભૂલી ગયા છે. આ એક મોટી સમસ્યા છે.

**પ્રતિભા પલાયન :** ઉચ્ચ શિક્ષણ માટે વિદેશ જતાં રહેવાના ભારતીય વિદ્યાર્થીઓના અભિગમને કારણે દેશમાંથી આપણે પ્રતિભાઓને ગુમાવવી પડે છે. સારી સારી પ્રતિભાઓ વિદેશ જતી રહેવાથી આપણા દેશને કોઈ ફાયદો થતો નથી માત્ર નુકશાન જ થાય છે. માત્ર મિથ્યા ગૌરવ લઈ શકીએ કે અમેરિકામાં ઉચ્ચ પદ પર રહેલો વ્યક્તિ અમારા દેશનો છે. પ્રતિભાવાન લોકો વિદેશ જતા રહે છે તેથી દેશમાં પ્રતિભાની કમી ( Brain drain )નો સામનો કરવો પડે છે. આપણું બુદ્ધિધન ભારતને કામ આવતું નથી. આપણું ઈન્ટેલીજન્સ વિદેશી કંપનીઓ લઈ જાય છે અને મોટી કમાણી કરે છે.

**વિદેશમાં વ્યવસાયના લાભા-લાભ :** આપણી વ્યાવસાયિક કંપનીઓને વિદેશની સંસ્કૃતિ, વ્યાપાર પ્રથાઓ અને ત્યાંના કાનૂની નિયમો સાથે તાલમેલ બેસાડવો મુશ્કેલ પડે છે. જો કે નુકસાનની સાથે થોડો લાભ પણ મળે છે, જેમ કે વૈશ્વિક બજારમાં પ્રવેશ મળે છે, વ્યાપક ગ્રાહકો મળે છે, પ્રતિ સ્પર્ધાત્મક લાભ મળે છે, અને ઉચ્ચ ગુણવત્તા તથા ઉચ્ચ ટેકનોલોજીનો લાભ મળે છે. પરંતુ વિદેશી બજારમાં સ્થાનિક અને આંતરરાષ્ટ્રિય કંપનીઓ સાથે સ્પર્ધા કરવી મુશ્કેલ હોય છે.

## વિદેશ જવાનો મોહ ?

ઉચ્ચ શિક્ષણ મેળવવા માટે દર વર્ષે ખૂબ મોટી સંસ્ખામાં ભારતના વિદ્યાર્થીઓ બીજા દેશોમાં પલાયન કરે છે. વર્ષ ૨૦૨૪માં લગભગ ૧૩.૫૦ લાખ વિદ્યાર્થીઓ ભણવા માટે વિદેશ ગયા છે. જેમાંથી ૪.૫૦ લાખ કેનેડા, ૩.૫૦ લાખ અમેરિકા અને ૧.૮૫ લાખ બ્રિટન ગયા છે. ઓસ્ટ્રેલિયા, જર્મની, ચીન, સિંગાપુર, ન્યુઝીલેન્ડ, જ્યોર્જિયા, યુક્રેન, રશિયા, ફિલિપાઈન્સ વગેરે દેશોમાં જનાર વિદ્યાર્થીઓની સંખ્યા પણ ઘણી મોટી છે. લગભગ ૧૦૮ દેશોમાં ભારતીય વિદ્યાર્થીઓ અભ્યાસ માટે જાય છે.

ભણવા માટે વિદેશ જનાર છાત્રોનો વધારો સામાજિક હિતો અને રાષ્ટ્રીય હિતોને નુકશાન કરે છે. આ સ્થિતિ એટલા માટે ચિંતાજનક છે કે તેથી ઉદ્યોગ-ધંધા અને સામાજિક સંસ્થાઓની સામે કુશળ લોકોના અભાવની સમસ્યા સામે આવી શકે છે. મોટા ભાગે આકર્ષક નોકરીઓ, સુવિધાપૂર્ણ જીવનશૈલી, સંશોધન કાર્યોમાં સારી તક વગેરે કારણોથી પ્રેરાઈને લોકો વિદેશ જાય છે.

**વિકલ્પોનું મૂલ્યાંકન :** વિદેશ જવું એ ખોટી બાબત નથી, પરંતુ વિદેશ જવાની પ્રાથમિકતા, વિદેશ જવાના રસ્તા, વિદેશ જવાનો ખર્ચ વિગેરે બાબતો અને દેશમાં ઉપલબ્ધ અવસરો એમ બંને બાબતોનું પૂર્ણ મૂલ્યાંકન થયા બાદ આગળ વધવું જોઈએ. આજનો યુવાન પ્રગતિશીલ અને પ્રયોગવાદી છે. તેને અદ્યતન ટેકનોલોજી ગમે છે. પરંતુ હવે આપણા દેશમાં પણ ડીજિટલ ઉદ્યોગ, કોમ્પ્યુટર સાયન્સ, સોફ્ટવેર એન્જીનીયરીંગ, વ્યવસાય અને પ્રબંધન, અર્બન પ્લાનીંગ, ચિકિત્સા અને સ્વાસ્થ્ય વિજ્ઞાન, હોટલ પ્રબંધન અને પર્યટન, કલા અને ગ્રાફિક ડીજાઈન, પર્યાવરણ વિજ્ઞાન, ગ્રીન એનર્જી, ડેટા સાયન્સ, ફિનટેક, આર્ટીફિશિયલ, ઈન્ટેલીજન્સ ( AI ), મશીન લર્નિંગ જેવા અનેક વિષયોનું શિક્ષણ ખૂબ સારી રીતે ઉપલબ્ધ થઈ રહ્યું છે.

ભારતીય વિશ્વ વિદ્યાલયોમાં આ બધાં નવા નવા કોર્સ શરૂ થઈ ચૂક્યા છે. ઉદ્યોગો અને શિક્ષણ સંસ્થાઓ વચ્ચેનું જોડાણ પણ હવે વધી રહ્યું છે. હાલમાં જ નવી શિક્ષણ નીતિ અંતર્ગત UGC એ સુધારાત્મક પગલાં લઈને અભ્યાસની સાથે ઈન્ટર્નશીપને ફરજિયાત કરેલ છે. જેનાથી વિદ્યાર્થીઓને વ્યવસાયિક જગતનો વ્યવહારિક અનુભવ પ્રાપ્ત થશે, જેનાથી જ્ઞાન અને કૌશલ બંનોનો વિકાસ થશે.

**ગેરકાયદે વિદેશ ગમન :** વિદેશીઓના પ્રવેશ સામે કેટલાંક દેશોએ પોતાના કાયદાઓ સખત બનાવ્યા છે. કાયદેસરની પ્રક્રિયાઓ પૂર્ણ કરીને કોઈ વિદેશ જાય તેની સામે વાંધો ન હોવો જોઈએ, પણ કેટલાંક લોકો કાનુની નિયમોનું પાલન કર્યા વિના ગેરકાયદેસર રીતે પ્રવેશ કરી પોતાની જાતને જોખમમાં મૂકે છે. આવો વિદેશ મોહ ઘણીવાર ભારે પડી શકે છે. અનેક પ્રકારની સમસ્યાઓ સર્જાય છે. આવો આંધળો મોહ ટાળવો જોઈએ. વિદેશમાં જીવનનના પડકારોને સમજીને યોગ્ય આયોજન સાથે આગળ વધીએ તો જ સફળતા મળે. વિદેશ જતાં પહેલાં ત્યાંની જીવનશૈલી, ખર્ચ અને સંભવિત પડકારોની માહિતી મેળવવી જરૂરી છે.

**વિદેશની માયાજાળ :** વિદેશ જવું કે નહીં તે વ્યક્તિનું લક્ષ્ય અને તેની પ્રાથમિકતાઓ પર નિર્ભર છે. જો કોઈ વ્યક્તિ વિદેશ જઈને નવી સ્કીલ શીખીને પોતાના દેશની પ્રગતિમાં યોગદાન આપવા માગે છે, તો આ એક સકારાત્મક પગલું છે. પરંતુ સમજ્યા-વિચાર્યા વિના માત્ર એક ટ્રેન્ડને કારણે જો કોઈ વિદેશ જાય છે તો તે વ્યક્તિ માટે લાભદાયક નથી. ઉચ્ચ શિક્ષણ અને વ્યવસાય માટે વિદેશ જવાના ઘણા લાભ અને પડકારો પણ સામેલ છે. માટે એ જરૂરી છે કે જે તે વ્યક્તિ અથવા કંપની સમજી વિચારીને નિર્ણય લ્યે. પોતાની જરૂરિયાતો, લક્ષ્યો સંભાવનાઓ અને સંસાધનોનું મૂલ્યાંકન કરીને સંભવિત પડકારો માટે તૈયાર રહેવું જોઈએ. ■

## ધર્મ સૃષ્ટિ



**સંપાદક : ડૉ. પ્રભુદાસ પટેલ**
લેખક જાણીતા કેળવણીકાર છે.

# શ્રી રામચરિતમાનસ કથાસાર

### ગોસ્વામી તુલસીકૃત 'રામચરિત માનસ' આધારિત કથાસાર અને ભગવાન રામચંદ્રની લીલાઓ

**પૂર્વકથા :** રામના રાજ્યભિષેકની વાતથી મંથરા ભડકી. રાણી કૈકેઈને ગુમરાહ કરવા પ્રયત્નો કર્યાં. મંથરાનાં પ્રિય વચનો સાંભળીને રાણી ધમકાવતાં બોલ્યાં, ચૂપ રહે, જો ફરીથી ક્યારેય આવું કર્યું તો તારી જીભ ખેંચી કાઢીશ.

**હવે આગળ :**

प्रियबादिनी सिख दीन्हिऊ तोही ।
सपनेहु तो पर कोपु न मोही ॥

રાણી બોલ્યા, હે પ્રિય વચન કહેનારી મંથરા ! મને તારા ઉપર સ્વપ્નમાં પણ ક્રોધ નથી. તારું કહેવુ સત્ય હશે તો શ્રી રામનું રાજ્યતિલક થશે. રામ સહજ સ્વભાવથી જેમ કૌશલ્યાને પ્રિય છે, તેમ મારા પર તો વિશેષ પ્રેમ રાખે છે. મે તેમની પ્રીતીની પરીક્ષા કરીને જાણ કરીને જાણી લીધું છે.

भरत सपथ तोहि सत्य कहु परिहरि कपट दुराउ
हरष समय विसमउ करसि कारन मोहि सुनाउ ॥

મંથરા ! તને મારા ભરતના સોગંદ છે. છળ-કપટ છોડીને સાચેસાચ કહે. તું હર્ષના સમયે વિષાદ કરી રહી છે. મંથરાએ કહ્યું, મારું અભાગિયું કપાળ ફોડવા યોગ્ય છે, જેને લીધે સારી વાત કહેવા છતાંય આપને દુખ થયું. હવે તો હું તમને ગમતી જ વાત કરીશ. અથવા દિનરાત ચૂપ રહીશ.

करि कुरुप बिधि परबस कीन्हा ।
बवा सो लुनिअ लहिए जो दीन्हा ॥

વિધાતાંએ મને કુરુપ બનાવીને પરતંત્ર કરી છે. કોઈ પણ રાજા થાય અમને શું નુકશાન થવાનું છે ? પણ તમે વિચારો કે દાસી સિવાય રાણી રહી શકશો ? મારો સ્વભાવ તો બાળવા યોગ્ય છે. છતાં તમારું અહિત મારાથી જોવાતું નથી. મારી ભૂલ થઈ, મને ક્ષમા કરો.



प्रिय सिय रामु कहा तुम्ह रानी ।
रामहि तुम्ह प्रिय सो फुरि बानी ॥

હે રાણી તમે કહ્યું કે, તમને રામ અને સીતા પ્રિય છે. તો આ વાત સાચી, પરંતુ આ વાત તો અગાઉની હતી. તે દિવસો હવે વીતી ગયા. સમય ફરી જવાથી મિત્ર પણ શત્રુ થઈ જાય છે. અને તમારા સૌભાગ્યના બળ પર કોઈ ચિંતા જ નથી. રાજાએ પોતાના વશમાં જાણો છો. પરંતુ રાણી મનના મેલા અને મોંના મીઠા છે.

चतुर गंभीर राम महतारी ।
बीचु पाइ निज बात संवारी ॥

રામનાં માતા કૌશલ્યા ઘણાં ચતુર અને ગંભીર છે. તેઓ લાભ જોઈને પોતાની વાત સાધી લીધી. રાજાએ ભરતને મોસાળ મોકલી દીધો. આમા બસ રામનાં માતાની જ સલાહ છે. કૌશલ્યાએ તમે ખટકી રહ્યાં છો. તેણઈએ ચતુરાઈ પૂર્વક ભરતની ગેરહાજરીમાં રામના રાજતિલક માટે મુહૂર્ત નક્કી કરાવી લીધું.

भावी बस प्रतीती उर आई ।
पूंछ रानि पुनि सपथ देवाई ॥

કૈકેયીના મનમાં વિશ્વાસ બેસી ગયો. રાણી સોગંદ આપીને પૂછવા લાગી ત્યારે મંથરા બોલી. શું પુછો છો? તમે હજીયે નથી સમજ્યાં ? પોતાના સારા નસરાને તો પશુ પણ ઓળખી લે છે. હું તમારા રાજ્યમાં ખાઉં-પહેરું છું. એટલે સત્ય કહેવામાં મને કોઈ દોષ નથી. એ કાલે રામનું રાજતિલક થઈ ગયું તો સમજી લે જો કે વિધાતાએ તમારા માટે વિપત્તિનું બીજ વાવી દીધું.

कैक्यसुता सुनत कटु बानी ।
कहि न सकइ कछु सहमि सुखानी ॥

કૈકેઈ મંથરાની કડવી વાણી સાંભળતાં જ ડરીને સુકાઈ ગઈ કશું બોલી શકી નથી. શરીરે પરસેવો છૂટી ગયો અને તે કેળની જેમ કંપવા લાગી. મંથરાએ રાણીને સમજાવ્યા કે ધીરજ રાખો ને રાણીએ મંથરાને કહ્યું, મંથરા ! સાંભળ, તારી વાત સત્ય છે. મને પણ પ્રત્યેક રાતે ખરાબ સપનાં આવે છે. ■

(ક્રમશઃ આવતા અંકમાં)



પ્રજ્ઞા પટેલ 'પ્રાર્થી'
કવયિત્રી અને લેખિકા

# શ્રીમદ્ ભગવદ ગીતાસાર

**માતૃભૂમિની શાન છે ગીતા યૌવનની છે આશ ગીતા,**
**જીવનનો છે સાર ગીતા, પ્રભુપ્રેમનો વિશ્વાસ ગીતા.**

ભરતખંડના કુરુક્ષેત્રની ભૂમિ પર બરાબર મધ્યમાં જઈને ભગવાન શ્રીકૃષ્ણ યોગેશ્વર સ્વરૂપે દિવ્યસ્વરૂપ ધારણ કરે છે. અહીં નર એટલે અર્જુન અને નારાયણ એટલે સ્વયંમ પુરુષોત્તમ ભગવાન વિષ્ણુનો જે સંવાદ થાય છે તે એટલે શ્રીમદ્ ભગવદ ગીતા. ભગવાન શ્રીકૃષ્ણના મુખારવિંદમાંથી નીકળેલી ગૌમુખી ગંગા એટલે શ્રીમદ્ ભગવદગીતા. શ્રીમદ્ ભગવદગીતાના એક એક શબ્દ અને એક એક શ્લોક ગાયના આંચળમાંથી દોહવાયેલા દૂધના એકએક ટીંપાની જેમ પવિત્ર અને ગુણકારી છે. અઢાર અધ્યાય અને ૭૦૦ શ્લોકોમાં ગવાયેલી ગીતા એ કોઈ એક ધર્મનું પ્રતિનિધિત્વ નથી પણ સમસ્ત માનવજાતિને ઉચ્ચ જીવન જીવવાની રીત શીખવે છે. જે અર્જુન જેવા દિવ્ય નર તૈયાર કરી શકે છે અને નર થઈને નારાયણ તરફ જવાનો માર્ગ ચીંધે છે.

જે શ્રીમદ્ ભગવદગીતાનું પાન કર્યા પછી મનુષ્ય દિવ્યતાને પામી શકે છે એવી અદ્ભૂત ગીતા સ્વયંમ ભગવાન શ્રીકૃષ્ણના મુખેથી આ ભારતની ભૂમિ પર ગવાતી હોય તો ભારત દેશની ભૂમિની માટીનાં દરેક અણુમાં ભગવાનની દિવ્યતાના દર્શન આપે છે, જે ભારત દેશની શાન છે. શ્રીમદ્ ભગવદગીતામાં આજના યુવાનની આશ છુપાયેલી છે. ગીતાના પ્રથમ અધ્યાયમાં યુદ્ધભૂમિમાં સામા પક્ષે પોતાના સ્વજનોને જોઈને યુદ્ધ ન કરવા માથે હાથ દઈને બેસી ગયેલા અર્જુનમાં આજનો નિષ્ફળ અને નાસીપાસ થયેલો યુવાન દેખાય છે. અર્જુન જ્યારે વિષાદ પામે છે અને કહે છે "सिदन्ति मम गात्राणि, मुखं च परिशुष्यति । वेपथुश्च शरीरेमे रोमहर्षश्च जायते ॥" ત્યારે ભગવાન શ્રીકૃષ્ણ માતૃવાત્સલ્યથી બાળકને સમજાવતા હોય તેમ અર્જુનને સમજાવે છે "हतो वा प्राप्स्यसे स्वर्गम जीतो वा भोक्ष्यसे महिम । तस्मात् उत्तीष्ठ कौन्तेय युध्धाय कृत निश्चय ॥" એવા પ્રેરણાસ્ત્રોત સમા શબ્દો ભગવાન અર્જુન જેવા નરપૂંગવને સમજાવે છે અને તેનો વિષાદ દૂર કરવાનો પ્રયત્ન કરતાં ફરીથી મમત્વ છલકાવતા હોય તેમ અર્જુનને સમજાવે છે "क्षुद्रं हदयदौबल्यं त्यक्त्वोत्तिष्ठ परंतपः"

"હે પરંતપ! હૃદયની આ દુર્બલતા ત્યજીને યુદ્ધ માટે ઉભો થા." ભગવાની આ વાત બહુ વિચારવા જેવી છે. હૃદયની દુર્બલતાને દુર કરવી એ કોઈપણ કપરી પરિસ્થિતિમાંથી બહાર નીકળવા માટેનું પ્રથમ સોપાન છે જે આજના યુવાનો માટે ખુબ જરૂરી પાસું છે. ક્યારેક ભગવાન અર્જુનને મિત્રની જેમ શિખામણ આપતા હોય છે તો ક્યારેક માની જેમ સમજાવતા હોય છે તો કોઈક શ્લોકમાં ગુરુ બનીને આદેશ આપતા હોય તેમ ભગવાન અર્જુનને એક એક યોગ સમજાવે છે. ભગવાન સાંખ્યયોગમાં સ્થિતપ્રજ્ઞનાં લક્ષણો સમજાવે છે જે યૌવનને શ્રેષ્ઠત્વ તરફ લઈ જાય છે. ભગવાન સમજાવે છે કે જેમ ધુમાડાથી અગ્નિ અને ઓરથી ગર્ભ ઢંકાયેલો રહે છે તેમ કામરૂપી વેરી મન, બુદ્ધિ અને ઈન્દ્રિયો થકી જ્ઞાનને ઢાંકી દે છે. ભગવાન અર્જુન સમ યુવાનોને કર્મ સમજાવીને ઉપદેશ આપે છે કે સંશયને જ્ઞાનરૂપી તલવાર વડે છેદીને સમત્વરૂપી કર્મયોગમાં જોડાઈ જા. આમ ભગવાનના મુખેથી ગવાયેલી ગીતાના દરેક શ્લોકોનું પાન કરતાં અર્જુનમાં તેજસ્વીતા આવતી જાય છે. ભગવાન અર્જુનને સમજાવીને કહે છે. "कर्मण्ये वा धिकारस्ते माफलेषु कदाचना"

ભગવાન અર્જુનને કર્મનો સિદ્ધાંત સાથે કર્મ, ભક્તિના પ્રકાર, ભક્તના લક્ષણો એમ એક એક સોપાન સર કરતાં કરતાં વિશ્વરૂપ દર્શન કરાવે છે. ગીતાના શ્લોકો જ્યારે હૃદયસ્થ થાય ત્યારે દિવ્યતા આવે અને દિવ્યતા પામીને ભગવાનને આત્મસાત કરી શકાય છે. ભગવાન પંદરમાં અધ્યાયમાં અર્જુનને સમજાવે છે કે "ममैवान्शो जीवलोके जीवभूत सनातन...।"

દરેક જીવમાં મારો અંશ છે. ક્ષેત્રક્ષેત્રજ્ઞ કહીને ભગવાન જીવને એક ખેતર કહે છે. અગિયારમાં અધ્યાયમાં ભગવાન અર્જુનને વિશ્વરૂપના દર્શન કરાવે છે અને સમજાવે છે કે ભગવાન સંસારના અણુ અણુમાં વસે છે. અત્ર તત્ર સર્વત્ર બધે ભગવાન છે અને જે પણ ભૂત, વર્તમાન અને ભવિષ્યમાં થાય તે બધું જ ભગવાનને આધીન છે. એમ અર્જુનને અનન્ય ભક્તનું મહત્વ સમજાય છે. કોઈપણ કાર્યમાં ભાવ, ભક્તિ અને ભગવાન ભળી જાય તો તે કર્મ નિષ્કામ બની જાય છે. અને નિષ્કામ ભક્તિ થકી આત્મદર્શન થાય છે અને આત્માનો સાક્ષાત્કાર થાય છે. એ આત્મનો સાક્ષાત્કાર એટલે જ નારાયણનો સાક્ષાત્કાર થવો.

# ધર્મ સૃષ્ટિ

હ્રદયમાં બેસેલા ભગવાન જાગૃત થાય એટલે યુવાન આદર્શોમાં ઢળતોજાય છે અને તેનામાં માનવતા ખીલી ઉઠે છે. છેલ્લે અઢારમાં અધ્યાયમાં ભગવાન અર્જુનને આદેશ સ્વરૂપે કહે છે ''मामेकं शरणम् व्रज।'' ત્યારે અર્જુન હ્રદયની દુર્બળતા ત્યાગી, ભગવાન પર શ્રદ્ધા અને વિશ્વાસ રાખી, નિષ્ઠાવાન યુવાનની જેમ નિષ્કામ કર્મ કરવા તૈયાર થાય છે ! ધર્મ માટે લડવું છે એ જ જીવનનો સાર છે. આ જીવનના સાર સમજવા માટે ભગવાન સાથે અર્જુનની જેમ સંબંધ બનાવવો પડે, ભગવાન પાસે રોજ જવું પડે, ભગવાન પર સંપૂર્ણ વિશ્વાસ રાખવો પડે અને ભગવાને આપેલા સિધ્ધાંતો જીવનમાં ઉતારવા પડે તો હંમેશા ભગવાન સાથે જ રહે છે. ભગવાન કહે છે ''કામ કરતો જા... હાક મારતો જા... મદદ તૈયાર છે.... ફળની આશા રાખીશ નહિ.''

ગીતાનું અમૃતપાન અર્જુને ફક્ત ૪૫ મિનિટમાં જ સમજી લીધું અને અર્જુન બોલ્યા ''नष्टोमोहः स्मृतिर्लब्धा त्वप्रसादान् मयाच्युत । स्थितोडस्मि गत सन्देह करिष्ये वचनं तव ॥''

જો ભગવાન પર આટલો વિશ્વાસ હોય તો ભગવાન સારથી બનવા તૈયાર છે અને આજનો યુવાન પણ જીવનસંગ્રામ જીતી શકે છે. ભગવાન સાથે જ્યારે સબંધથી જોડાઈએ ત્યારે ભગવાન બોલે છે. ''यत्र योगेश्वरो कृष्ण तत्र पार्थो धनुर्धर।'' પરંતુ જો અર્જુન જેવા યુવાનો તૈયાર થાય તો જરા ઉલટાવીને પણ બોલી શકાય...

''यत्र पार्थो धनुर्धर तत्र योगेश्वरो कृष्ण।''

॥ कृष्णम् वन्दे जगदगुरुम् ॥

મો. ૯૬૩૮૦ ૫૯૫૨૭, કલોલ

■ ■ ■

(અનુ. ૪૩ પેઈજનું ચાલુ) **ખેતી નહીં,... તો સિમેંટ -**

**ઉદાહરણ મોજુદ જ છે :**

તાજેતરની માર્ચ-૨૦૨૦ ની જ વાત કરીએ. આખાએ વિશ્વમાં મહામારી ''કોરોના'' એ જે ભરડો લીધો-તેમા આપણો ભારત દેશ પણ બાકાત ન રહ્યો. દેશના મહાનગરો, શહેરો કસબા અને ગામડાંઓ સુધી ભારતના વડાપ્રધાન મોદીજીએ ૨૧ દિવસ માટે ''લોકડાઉન'' જાહેર કર્યું ત્યારે સોના-રૂપા-હિરા કે ઝર ઝવેરાત તો શું લોખંડ, સીમેંટ, પ્લાસ્ટીક અને કાચ જેવી પેદાશો ઉત્પન્ન કરતા મોટી મોટી મીલો અને ફેક્ટરીઓની બધી પેદાશો એકબાજુ રહી ગઈ અને કૃષિકારોએ પકાવેલ અન્ન, શાકભાજી, કઠોળ, તેલબિયાં, ફળો, મસાલા અને દૂધ જ માણસોના જીવન ટકાવવા ભેરે ચડ્યાં ! આવી જીવન જરૂરિયાતની ચીજો પકાવનાર ''અન્નદાતાઓ''ની જ સમજ જે રીતે અવહેલના કરી રહ્યો છે એ શું બરાબર છે ?

**આમ સમાજે ખેતીનું ગૌરવ ઘટાડ્યું છે :**

લાલબહાદુર શાસ્ત્રી ભલે ''જય જવાન - જય કિસાન'' કહેતા ગયા પણ દેશની ધૂંસરીએ જૂતીને ગાંડુ હાંકતા આ સપૂતોને ગૌરવ ક્યારેય પ્રાપ્ત થયું નથી એ હકિકત સ્વિકારવી પડે એવું છે. હજારો વર્ષોથી ''ખેતી'' એ ભારતનો મુખ્ય વ્યવસાય રહ્યો છે. કુલ વસ્તીના ૮૦% તો ગામડાંઓમાં રહે છે. અને ૬૦% જેટલા તો જમીન અને ખેતી પર જ ગુજારો કરતા હોવા છતાં આ ધંધો જાણે ''હલકો ધંધો છે'' એવી જ માનસિકતા અન્ય લોકોમાં ઘર કરી ગઈ છે. જેના પરિણામે ખેતી કરનારા જાણે-જુનવાણી છે, મજુરિયા ગણાયા, ધૂળ હારે બથોડા ભરનારા ગંદા-હલકા લોકો છે. કોઈ ભણેલ ગણેલ જુવનિયો ખેતી કરવાની ઈચ્છા ધરાવે અને હજું કુંવારો હોય તો એની સાથે લગ્ન કરવા કોઈ છોકરી દેવા તૈયાર નથી બોલો ! આ સ્થિતિ છે આમ સમાજની માનસિકતાની. આ જોઈને તો કોઈ ખેતી વિષયમાં સ્નાતક સુધી ભણેલ જુવાન પણ ખેતી કરવાની ઈચ્છા કરી શકતો નથી અને પરાણે શહેર તરફ ઢસડાવું પડે છે.

એટલે ખેડુતોના હયાત વડવા-વડીલો સૌ એવું જ વિચારતા થઈ ગયા છે કે ''અમે તો આખી જિંદગી ''અન્નદાતા''નો રોલ ભજવતા છુટકારો ઈચ્છીએ છીએ. અને છોકરાઓ ! તમને પણ ''સન્માન'' જેવી ચીજ ન હોય તેવો આ ધંધો કરવા દેવો નથી. તમે શહેર ભેળા થાવ. હીરા ઘસો, સંચા ચલાવો, કરિયાણું વેચો, માર્કેટમાં દલાલી કરો, ચાની કેબીન કરો કે અનાજ દળવાની ઘંટી ભલેને કરો, અરે! ચોરી કરવા સિવાયનું જે કરવું હોય એ કરો પણ ખેતી હવે તમને અમારે કરવા દેવી નથી. અન્ય ધંધામાં ઓછું મળે તો ઓછું વાપરજો, એક ટંક ઉપવાસ કરજો, પણ ખેતી કરવાનું કદિ નામ સુધ્ધાં લેશો નહી. આવું કડક વલણ ખેડૂત વડીલોનું થઈ ગયું છે.

એટલે સમાજ અને સૌએ ખેતી અને ખેડૂતો પ્રત્યે આંખ આડા કાન કરી ઓરમાયુ વર્તન ચાલુ રાખ્યું છે તો પછી ખેતી બંધ થઈ જ સમજશો અને પછી કારખાનામાં બનતી જણસો જેવી કે લોખંડ, સીમેંટ, પ્લાસ્ટિક અને કાચનો સામાન ખાવાની તૈયારી રાખવા સિવાય છૂટકો નહીં રહે મિત્રો !!

મો. ૯૩૨૭૫ ૭૨૨૨૭

## ધર્મ સૃષ્ટિ



**પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈ**
લેખક ચિંતક, સાહિત્યકાર, કોલમિસ્ટ અને સરકાર દ્વારા 'પદ્મશ્રી' એવોર્ડથી વિભૂષિત છે.

# ગંગોત્રીની ખોજ

પરમનો સ્પર્શ પામવા ઈચ્છતા સાધકના ચિત્તમાં હવે પ્રશ્ન જાગે કે પહેલાં સિદ્ધિનું લક્ષ રાખવું અને પછી સાધના કરવી કે પહેલાં સાધના કરવી અને જે કંઈ મળે તે સ્વીકારવું ? પહેલાં પ્રાર્થના અને પછી પ્રાપ્તિ કે પહેલા પ્રાપ્તિનું આયોજન અને પછી એ સિધ્ધ કરવા માટેની પ્રાર્થના ? સાધના હોય કે પ્રાર્થના, પરંતુ અને પહેલું પગથિયું એ છે કે પરમ તત્વ તમારી પાસે જે ઈચ્છે અને વિશેષ તો જેનો સર્વથા ત્યાગ કરવાનું કહે તે તમે ત્યજી શકશો ખરા? જીવનભર સ્વયંસ્વીકૃત કાર્યોમાં ગળાડૂબ રહ્યાં. પોતાની ઈચ્છાઓ, અપેક્ષાઓ, સંકલ્પો અને આગ્રહો - એ જ સર્વ કાર્યનું એકમેવ કેન્દ્રબિંદુ હતું. હવે પરમના આદેશને કારણે એ ત્યજવાની તાકાત તમારામાં છે ખરી ?

'શ્રીમદ્ ભગવદગીતા'માં કહ્યું છે કે મનના સંકલ્પ છોડ્યા વિના કોઈ યોગી થઈ શકતું નથી. વ્યક્તિ સદૈવ પોતાના મનના સંકલ્પથી દોરાઈને ચાલતી હોય છે. હવે એ સંકલ્પ છોડવા શક્ય છે ખરા ? ભૌતિક સંકલ્પોને આધ્યાત્મિક ભાવોમાં પરિવર્તિત કરવા માટે એક મોટી છલાંગ મારવી પડે છે. આ છલાંગ એવી છે કે જ્યાંથી તમે છલાંગ મારો છો ત્યાંનું સઘળું સંપૂર્ણપણે ત્યજી દેવું પડે છે. ભૌતિકતા માટેની લાલસા અને આકર્ષણ છોડીને આધ્યાત્મિકતાના ગગનમાં ઉડ્ડયન કરવા માટે પાંખો ખોલીને ઊંચે જવાનું છે.

વ્યક્તિગત જીવનમાં અવારનવાર પરમનો સ્પર્શ થતો હોય છે, પણ ઝબકારો થાય અને બુઝાઈ જાય એવો ક્ષણિક ઝબકારો હોય છે. પ્રિયજનના મૃત્યુની ઘટના બને અને સંસારત્યાગનો ભાવ એકાએક જાગે છે; કોઈ સંતનો સત્સંગ થાય અને એ સમયે આધ્યાત્મિક જીવન જીવવાની ખેવના થાય છે; પરંતુ આ બધું પવનની વેગીલી લહેરની માફક આવીને વહી જાય છે. એ ક્ષણિક હોય છે અને એ વિરલ ક્ષણને સાચવીને જીવનપર્યંત જાળવનારા વિરલા હોય છે. જે એ ક્ષણને પકડી લે છે એ જ આધ્યાત્મ તરફ ગતિ કરે છે અને જ વ્યક્તિ પરમના અણસારને આત્મસાત્ કરી શકે છે. અખા ભગતને એક અનુભવ થયો અને એના ઝબકારે સમગ્ર જીવન પલટાઈ ગયું. પણ આપણે તો જીવનમાં ઈશ્વરને બહાના તરીકે કે પ્રસિધ્ધિના માધ્યમ તરીકે રાખીને આપણા અહમ્‌ના પોષણ-સંવર્ધનનું કાર્ય કરીએ છીએ. કોઈ વ્યક્તિ એમ કહે કે 'મેં કોઈએ નથી કર્યું તેટલું તપ કર્યું', અથવા તો 'મેં ધર્મનું અજોડ આચરણ કર્યું' ત્યારે એના પ્રચ્છન્ન અહંકારને જોઈને ઈશ્વર હસતા હશે ! કોઈ એમ કહે કે 'તમે આટલું તપ કર્યું,' ત્યારે સ્વાભાવિક રીતે જ વ્યક્તિને અહંકાર આવે અથવા તો કોઈ એમ કહે કે 'તમે આટલા વિપુલ પ્રમાણમાં દાન કર્યું', તો સ્વાભાવિક રીતે જ દાનનો અહંકાર આવે; પરંતુ જૈનદર્શનમાં વ્યક્તિ એના ઉત્તરમાં કહે છે કે આ બધું તો 'દેવ, ગુરુ, ધર્મ પસાયે' થયું છે. 'તમે કેમ છો ?' એમ પૂછીએ તો એમ કહે કે 'દેવ, ગુરુ, ધર્મ પસાયે' અમે આનંદમાં છીએ. આનો અર્થ એ કે અમે કશું કર્યું નથી. જે કંઈ કર્યું છે તે દેવ, ગુરુ અને ધર્મને કારણે છે. અમારાં સઘળાં સુકૃત્યો દેવ, ગુરુ અને ધર્મને સમર્પિત છે. એમની કૃપા વડે જ આ સઘળું શક્ય બન્યું છે. પોતાના ધર્મકાર્ય પાછળ સ્વ-શક્તિ કરતાં દેવ અને ગુરુ પ્રત્યેની ભક્તિ અને ધર્મ પ્રત્યેની શ્રધ્ધા કારણભૂત છે. એના વિના કશુંય શક્ય નહોતું.

આવું સર્વસ્વનું સમર્પણ આદિકવિ ભક્ત નરસિંહ મહેતાના જીવનમાં પ્રગટ થાય છે અને એ જ ગુરુ તેગબહાદુરની વીરતામાં દૃશ્યમાન છે. આનો અર્થ જ એ કે ઈશ્વરની ઈચ્છા જાણવી અને પછી એમાં લીન થઈ જવું. એ સચરાચરમાં વ્યાપ્ત છે. જગતનું કોઈ પણ સ્થળ એના વિહોણું નથી. વળી જે ઈશ્વર બ્રહ્માંડમાં સર્વત્ર વ્યાપ્ત છે, તે જ ઈશ્વર જીવમાત્રમાં રહેલો છે. ઈશ્વરની વ્યાપકતાનો અનુભવ કરનાર જ ઈશ્વર પ્રતિ પૂર્ણ સમર્પતિ થઈ શકે છે, આથી જ 'ઈશાવાસ્યોપનિષદ'માં કહ્યું છે:

ईशावाश्यमिंद सर्वं यत्किंचित्‌जगत्यां जगत ।
तेन त्यक्तेन भुंजीथाः मा गृधः कस्यचिद्धनम्‌ ॥

માનવીનાં કર્મોની દુનિયા પણ જોવા જેવી છે. ક્યારેય કોઈ નિરાંતની ક્ષણે આપણે આપણાં કર્મોનું કાર્યોનું શાંત ચિત્તે અવગાહન કર્યું છે ખરું ? કાર્ય માનવીને માત્ર સપાટી પર રાખે છે. કાર્ય વિશેનો વિચાર જ એના હેતુ કે મર્મ સુધી લઈ જાય છે. મોટા ભાગની વ્યક્તિઓ કાર્યની સપાટી પર સતત તરતી કે બાથોડિયાં ભરતી હોય છે. એક પછી એક કાર્યની અવિરત પરંપરા સર્જે છે. કાર્ય વિના એ બેચેન બને છે. કાર્ય એ જ એના જીવનનો પ્રાણવાયુ. પરંતુ એ કાર્ય પાછળના મર્મ, હેતુ કે પ્રયોજન વિશે ભાગ્યે જ વિચારતી હોય છે.

સતત ફરતા ચગડોળની માફક એની કાર્યશીલતા ગતિ કરતી હોય છે. એ ચગડોળ થંભે તો જ એ આખા ચગડોળને ધારણ કરતા વચ્ચેના થાંભલાને જોઈ શકે છે. પ્રવૃત્તિના ચગડોળમાં ઘૂમતો માનવી પ્રવૃત્તિના પ્રયોજનને ભાગ્યે જ યાદ કરે છે અને યાદ કરે ત્યારે પણ એ કાર્યનો પોતાના ઊર્ધ્વ જીવન સાથેના અનુબંધનો કોઈ વિચાર કરતો નથી. આ કાર્ય મારા જીવનના ઉચ્ચ પ્રયોજનને કઈ રીતે ઉપકારક બનશે કે પરમાત્મા પ્રત્યેની ગતિમાં કેટલું સહાયક બનશે એના સ્વપ્નેય ખ્યાલ કરતો નથી.

જિંદગીભર સપાટી પરનાં સ્થૂળ કાર્યો કરીને થાકી ગયેલા, હારીને હતાશ થયેલા, જીવતાં છતાં નિષ્પ્રાણ માનવીઓનો કોઈ સુમાર નથી. એમના કાર્યનું ચક્ર થંભે અને એમાંથી નિવૃત્ત થવાની પરિસ્થિતિ જાગે, ત્યારે જીવનમાં ધરતીકંપ સર્જાતો હોય છે. ગઈ કાલ સુધી જે મહાસાગરમાં રાતદિવસ મહાલતા હતા, એ આખોય પ્રવૃત્તિનો મહાસાગર નિવૃત્ત થતાં

# ધર્મ સૃષ્ટિ

અંતર્ધાન થઈ જાય છે, પછી કરવું શું ? બેંકમાં નોકરી કરતો ક્લાર્ક કે કંપનીના ઊંચા હોદ્દે રહેલા સેક્રેટરી કે સરકારી ખાતાના ઉચ્ચ અમલદારની નિવૃત્તિ પછીના દિવસનો વિચાર કરજો. એનું આખું જગત શૂન્ય થઈ જાય છે. નિષ્કર્મણ્યતા એને ઘેરી વળે છે અને એ અનુભવે છે કે અત્યાર સુધી નજર સામે જે રંગીન, આકર્ષક ચલચિત્ર જોતો હતો તે આખુંય રંગીન ચલચિત્ર એકાએક અદૃશ્ય થઈ ગયું. આજ સુધી ઘર અને સમાજમાં આદર-સન્માન મળતાં હતાં, તે અનાદર અને ઉપેક્ષામાં પલટાવા લાગ્યાં છે.

પોતાના કર્મોનો હિસાબ કરનારી વ્યક્તિ પૂર્વકર્મના ચોપડા તપાસશે તો એને ખ્યાલ આવશે કે કેટલાંક કર્મ કે કારસ્તાન વ્યક્તિ પોતાની પત્ની અને પરિવારને માટે થઈને કરે છે. કેટલાંક કાર્ય મિત્રો અને પરિચિતોને ગમે તે પ્રકારનાં અને તેમને ખાતર કરે છે. ઘણા સાથી કાર્યકર્તાઓમાં પોતાનો આગવો પ્રભાવ પડે એવા કાર્યો પણ કરતાં હોય છે. આ રીતે આ બધાં કર્મો અન્ય વ્યક્તિ-અપેક્ષિત હોય છે અને તેથી એ અન્યલક્ષી અને બાહ્ય હોય છે. પોતાના આત્માના કલ્યાણ ખાતર કરેલાં કર્મોની વાત તો દૂર-સુદૂરની ગણાય, પણ માત્ર નિજાનંદ ખાતર કરેલાં કર્મો કેટલાં તે પણ વિચારવું જોઈએ.

એક અન્ય પરિસ્થિતિનો પણ વિચાર કરવો જોઈએ. આપણાં ઘણાં કાર્યોની મૂળ પ્રેરણા સદ્‌વૃત્તિને બદલે દુર્વૃતિ હોય છે. એ દુર્વૃત્તિને કારણે રાવણના પરાજય માટે રામને લંકા પર વિજય મેળવવા જવું પડ્યું અને કૌરવોને હરાવવા પાંડવોને કુરુક્ષેત્રની રણભૂમિ પર મહાભારત ખેલવું પડ્યું.

તમારી આસપાસના કોઈ એક માણસને 'સેમ્પલ' તરીકે રાખીને જુઓ. એનાં કાર્યોનો વિચાર કરો અને પછી એ કાર્યો પાછળની એની વૃત્તિનો વિચાર કરો. આમ કરશો તો ખ્યાલ આવશે કે કેટલીક વાર કોઈ વ્યક્તિના આચાર, વિચાર અને ઉચ્ચારણની પાછળ દ્વેષ અને ઈર્ષ્યા કારણભૂત હોય છે. કોઈ પણ અભિપ્રાય આપતી વખતે આ જ વૃત્તિ સપાટી પર તરી આવે છે. જો તમને એના પ્રત્યે દ્વેષ હશે તો એની સારી વાત સ્વીકારવા પણ રાજી નહીં થાઓ. એની સિદ્ધિની ઈર્ષ્યા હશે તો તમારા અવાજમાં ઉમળકાને બદલે થોડી ઉપેક્ષા હશે. શક્ય હોય તો એ યશસ્વી સિધ્ધિ મેળવનારી ક્ષતિ કે સિધ્ધિની અર્થહીનતા કહેવા લાગશો. કેટલાંક કામ વ્યક્તિ કટુતાથી કરતી હોય છે, તો કેટલાંક તિરસ્કારથી કરતી હોય છે. ક્યારેક કોઈ કામ વેર કે બદલાની ભાવનાથી તો કોઈ દુશ્મનાવટને કારણે કરે છે.

મોટા ભાગનાં કાર્યોની પાછળ વ્યક્તિની દુર્વૃત્તિ કાર્યરત હોય છે. કાર્યના ઉદ્દીપનનું નિમિત્ત આ વૃત્તિ હોય છે અને એ વ્યક્તિને કાર્યગામી બનાવે છે અને એ પ્રમાણે વ્યક્તિ આચરણ કરે છે. દુર્યોધન, શકુનિ, દુ:શાસનના પ્રત્યેક કાર્યની પાછળ એમની આ વૃત્તિ રહેલી છે. મંથરાના કાર્યની પાછળ એની ચડવણી કરવાની વૃત્તિ જ કારણભૂત હતી અને દશરથના પતનની પાછળ એમની કામવૃત્તિ જવાબદાર હતી.

ચાલો, હવે મૂળમાં ઘા કરીએ અને આ મૂળ છે કાર્ય પાછળનું પ્રયોજન તપાસવાની જાગૃતિ; ગંગાના મૂળમાં રહેલી ગંગોત્રીની ખોજ. જો વ્યક્તિ પોતાનું પ્રયોજન પહેલાં જોશે તો એના જીવનમાંથી ઘણી વ્યર્થ, નકામી ને બિનજરૂરી પળોજણ દૂર થઈ જશે. જો એ કાર્યની પાછળનો હેતુ સદ્‌વૃત્તિ હોય, તો એ સદ્‌વૃત્તિનાં બીજમાંથી સેવા અને કરૂણાનું વટવૃક્ષ ખીલશે. કાર્ય પાછળનો સદ્‌હેતુ એ 'સ્વ'ને માટે અન્યને માટે સુખદાયી નીવડે છે. માટે પહેલાં હેતુની તપાસ કરો, પ્રયોજનની જાણ મેળવો એ પછી કાર્ય કરો. કેટલીક વ્યક્તિઓનું જીવન રગશિયા ગાડાની માફક ચાલતું હોય છે. આવી વ્યક્તિઓનું કદાચ તમે પૂછો તો એમના જીવનનો તો શું, કિંતુ એમના જીવવાનો પણ કોઈ હેતુ એમની પાસે હોતો નથી. આવા પાર વિનાના પ્રમાદી જોવા મળશે. શેરી, ઓટલા કે બગીચામાં બેસીને ટોળટપ્પાં લગાવતા, મોટી મોટી બડાશો હાંકતા અને કશું અર્થપૂર્ણ કાર્ય ન કરનારા આ લોકો છે. આ માત્ર શરીરથી જ નહીં, કિંતુ મનથી પણ પ્રમાદી હોય છે. આ પ્રમાદને કારણે માનવીની અંદરનો માનવી નિષ્પ્રાણ અને ચેતનહીન બનીને મરવાને વાંકે જીવતો હોય છે. એની પાસે કોઈ પ્રયોજન જ હોતું નથી.

કેટલીક વ્યક્તિઓનાં કાર્યોની ચિકિત્સા કરો તો ખ્યાલ આવશે કે એમને જગતમાં સર્વત્ર ખોટું, ખરાબ અને નકારાત્મક દેખાતું હોય છે. તેઓ નિરાશા, હતાશા અને નિષ્ફળતાને કારણે કટુ સ્વભાવ ધરાવતા બની ગયા **હોય છે** તે સાચું, પણ સમય જતાં એ 'નેગેટીવ' બાબતો જોઈને એની સતત અને સખત ટીકા કરીને એ પોતે કશું 'પોઝિટિવ' કરતા નથી. નોકરી મેળવવા માટે એકાદ સ્થળે લાગવગ ચાલતી જોઈને એ નોકરી ઈન્ટરવ્યૂ તરફ તિરસ્કાર ધરાવતો થઈ જાય છે. ગ્રેજ્યુએટની પરીક્ષામાં અણધાર્યાં કારણોસર નિષ્ફળતા મળતાં એ અભ્યાસ છોડી દે છે અને જીવનભર પોતાના કડવા, દુ:ખદ કે આઘાતજનક અનુભવોનાં ગાણાં ઠેર ઠેર ગાતો ફરે છે.

અનુભવની મજા એ છે કે પોઝિટિવ કે સકારાત્મક અનુભવો વ્યક્તિ એના મનમાં દોહરાવ્યે જાય તો એનો અભિગમ સકારાત્મક બનતો હોય છે, જ્યારે નકારાત્મક અનુભવ ધરાવનારે એના જીવનમાં અવરોધરૂપ બનનારી પરિસ્થિતિનો મૂળભૂત વિચાર કરવો જોઈએ. કઈ રીતે હતાશા, નિરાશા અને નકારાત્મકતાને દૂર હડસેલી શકાય ?

જેમ હેતુ વિનાની વ્યક્તિ નિષ્ફળ જાય છે, એમ ખરાબ આશય ધરાવનારી વ્યક્તિ પણ અંતે નિષ્ફળ જાય છે. ખરાબ આશયથી પાછળ ખોટું પ્રયોજન હોય છે. મૂળે તો એ ખોટું પ્રયોજન ઘણું અનિષ્ટકારક ગણાય છે. આમા સમગ્રતયા જોઈએ તો માનવીનાં કાર્યો જુદા જુદા પ્રયોજનોથી પ્રેરિત હોય છે. આમાં ભાગ્યે જ કોઈ કાર્ય ઈશ્વરની પ્રસન્નતા પામવાના પ્રયોજન પર થયું હોય છે. જ્યારે પ્રયોજન ન હોય, પ્રયાસ ન હોય, એ માટેનું કોઈ કાર્ય ન હોય ત્યારે કઈ રીતે આપણે એમ કહી શકીએ કે ઈશ્વરની મરજી પ્રમાણે અમે જીવીએ છીએ. શું આ એક આત્મવંચના કે પોતાની જાત સાથેની આત્મવિનાશક છેતરપિંડી નથી ? ■

# ધી મહેસાણા અર્બન કો.ઓપ.બેન્ક લિમિટેડ

**(મલ્ટી સ્ટેટ શિડ્યુલ્ડ બેન્ક)**

**: હેડ ઓફિસ :**

અર્બન કોર્પોરેટ બિલ્ડીંગ, હાઈવે, મહેસાણા-૩૮૪૦૦૨, ફોન : (૦૨૭૬૨) ૨૫૭૨૩૩, ૨૫૭૨૩૪

E-mail: info@mucbank.com | Website : www.mucbank.com

## પ્રગતિનાં સોપાન (તા. ૩૧-૦૩-૨૦૨૪) અન ઓડિટેડ (ઓડિટ વર્ગ 'અ')

(રકમ રૂા. કરોડમાં)

| | | | |
|---|---|---|---|
| શેર ભંડોળ | : ₹ ૩૮૮.૭૮ | કામકાજનું ભંડોળ | : ₹ ૧૦૯૯૧.૫૦ |
| રીઝર્વ ફંડ | : ₹ ૧૦૦૦.૫૦ | ગ્રોસ નફો (૩૧-૦૩-૨૦૨૪) | : ₹ ૨૪૭.૯૬ |
| ધિરાણ | : ₹ ૬૧૧૭.૯૪ | નફો (૩૧-૦૩-૨૦૨૪) | : ₹ ૧૨૨.૯૫ |
| ડિપોઝીટ | : ₹ ૯૧૮૬.૭૦ | ડીવીડન્ડ (સાધારણ સભાની* મંજૂરીની અપેક્ષાએ) | : ૧૫%* |



58 શાખાઓ

### થાપણનાં વ્યાજના દર (તા. ૨૧-૦૨-૨૦૨૩ થી અમલમાં)

| | | | |
|---|---|---|---|
| ૦૭ થી ૨૯ દિવસ સુધી | : ૩.૭૫% | ૧૨ માસ વધુ થી ૨૪ માસ સુધી | : ૭.૨૫% |
| ૩૦ થી ૯૦ દિવસ સુધી | : ૪.૨૫% | ૨૪ માસ વધુ થી પરંતુ ૩૬ માસ સુધી | : ૭.૭૫% |
| ૯૧ થી ૧૮૦ દિવસ સુધી | : ૫.૦૦% | ૩૬ માસ થી વધુ પરંતુ ૬૦ માસ સુધી | : ૭.૫૦% |
| ૧૮૧ થી ૩૬૪ દિવસ સુધી | : ૬.૦૦% | ૬૦ માસ થી વધુ પરંતુ ૧૨૦ માસ સુધી | : ૭.૫૦% |
| ૧૨ માસ સુધી | : ૬.૭૫% | સેવિંગ્સ ડીપોઝીટ ઉપર મળવા પાત્ર વ્યાજ | : ૩.૭૫% |

સીનીયર સીટીઝન ખાતેદારને ૦.૫% વધારે વ્યાજદર ● સુપર સીનીયર સીટીઝન(૭૫ વર્ષ પૂર્ણ કરેલ હોય તેવા) થાપણદારોને સીનીયર સીટીઝન ખાતેદાર કરતા ૦.૧૦% વધારે વ્યાજ દર

**1,16,646 સભાસદો**

## અર્બન બેન્કની વિવિધ સેવાઓ

(૧) કોર બેન્કીંગ સુવિધા તમામ ૫૮ શાખાઓમાં
(૨) ATPAR ચેકબુક ફેસીલીટી, ATM તથા SMS ની સુવિધા
(૩) RTGS, NEFT તથા NACH ફંડ ટ્રાન્સફરની સગવડ
(૪) બેન્ક ગેરંટી તથા LC ઈસ્યુ
(૫) ૧૦ શાખાઓમાં સ્ટેમ્પ ફ્રેન્કીંગ તથા ૨૮ શાખાઓમાં લોકર સુવિધા
(૬) સ્થાપના વર્ષથી જ સતત ૪૦ વર્ષથી નફો કરતી બેંક
(૭) સેવિંગ્સ-કરંટ ખાતેદાર તથા બેન્કના સભાસદોને રૂા. ૫ લાખનો અકસ્માત વિમાનો લાભ વિના મૂલ્યે
(૮) બીજી બેન્કોના ATM સેન્ટરથી નાણા ઉપાડવાની સગવડ
(૯) મોબાઈલ, ઈન્ટરનેટ તેમજ વોટસએપ બેન્કીંગ સુવિધા
(૧૦) કરન્સીચેસ્ટ, પબ્લીક ઈસ્યુ ભરવા માટે ASBA ફેસીલીટી, DEMAT સુવિધા

| | | |
|---|---|---|
| **શ્રી કે.કે.પટેલ**<br>ચેરમેન | **શ્રી જી.કે.પટેલ**<br>વાઈસ ચેરમેન | **શ્રી એમ.એસ.પટેલ**<br>ચીફ એક્ઝીક્યુટીવ |

### બોર્ડ ઓફ ડિરેક્ટર્સ

શ્રી ચંદુભાઈ આઈ. પટેલ
શ્રી નરોત્તમભાઈ એસ.પટેલ
શ્રી ઘનશ્યામભાઈ કે.પટેલ
શ્રી ઉપેન્દ્રભાઈ કે.પટેલ
શ્રી લક્ષ્મણભાઈ એસ.વણકર
શ્રી ખોડાભાઈ એન.પટેલ
શ્રી જીતેન્દ્રભાઈ પી.પટેલ
શ્રી અમૃતભાઈ જી.પટેલ
શ્રી અલ્કેશભાઈ બી.પટેલ (C.A.પ્રો.ડીરેક્ટર)
શ્રી સોમાભાઈ બી.પટેલ (પ્રો.ડીરેક્ટર)
શ્રી ડૉ.અનિલભાઈ ડી.પટેલ
શ્રી ભાઈલાલભાઈ એમ.પટેલ
શ્રી વિનોદભાઈ બી.પટેલ
શ્રી અશોક કુમાર (એડીશનલ ડાયરેક્ટર-આર.બી.આઈ.)
શ્રી કાનજીભાઈ એસ.પટેલ
શ્રીમતી કોકીલાબેન એન.પટેલ
શ્રીમતી દીપીકાબેન આર.પટેલ

**તેમજ સમગ્ર અર્બન બેન્ક પરિવાર...**

**ઉત્તમ, ઝડપી, વિનયી, ગ્રાહક સેવા એજ અમારો ધ્યેય**

## કવર સ્ટોરી



**પ્રો. ડો. જે. એમ. પનારા**
પૂર્વ પ્રિન્સિપાલ - કણસાગરા મહિલા કોલેજ - રાજકોટ
પૂર્વ NSS કો-ઓર્ડિનેટર, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી

# રઘુવંશના સર્વગુણ સંપન્ન પ્રભુ શ્રીરામ

**भये प्रगट कृपाला दीनदयाला, कौशल्या हितकारी ।**
**हरषित महतारी मुनिमन हारी, अद्‌भूत रुप विचारी ॥**

◆ **જીવનમાં રામનું સ્થાન :** શ્રીરામ એ ભગવાન વિષ્ણુનો સાતમો અને સૌથી લોકપ્રિય અવતાર છે. હિંદુ ધર્મની રામકેન્દ્રી પરંપરાઓમાં તેમને સર્વોચ્ચ માનવામાં આવે છે. કૌશલ સામ્રાજ્યની રાજધાની અયોધ્યામાં કૌશલ્યા અને રાજા દશરથને ત્યાં ચૈત્ર સુદ નવમીએ મધ્યાહ્નના સમયે રામનો પ્રાદુર્ભાવ થયો હતો. યુગયુગાંતરથી ધર્મની સ્થાપના તથા ઋષિમુનિઓના રક્ષણ માટે ભગવાન પૃથ્વી પર મનુષ્યરૂપે અવતાર લે છે. અધર્મ અને રાક્ષસોના ત્રાસથી લોકોને મુક્ત કરવા માટે ભગવાન વિષ્ણુએ અનેક અવતાર ધારણ કર્યા છે. તેમાંનો એક અવતાર એટલે ભગવાન શ્રીરામ. વિષ્ણુના દસ અવતારો પૈકી શ્રી રામ અવતાર પણ શ્રેષ્ઠ છે. પ્રભુ શ્રી રામ સામાન્ય માણસની જેમ જ જીવ્યા અને લોકોને જીવન જીવવાની કળા બતાવી. યુગો-યુગોથી માનવ તેની પૂજા કરતા આવ્યો છે. આપણી આસ્થા અને શ્રધ્ધાનું બીજું નામ રામ છે. રામ એ ભારતના લોકોના હદય સમ્રાટ છે. "રામ રાખે તેને કોણ ચાખે" અને "રામ રાખે તેમ રહીએ" આ શબ્દો ઘર-ઘરમાં રમે છે. વૈદિક સંસ્કૃતિમાં રામનું સ્થાન અદ્વિતીય છે. વ્યક્તિ જિંદગીની યાત્રા પૂર્ણ કરી સ્વધામે જાયા ત્યારે પણ સ્મશાને જતાં લોકો બોલો છે "રામ બોલો ભાઈ રામ".

ભગવાન શ્રી રામ હિંદુ ધર્મના એક મહાન નાયક અને એક આદર્શ અવતાર છે. તેઓ ધર્મ, સત્ય અને ન્યાયના મૂર્તિમંત સ્વરૂપ છે. વાલ્મીકિ કૃત 'રામાયણ' અને ગોસ્વામી તુલસીદાસ કૃત "રામચરિત માનસ" માં તેમના જીવન ચતિત્ર અને મહાનતા વિશે વિશદ્ વર્ણન કરવામાં આવ્યું છે. શ્રી રામ માત્ર હિંદુઓ માટે જ નહિં, પરંતુ સમગ્ર માનવજાત માટે આદર્શ છે. કેવળ ભારતમાં જ નહીં પણ સમગ્ર વિશ્વવમાં શ્રી રામના નામનો પ્રભાવ અદ્‌ભુત છે.

◆ **શ્રી રામનું બાળપણ :** રામને ત્રણ ભાઈઓ લક્ષ્મણ, ભરત અને શત્રુઘ્ન હતા. આ ચારેય ભાઈઓએ પરસ્પર પ્રગાઢ સ્નેહ અને ભાઈચારાનું જીવંત ઉદાહરણ પુરું પાડ્યું છે. વશિષ્ઠ અને વિશ્વામિત્ર જેવા ઋષિઓના માર્ગદર્શન હેઠળ તેમણે બાળપણથી જ શાસ્ત્રો અને શસ્ત્રવિદ્યામાં પ્રવિણતા મેળવી હતી. જ્યારે વિશ્વામિત્ર ઋષિ તેમના આશ્રમને રાક્ષસોના ઉપદ્રવથી બચાવવા માટે રામ અને લક્ષ્મણને લઈ ગયા ત્યારે શ્રી રામે તાડકા, સુબાહુ તથા અન્ય દાનવાનો સંહાર કર્યો. આ ઘટના દર્શાવે છે કે તેઓ બાળપણથી જ પરાક્રમી અને ધર્મના રક્ષક હતાં.

◆ **સીતા સ્વયંવર અને વિવાહ :** જનકપુરીમાં રાજા જનક દ્વારા યોજાયેલ સીતા સ્વયંબરમાં ઋષિ વિશ્વામિત્ર તેમને લઈ જાય છે. સ્વયંવરમાં ભગવાન શિવના ધનુષ્યને ઉઠાવીને તોડનાર શ્રી રામ સાથે દેવી સીતાનો વિવાહ સંપન્ન થાય છે. આ પ્રસંગમાં શ્રી પરશુરામ સાથે થયેલી તેમની મુલાકાત પણ પ્રભાવશાળી છે. શ્રી રામની શાંત, મર્યાદિત અને સન્માન જનક વાણી પરશુરામ જેવા ક્રોધી મુનિનું દિલ પણ જીતી શકે છે, આ ઉદાહરણ એક મોટો જીવનસંદેશ આપે છે.

◆ **શ્રી રામને વનવાસ :** રાજા દશરથ દ્વારા શ્રી રામને અયોધ્યાનું રાજપાટ સોંપવાનું નક્કી થયું. પરંતુ કૈકેયી રાણીએ પોતાના બે વચનોની માંગ કરી. પરિણામે ભગવાન રામને ચૌદ વર્ષ માટે અયોધ્યા છોડીને વનવાસના માર્ગે જવું પડ્યું. ભાઈ લક્ષ્મણ અને પત્ની સીતા પણ તેમની સાથે ગયા. શ્રી રામે પોતાની માતા કૌશલ્યા અને પિતા દશરથનો આદર રાખીને મૌનપણે આ નિર્ણય સ્વિકારી લીધો. તેમની આજ્ઞા પાળવાની ભાવના અને ત્યાગભાવી વ્યક્તિત્વ તેમને એક આદર્શ પુત્ર બનાવે છે. આ ઘટના આજના યુગ માટે એક પ્રેરણારૂપ છે, જ્યાં માતા-પિતા માટે ભક્તિ અને સન્માન ધીમે ધીમે ઘટતું જાય છે.

◆ **વનવાસ દરમિયાનની મહત્વપૂર્ણ ઘટનાઓ :** વનવાસ દરમિયાન શ્રી રામ, સીતા અને લક્ષ્મણ અનેક ઋષિમુનિઓને મળ્યા. અહલ્યા ઉદ્ધાર, શબરીને આશીર્વાદ અને અનેક રાક્ષસોના સંહારની ઘટનાઓ બને છે. વનવાસનો સૌથી કરૂણાપ્રેરક પ્રસંગ રાવણ દ્વારા સીતા હરણ છે. રાવણ દ્વારા મારિચ નામના દાનવને સુવર્ણ મૃગ બનાવી મોકલવામાં આવે છે. માતા સીતાને તે મૃગ જોઈને તેને લાવવાની ઈચ્છા થઈ. રામ અને લક્ષ્મણ મૃગને પકડવા ગયા અને તે દરમિયાન રાવણે માયાવી રૂપ ધારણ કરીને સીતા માતાનું અપહરણ કર્યું.

◆ **રાવણ સાથે યુદ્ધ અને વિજય :** સીતા માતાના અપહરણ પછી શ્રીરામ અને લક્ષ્મણજી, હનુમાનજી તથા સુગ્રીવને મળ્યા. વાનર સેના એકઠી કરી, રામસેતુ બાંધી અને લંકા સુધી પહોંચ્યા. લંકામાં ભયંકર યુદ્ધ થયું. અંતે રામે રાવણનો સંહાર કર્યો. ધર્મની જીત અને અધર્મનો નાશ થયો.

**અયોધ્યામાં પુનઃ પ્રવેશ અને રામરાજ્ય :-** રાવણના સંહાર પછી શ્રી રામ, સીતા માતા અને ભાઈઓ સાથે અયોધ્યા પરત ફર્યા. તેમના આગમન પર અયોધ્યાના નાગરિકોએ દીવડાં પ્રગટાવ્યાં. જે આજે ''દિવાળી ના પર્વ'' તરીકે ઉજવાય છે. અયોધ્યામાં તેમનું શાસન ''રામરાજ્ય'' તરીકે પ્રખ્યાત થયું, જ્યાં સમાનતા, શાંતિ અને સુખ-સમૃદ્ધિ હતાં.

## શ્રી રામના આદર્શ અને જીવન સંદેશ

શ્રી રામ માત્ર એક રાજા જ નહોતા, પરંતુ તેઓ એક સંપૂર્ણ માનવીય ગુણો ધરાવતું વ્યક્તિત્વ હતાં. તેમનું જીવન આપણને અનેક સંદેશ આપે છે. (૧) માતા-પિતાની આજ્ઞાનું પાલન કરી તેના આદેશનું ગૌરવ જાળવવું. (૨) ગમે તેવા વિપરીત સંજોગોમાં પણ ન્યાય અને સત્યના માર્ગ પર અડગ રહેવું. (૩) લક્ષ્મણ સાથે આદર્શ બંધુત્વ અને હનુમાન સાથે આદર્શ મિત્રતા જાળવી રાખી. (૪) પત્ની પ્રત્યે ભક્તિઃ સીતા માતાના સન્માન માટે રાવણ સામે યુદ્ધ લડે છે. (૫) પ્રજાપાલન અને સેવા : રામરાજ્ય એક શ્રેષ્ઠ શાસનનું ઉદાહરણ છે.

ભગવાન શ્રી રામચંદ્ર માત્ર એક પૌરાણિક પાત્ર નથી, પણ એક જીવનમંત્ર છે. તેમની મર્યાદા, તેમનો સત્યપ્રેમ તેમનું વચનપાલન, એક પત્નીવ્રત, કરુણા અને દયા આજના સમાજ માટે એક ઉત્તમ ઉદાહરણ છે. જો આપણે તેમના આદર્શોનું પાલન કરીએ, તો આપણા જીવનમાં સુખ, શાંતિ અને સમૃદ્ધિ પ્રસ્થાપિત થઈ શકે છે.

આદર્શ પુત્ર, આદર્શ પતિ, આદર્શ ભાઈ, આદર્શ મિત્ર અને આદર્શ રાજા કેવો હોય એનું સાક્ષાત ઉદાહરણ એટલે ''પ્રભુ શ્રી રામ'' ગુરુ, માતા-પિતા, સ્વજનો અને રાજ્યની પ્રજા અર્થાત્ રાષ્ટ્રની સેવામાં પોતાના જીવનને કેમ ઢાળવું તેનું પ્રત્યક્ષ ઉદાહરણ શ્રી રામ છે.

ધર્મમાં તત્પરતા, વાણીમાં મધુરતા, દાનમાં ઉત્સાહ, મિત્ર સાથે નિષ્કપટતા, ગુરુ પ્રત્યે નમ્રતા, આચારમાં પવિત્રતા, શાસ્ત્રોમાં નિપુણતા અને અનન્ય શિવ ભક્તિ એટલે જ રઘુપતિ રાઘવ રાજા રામ. મર્યાદાની સાક્ષાત પ્રતિમૂર્તિ એટલે શ્રી રામ.

ભારતમાં રામરાજ્યની કલ્પના એટલે કરવામાં આવે છે કેમ કે રામથી સારા રાજા આજ સુધી કોઈ નથી થયાં. અયોધ્યામાં સુખ, સમૃદ્ધિ, સંસ્કાર, શિક્ષણ અને સુવિધા હતી. રામ પોતાની સુવિધાથી વધારે પ્રજાના સુખ માટે કોશિશ કરતાં હતાં.

**મર્યાદા પુરુષોત્તમ શ્રી રામ :** ધર્મ અને મર્યાદાનું સાક્ષાત સ્વરૂપ એટલે શ્રી રામ. શાસ્ત્રમાં કહ્યું છે કે ''રામો વિગ્રવાન ધર્મઃ ।। '' અર્થાત, ધર્મ એ સ્વયં પ્રભુ શ્રી રામનું સ્વરૂપ છે. સુંદરકાંડમાં સમુદ્ર કહે છે ''પ્રભુ તમે ઈચ્છા કરત તો ક્ષણવારમાં મને સુકાવી શકતાં હતાં પરંતુ તમે મને ધીરજ, ધર્મ અને નીતિથી માર્ગ કરવા માટે સમય આપ્યો. આપની મર્યાદાને પ્રમાણ હજો.'' શ્રી રામે ક્યારેય પણ મર્યાદાનું ઉલ્લંઘન નથી કર્યું. પિતા સાથે, માતા સાથે, ભાઈ સાથે, મિત્ર સાથે, અતિથિ સાથે, પત્ની સાથે એટલે સુધી કે શત્રુ સાથે પણ વિવેક અને વિનયથી મર્યાદાનું પાલન કર્યું છે. તેથી જ તેમને મર્યાદા પુરુષોત્તમ તરીકે ઓળખવામાં આવે છે.

તેમણે સંસારમાં એક અદ્ભુત મર્યાદા સ્થાપિત કરી છે. દરેક જાતિના લોકો, ઉંચનીચ, ગરીબ-અમીર, રંક-રાજા, ગુરુ-શિષ્ય બધાં જ લોકોનો મર્યાદાના ભાવથી સ્વીકાર કર્યો છે. પોતાના શત્રુ રાવણને પણ મોક્ષ આપીને રાજ્યનો ઉત્તરાધિકારી વિભીષણને બનાવ્યો. જ્યારે અંગદ રામદૂત બનીને રાવણને સમજાવવા જાય છે. ત્યારે પ્રભુ અંગદને કહે છે કે, ''કારજ હમાર તાસુ હિત હોઈ'' અંગદ આપણું કાર્ય થાય અને તેનું હિત થાય તે રીતે રાવણને સમજાવજે, પ્રભુ શત્રુનું પણ સદૈવ હિત ઈચ્છે છે.

શ્રી રામે પિતાના વચન માટે રાજગાદીનો ત્યાર કરીને વનવાસનો સ્વિકાર કર્યો. ભાઈ ભરતના પ્રેમ માટે વનવાસ દરમિયાન અયોધ્યાની ગાદી પર ન ગયા. કૈકેયી માતાના વચન માટે વલ્કલ વેશ ધારણ કર્યો. સત્યવ્રતનું પાલન કરવા કદી પણ અસત્ય ન કહ્યું. ગુરુધર્મને શ્રેષ્ઠ ગણી સ્વયમ્ રાજકુમાર હોવા છતાં વિશ્વામિત્રની સેવા માટે પુષ્પો લાવતાં, મિત્રધર્મનો સ્વિકાર કરી સુગ્રીવ તેમજ વિભીષણના દુઃખોનો નાશ કર્યો. પોતાની વાણી દ્વારા કદી કોઈનું અપમાન ન કર્યું. નિર્બળ પર બળનો પ્રયોગ ન કર્યો. સદૈવ કષ્ટ સહન કરી મુખ પર હંમેશા સ્મિત રાખ્યું. મર્યાદા પુરુષોત્તમ શ્રી રામના જીવનમાંથી મનુષ્ય જાતિને શાશ્વત તથા સત્યનો જીવનપંથ સાંપડે છે. તેમણે મર્યાદાઓનું સ્વયં પાલન કરીને, આચરણ કરીને બતાવ્યું હતું.

**શ્રી રામ અને માનવતાધર્મ :** શ્રી રામચંદ્રજીનો અવતાર મનુષ્યોને આદર્શ માનવધર્મ સમજાવવા માટે થયો હતો. શ્રી રામનું સમગ્ર જીવન અનુકરણીય છે. વ્યવહારમાં રહીને તેમણે સ્વધર્મનું તથા માનવતાનું પૂર્ણ નિષ્ઠાથી પાલન કરી બતાવ્યું છે. મનુષ્યોચિત મર્યાદાઓની સાથે સાથે પોતાની અમાપ શક્તિઓનું દર્શન પણ કરાવ્યું.

શ્રી રામજીને કૈકેયીએ વનવાસ આપ્યો ત્યારે પણ તેના પ્રત્યે વેર ન રાખી નમ્રતાથી કહે છે ''મા ! મારો ભરત રાજા થતો હોત તો, ચૌદ વર્ષ

તો શું ? હું કામય માટે વનમાં રહેવા તૈયાર છું. ભરત કરતાંય મારા પર તમારો વિશેષ પ્રેમ છે. મને ઋષિમુનિઓનો સત્સંગ પ્રાપ્ત થાય, તેથી જ તમે મને વનવાસ આપ્યો છે.'' આવી ઉદાર માનવતા તો રામજી જ બતાવી શકે. રામજી એ કદિપણ કોઈનું દિલ દુભાવ્યું નથી.

વડીલોનું, ઋષિમુનિઓનું તથા ગુરુજનોનું આજ્ઞાપાલન રામજીએ નિષ્ઠાથી કર્યું. સેતુ બંધાતો હતો ત્યારે નાનકડી ખિસકોલીની સેવા સ્વિકારી પ્રેમની અધિકારી બનાવી હતી. વનવાસ જતાં જતાં પ્રજાજનોને કહ્યું હતું કે - ''મારા પિતા પ્રત્યે કોઈ કટુભાવ દાખવશો નહીં, તેમની સેવા કરજો.'' વિભીષણે શ્રી રામનું શરણ સ્વીકાર્યું. રામજીએ તેને લંકાનું રાજ્ય સોંપી દીધું. રાવણના મૃત્યુ પછી શ્રી રામે, વિભીષણને કહ્યું, ''રાવણ પ્રત્યે મારે કોઈ કટુતા નથી, તેના દાહ-સંસ્કાર માટે ઉચિત વ્યવસ્થા કરો.'' ક્રોધે ભરાયેલા પરશુરામ સામે પણ વિવેકપૂર્ણ વ્યવહાર કરે છે.

ભરતજી રામજીને વનમાંથી પાછા અયોધ્યા લાવવા માટે જાય છે ત્યારે વિશાળ સેના જોઈને લક્ષ્મણજીના મનમાં ભરતજી માટે શંકા જાગે છે, ત્યારે રામજી કહે છે ''લક્ષ્મણ ભરતને બ્રહ્મલોકનું રાજ્ય મળે તો પણ મદ આવે તેમ નથી. આ જગતમાં ભરત જેવો ભાઈ થયો નથી કે થવાનો પણ નથી.'' કોઈ પણ જાતના ભેદભાવ વિના શબરીના એઠા બોર પણ રામચંદ્રજી પ્રેમથી આરોગતા હતા. ત્રણ ત્રણ રાજ્યો મળ્યા છતાં રામજીએ ત્યાગ કરી દીધો. ભરતને અયોધ્યા, સુગ્રીવને કિષ્કિંધા અને વિભીષણને લંકાનું રાજ્ય સોંપી દીધું.

**શ્રી રામ કેમ ભૂલાતા નથી ? :** યુગો વીતી ગયા છે પણ રામ ભૂલાતા નથી. મોટા મોટા રાજા રજવાડાંઓ, સમ્રાટો ભૂલાઈ ગયા. મોટા દાતાઓ ભૂલાઈ ગયા, પણ રામ યાદ રહી ગયા ! રામને ભૂલવા દેતા નથી સંતો-સાધુઓ-કથાકારો. રામ કથાઓનો બહુ મોટો ફાળો છે. વસ્તુતઃ 'રામ' કોઈ એક ધર્મની માલિકી નથી, રામ કોઈ વ્યક્તિ નથી, રામ સમષ્ટિ છે. રામ એક તત્વ છે. રામ અને રાવણ એક વૃત્તિનું નામ છે. જ્યાં ધર્મ છે, સાંસ્કૃતિ છે, સંસ્કાર છે, આદર્શ છે, માનવતા છે.... ત્યાં રામ છે !

જગતમાં ઘણાં યુદ્ધો થયા, પ્રજા વિસ્થાપિત થઈ, ધર્મસ્થાનકો તૂટ્યાં, ધર્માંતરણ થયા, ગુલામ થયા, પણ રામ જીવે છે. સૌને હૈયે, રામ વસે થે ઘટ ઘટમાં ! આપણે છિન્ન-ભિન્ન થયાં, લૂંટાયા, વટલાયાં, દુર્બળ થયાં પણ આપણી પ્રજાનાં દિલના એક ખૂણામાં સાંસ્કૃતિનો, આધ્યાત્મિકતાનો દીવો પ્રજવલિત રહ્યો.

રામની પાસે કૃતજ્ઞતા, વિશાળતા અને ઉદારતાનો સંગમ હતો. તેથી જ તો વનવાસ પછી રામ અયોધ્યામાં પાછા ફરે છે ત્યારે સૌથી પહેલા માતા કૈકેયીના ચરણસ્પર્શ કરે છે. આ સમયે કૈકેયીની આંખો ઉભરાય છે, બોલી નથી શકતી, ત્યારે રામ તેનો સંકોચ દુર કરતા કહે છે 'મા' તમારી કૃપાથી મને ખુબ શીખવા મળ્યું. પિતાનો મારા પર કેવો અદ્‌ભુત પ્રેમ છે એ વનવાસ ગમન વિના શી રીતે જાણી શકાય ? લક્ષ્મણની શક્તિનો ખ્યાલ વનવાસમાં જ આવ્યો. ભરતની અનાસક્તિનો ખ્યાલ આવ્યો. સીતાનાં સતીત્વની ઝાંખી પણ તમારા થકી જ થઈ. તમે અરપાધ નહીં પણ ઉપકાર કર્યો છે. તમે ન હોત તો આજે 'રામ' રામ તરીકે ઓળખાતા ન હોત. રામ ગવાય છે, પૂજાય છે તેની પાછળનું કારણ આ છે. અને એટલે જ રામ નથી ભૂલાતા.

શ્રી રામજીના ચરિત્રના ગુણો માનવજાતને પ્રેરણાબળ આપતા રહ્યા છે. શ્રી રામજી તો સદ્‌ગુણોના સમુદ્ર હતા. આવા શ્રી **રામજીને હદય સિંહાસન ઉપર પધરાવી, તેમને ગમે તેવું પવિત્ર જીવન જીવવું, એ જ એમની ભક્તિ છે,** શ્રી રામજીએ બતાવેલું માનવતાપૂર્ણ જીવન જીવી બતાવી આપણે 'રામ રાજ્ય'ના અધિકારી બનવાનું છે.

''रोम रोम में राम बसाउं मैं, शुभ कर्मो की भेंट चढाउं मैं ।''

ભગવાન શ્રી રામજીના જે ગુણો છે એ ગુણો જો આપણા હદયમાં આવે તો જ સાચું રામરાજ્ય સ્થાપી શકાય. આપણી હૃદયરૂપી અયોધ્યામાં જો રામજી બેસે તો જ જીવન સાર્થક થાય. ભગવાન રામ આપણા હદય મંદિરમાં બિરાજે આપણને સૌને કૃતાર્થ કરે તેમજ આપણું જીવન ભક્તિ, જ્ઞાન અને અધ્યાત્મમય બને એ જ અભ્યર્થના.... શ્રી રામનવમીના આ પાવન પર્વે રઘુનંદન શ્રી રામના જીવનનું આપણે સ્મરણ કરીએ, વંદન કરીએ.

**राघवं रामचन्द्रं च रावणारिं रमायतिम् ॥**
**राजीव लोचनम् रामं तं वन्दे रघुनन्दनम् ॥**
**सीयराममय सब जग जानी । करुऊं प्रणाम जोरि जुग पानी ॥** (बालकांड)
**मंगल भवन अमंगलहारी, द्रवहु सो दसरथ अजिर विहारी ।**

## શિક્ષણ સૃષ્ટિ




**મૌલિક સોની**
માઈન્ડ ટ્રેનર એન્ડ લાઈફ કોચ
બેસ્ટ સેલિંગ લેખક અને મોટીવેશનલ સ્પીકર


# કંઈક બનવાનું નહીં, પરંતુ કંઈક કરવાનું સપનું જુઓ

**મૌલિક સોનીનો ટૂંક પરિચય :**

મૌલિક સોની માસ્ટર ટ્રેનર, માઈન્ડ પાવર કોચ, બેસ્ટ-સેલિંગ લેખક અને મોટિવેશનલ સ્પીકર છે. તેઓ સાયકોલોજીકલ એમ્પાવરીંગ અને મોસ્ટ કન્વિન્સિંગ બીહેવિઅરલ મોડિફિકેશન ટ્રેનર છે. તેઓ મેમરી ઍક્ષપર્ટ છે અને બ્રેઈન-પાવર કોચ છે. તેમણે પાવર ઓફ માઈન્ડ પર અનેક સંશોધન કર્યા છે. છેલ્લા ૨૦ વર્ષમાં સમગ્ર ભારત અને વિદેશમાં જુદા જુદા ક્ષેત્રની આશરે ૧૦ લાખથી પણ વધુ વ્યક્તિઓને તેમણે પાવર ઓફ માઈન્ડ 'તથાસ્તુ'ની ટ્રેનિંગ આપી છે. તેમણે ૧. તથાસ્તુ, ૨. મનનું એલાર્મ અને ૩. થેન્ક યુ જેવા પુસ્કતો લખ્યાં છે. જેમાં મનનું એલાર્મ પુસ્તકમાં શ્રી નરેન્દ્ર મોદીએ પ્રસ્તાવના લખી છે.

તેમણે માર્શલ આર્ટ તેમજ તાઈ-ચી માં બ્લેક બેલ્ટ મેળવ્યો છે. સરકારી તાલીમ સંસ્થાઓમાં તેઓ છેલ્લા ૧૯ વર્ષથી ગુજરાત સરકારના વર્ગ-૧ અને ૨ ના અધિકારીઓને મેનેજમેન્ટ, લીડરશીપ, સોફ્ટ સ્કીલ, લાઈફ સ્કીલ, કર્મયોગી અને મનની શક્તિઓની સફળ મોટીવેશનલ તાલીમ આપી રહ્યાં છે. તેમની ઉત્સાહથી ભરેલી, પ્રેરણાદાયી અને દમદાર સ્પીચ દ્વારા તાલીમ આપવાનું પેશન સ્પષ્ટ જણાઈ આવતું હોય છે. આપણી વિચારધારા સાથે જોડાયેલા મૌલિક સોનીને ઉમા સૃષ્ટીમાં આવકારતા આપણે ગૌરવ અનુભવીએ છીએ.



તમે આ બધા વ્યક્તિઓના નામ તો ચોક્કસ સાંભળ્યા જ હશે. સરદાર પટેલ, સ્વામી વિવેકાનંદ, નરેન્દ્ર મોદી, લતા મંગેશકર, સચિન તેંદુલકર, અમિતાભ બચ્ચન વગેરે. આ બધી જ વ્યક્તિઓ પોતપોતાના ક્ષેત્રે મહાન સિધ્ધિ પામી છે. તેઓએ પોતાના ક્ષેત્રે ઈતિહાસ સર્જ્યો છે. શું તમે જાણો છો કે આ બધી જ સફળ વ્યક્તિઓમાં શું સામ્ય છે? આવો જાણીએ..

દુનિયામાં બે જ પ્રકારના લોકો હોય છે. ૧. જેઓ ઈતિહાસ સર્જે છે અને ૨. જેઓ ઈતિહાસ વાચે છે. આ બધી જ સફળ વ્યક્તિઓએ પોતાના ક્ષેત્રે ઈતિહાસ સર્જ્યો છે. ખરુ ને!

તમે જોયું હશે કે ઈતિહાસ સર્જનારની સંખ્યા તો માત્ર 3% જેટલી જ હોય છે. જ્યારે ઈતિહાસ વાચનારની સંખ્યા ૯૭% જેટલી હોય છે. ખરેખર તો ઈતિહાસ સર્જનાર વ્યક્તિ કંઈ ઈતિહાસ સર્જવા માટે કાર્ય કરતી હોતી નથી. તે તો માત્ર પોતાના કાર્યમાં એટલા માટે ડૂબેલી હોય છે, કારણ કે તે કાર્ય તેમને ખૂબ જ ગમતું હોય છે, પરિણામે તેઓના કાર્ય જ ઈતિહાસ બની જાય છે. જ્યારે ઈતિહાસ વાચનાર તો મોટાભાગે ઈતિહાસ સર્જનાર વ્યક્તિઓની ભૂલો શોધવામાં જ વ્યસ્ત હોય છે.

એક વૈજ્ઞાનિક જ્યારે કોઈ સંશોધનમાં ડૂબેલા હોય છે, ત્યારે તેઓ ક્યારેય એવું નથી વિચારતાં કે આ સંશોધન થવાથી મને નોબેલ પ્રાઈઝ મળશે કે પછી મને પ્રસિધ્ધિ મળશે, પરંતુ તેઓ તો બસ તેમને તે કામમાં ખૂબ જ આનંદ આવી રહ્યો હોય છે એટલા માટે તે કામમાં ડૂબેલા હોય છે.

પેલુ કહેવાય છે કે 'જે કામ તમને ગમતું હોય તે કરો અથવા જે કામ કરતાં હો તેને ગમાડો.' એટલે કે તમને જે કાર્ય પ્રત્યે લગાવ હોય, પ્રેમ હોય, ગમતું હોય તે કાર્ય કરો. અથવા તો જે કાર્ય કરવું પડે છે તેને ખૂબ જ પ્રેમથી કરો, તો તમારે તે કાર્ય તનાવયુક્ત ન કરવું પડે. તે કાર્યનો તમને થાક પણ ન લાગે. તમે તે કાર્ય અનેક ક્લાકો સુધી ખુબ જ આનંદથી કરી શકો.

સાંભળો, મારે તો આજે આપને બસ એ જ કહેવું છે, કે તમે પેલા ૯૭% માંથી બહાર નીકળી જાઓ અને 3%માં જોડાઈ જાઓ. તેમના જેવા શબ્દો ન બોલો, તેઓ જેવી વાતો કરે છે, તેવી વાતો તમે ન કરો, તેમના જેવા બહાના ન કાઢો, તેમના જેવી કામ ન કરવાની પદ્ધતિઓ ન વાપરો. બસ, ૯૭% માંથી બહાર નીકળી જાઓ અને તમારા ઉત્તમ જીવનની નવી શરૂઆત કરો. કંઈક અલગ કરો.

# શિક્ષણ સૃષ્ટિ

યાદ રાખો, કોઈએ ખૂબ જ સરસ કહ્યું છે, કે 'જે બધા કરે છે તેવું જ તમે પણ કરશો તો જે બધાને મળે છે તેવું જ તમને મળશે. પરંતુ જે કોઈ નથી કરતું તેવું તમે કરશો તો જે કોઈને નથી મળતું તેવું તમને મળશે.'

અને આમ પણ 'જે કામ કરવું સહેલું હોય છે, તે ન કરવું પણ તેટલું જ સહેલું હોય છે.' માટે ૯૭%માંથી બહાર નીકળી જાઓ. તમારી એક નવી ઈમેજ બનાવો. આ ખરેખર ખૂબ જ પાવરફૂલ બાબત છે.

આ સંદર્ભે હું વારંવાર વિદ્યાર્થીઓને કહેતો હોંઉ છું કે 'જો તમે ટીવી ન જુઓ તો એક દિવસ એવો આવશે કે આખી દુનિયા તમને ટીવીમાં જોશે.' એટલે કે જો તમે તમારું સંપર્ણ ધ્યાન કોઈ મહાન કાર્યમાં જોડશો તો તમે ઈતિહાસ સર્જક બની જશો.

ઈતિહાસ સર્જક બનવું એટલે કંઈ આખી દુનિયાને બદલી નાંખવી તેવું નથી. તમે નાના-નાના કાર્ય કરીને પણ ખૂબ જ આનંદ અને સંતોષની લાગણી અનુભવી શકો છો. આપણા વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી પણ આ બાબતે એક ખૂબ જ સરસ વાત કહેતા હોય છે કે 'કંઈક બનવાનું નહીં પરંતુ કંઈક કરવાનું સપનું જુઓ.' અને જ્યારે તમે કંઈક ઉત્તમ કાર્ય કરવા ગળાડૂબ થઈ જાઓ છો ત્યારે તમે આપોઆપ ઈતિહાસ સર્જક બની જાઓ છો, જેમ કે

સફાઈ અભિયાન. જરૂરી નથી કે તમે આખા દેશને સ્વચ્છ કરી દો. તમે માત્ર તમારું ઘર, સોસાયટી કે ઓફિસમાં પણ સફાઈ અભિયાન ચલાવી શકો છો. કદાચ એવું બને કે શરૂઆતમાં ઈતિહાસ વાચનાર વ્યક્તિઓ તમારી મજાક ઉડાડે કે તમારો વિરોધ કરે. પરંતુ તમે તમારા કાર્યમાં દિલથી લાગેલા હશો તો અન્ય લોકો ધીમે ધીમે જોડાવા લાગશે. અને જ્યારે તમે હાથ પર લીધેલ કાર્ય પુરું થશે ત્યારે તો તમે અદ્ભુત આનંદ અને સંતોષની લાગણી અનુભવતા હશો.

તો આજથી જ કોઈ ઉત્તમ કાર્ય કરવાનું નક્કી કરી લો અને તે કાર્યમાં લાગી જ જાઓ. જો તમે એક વિદ્યાર્થી હો તો આજે જ નક્કી કરી લો, કે અભ્યાસમાં કંઈક જબરદસ્ત પરિણામ લાવવું છે. જો તમે એક વાલી હો તો આજે નક્કી કરી લો, કે દિકરા/દિકરીને મહાન બનાવવા છે કે પછી એક ખુબ જ સંસ્કારી વ્યક્તિ બનાવવા છે. જો તમે એક ઓફિસર કે કર્મચારી છો તો આજે જ નક્કી કરી લો, કે રિટાયર થતાં પહેલાં સમાજોપયોગી કોઈક જબરદસ્ત કાર્ય દ્વારા કોઈક સિધ્ધિ મેળવીને જ રિટાયર થશો.

કે પછી, જો તમારામાં ઉત્તમ લેખનની આવડત હોય તો સારી વાતો લખીને સમાજને ઉપયોગી થાઓ. જો તમારામાં ઉત્તમ વક્તવ્ય આપવાની આવડત હોય તો પ્રેરણાદાયક વક્તવ્ય દ્વારા આજના યુવાનોને એક સાચી દિશા આપવાનું કામ પણ ચોક્કસ કરી જ શકાય.

તો બસ, આજે કંઈક નક્કી કરી લો અને આ નક્કી કર્યા બાદ તે દિશામાં જબરદસ્ત કાર્ય કરવાની શરૂઆત કરી દો. કારણ કે પેલું કહેવાય છે ને, કે **'કટાઈ જવા કરતાં ઘસાઈ જવું સારું.'** અને આમ કરવાનું એક બીજું કારણ પણ છે, કે 'દુનિયા તમને એટલા માટે યાદ નહીં રાખે કે તમે શું મેળવ્યું છે. પરંતુ એટલા માટ યાદ રાખશે, કે તમે દુનિયાને શું આપ્યું છે?' અને જ્યારે તમે કંઈક ઉત્તમ કાર્ય કરવાનું શરૂ કરો છો ત્યારે તમે આડકતરી રીતે પોતાના પરિવારને, સમાજને અને રાષ્ટ્રને કંઈક આપી જ રહ્યા હો છો. કેમ ખરુ ને !

**મો. ૯૮૨૫૬ ૧૩૪૦૪**

## યોગાહાર : આહારનો યોગ

### અનાજના પ્રકારો


- શ્રી રાજેશ પટેલ
(યોગાહાર એક્સપર્ટ)

- રાઈના દાણાથી લઈ સિંગદાણા જેવડા કદના અનાજ હોય છે.
- જેટલો અનાજનો દાણો કદમાં મોટો એટલો મેંદો વધારે, ફાઈબર ઓછાં.
- ઘઉં, મકાઈ જેવા મોટા દાણામાં કાર્બોહાઈડ્રેટ વધારે, ફાઈબર ખૂબ જ ઓછાં, ૩-૪% તેની સામે ઝીણા દાણાવાળા અનાજ કોદરી, તાંદળા, સામો, મોરૈયો, રાગી, રાજગળો, બન્ટી જેવા જાડા નહીં, ઝીણા ધાન્યમાં ફાઈબર ૧૦-૧૫% સુધી હોવાથી શહેરી અને ઓછી મજૂરી કરતા લોકો માટે ઉપયોગી, પુષ્કળ શ્રમ કરનાર માટે મોટા દાણાવાળાં અનાજ જરૂરી, ઓછો શ્રમ કરનાર માટે ઝીણાં દાણાવાળાં સારાં, લીટલ મીલેટ શહેરી લોકો માટે વરદાન સ્વરૂપ, તમામ પ્રકારના રોગીઓને લાભ આપે.
- ઘઉંનું ગ્લુટેન શરીર માટે હાનિકારક, લીટલ મિલેટમાં હોય જ નહિં. ઘઉં ચોખાના બદલે લીટલ મિલેટની વાનગીઓ બાળકોને તંદુરસ્ત રાખે.
- લીટલ મિલેટ ભોજન પહેલાં ૬-૭ કલાક રાંધી રાખી, આપવાથી પ્રોબાયોટીક વધે જે શરીરમાં વિટામીન બનાવી આપે. બી૧૨/ડીૐ જેવા વિટામીન બાળકોને મળે.



**નવીન વી. વાછાણી**
લેખક જાણીતા કેળવણીકાર અને
વિવિધ સામયિકોમાં જ્ઞાનપ્રેરક લેખો લખવા
માટે જાણીતા છે.

# છોડો સ્ટ્રેસ..... રહો ફ્રેશ.....



આપણે જ્યારે માનતા રહીએ છીએ કે આપણામાં શક્તિ અને આવડત ઓછી છે ત્યારે આપણે નિરાશ થઈ જઈએ છીએ. ત્યારે આપણો આત્મવિશ્વાસ જતો રહે છે અને આપણે માનસિક તણાવ અનુભવીએ છીએ. તણાવ આજની આધુનિક જીવનશૈલીનું એક અંગ બની ગયું છે. ઘણા તેને આધુનિક જીવનનો સંઘર્ષ પણ કહે છે. વાસ્તવમાં તણાવ એ એક એવી અવસ્થા છે જેનાથી આપણી શારીરિક અને માનસિક ઊર્જાઓનો વપરાશ વધી જાય છે તે તેની ઘટ પડતા આપણા તન અને મનની શાંતિનો ભંગ થાય છે અને આપણે માનસિક તણાવ અનુભવતા રહીએ છીએ. આજે નાના મોટા, અમીર કે ગરીબ દરેક વ્યક્તિ થોડા વધુ પ્રમાણમાં તણાવથી ત્રસ્ત જોવા મળી રહ્યા છે. તણાવનો અંગ્રેજી શબ્દ સ્ટ્રેસ પણ છે.

તણાવ પેદા થવાના અનેક કારણો છે. હાલના ઉતાવળિયા, ધમાલિયા જીવને બધાના સુખ-શાંતિ હણી લીધા છે ને બધાને તણાવગ્રસ્ત બનાવી દીધા છે. કોઈને શાંતિથી ખાવા-પીવા કે બેસવા-ઉઠવાનો સમય નથી. પત્ની, બાળકો પાસે શાંતિથી આનંદભર્યો સમય ગાળવાનો સમય નથી. વ્યક્તિ પાસે શાંતિથી ઊંઘવાનો કે આરામ કરવાનો પણ સમય નથી. પરિણામે તેવી વ્યક્તિનો સ્વભાવ ચીડિયો થઈ જાય છે જે અંતે તે સખત માનસિક તણાવનો ભોગ બની જાય છે. આજે હવા, પાણી, ખોરાક અને અવાજનું પ્રદુષણ પણ ખૂબ વધ્યું છે. અશુધ્ધ હવા, પાણી અને ખોરાકના કારણે માનવીનું માનસ અશુધ્ધ બની જાય છે. કહેવત છે કે જેવા આહાર તેવા વિચાર અને જેવા વિચાર તેવા વર્તન. વ્યક્તિ જાગે ત્યારથી ઊંઘે ત્યાં સુધી તે સતત ધમાલ અને ઘોઘાંટ વચ્ચે જીવે છે. જેના અતિરેકથી પણ વ્યક્તિ માનસિક તણાવનો શિકાર થઈ પડે છે. કારણ વગર ચિંતા કરતા રહેવાની ટેવ પણ મનુષ્યમાં માનસિક તણાવ ઉત્પન્ન કરે છે.

ઘણીવાર શારીરિક અને માનસિક કારણોસર પણ તણાવ ઉત્પન્ન થઈ શકે છે. શારીરિક કારણોમાં માથાનો દુ:ખાવો, અસ્થમા, ડાયાબિટીસ, હદયરોગ, શરદી, ખાંસી, કેન્સર વગેરે હોઈ શકે છે. માનસિક કારણોમાં અનિદ્રા, થાક, ચિંતા, દુ:ખ, નિરાશા વગેરે છે. મોટા લોકોમાં જોવા મળતી આ સમસ્યા ક્યારેક વર્તમાન સમયમાં નાદાન બાળકોમાં પણ જોવા મળે છે. આપણે તણાવગ્રસ્ત બન્યા છીએ તે કેવી રીતે જાણી શકાય. મનોવૈજ્ઞાનિકો કહે છે કે જ્યારે આપણી માંસ પેશીઓ થાકવા લાગે, તૂટવા લાગે, આળસ અને તંદ્રા ઘેરી વળે ગમે ત્યારે ચિંતા થવા લાગે ત્યારે સમજવું કે આપણે તણાવના સકંજામાં આવી ગયા છીએ.

સતત માનસિક તણાવ વ્યક્તિને ખૂબ જ નૂકશાન કરે છે. તેના કારણે વ્યક્તિનું મનોબળ નબળુ પડી જાય છે. તેનો સ્વભાવ ચીડિયો ને ક્રોધી બની જાય છે. પરિણામે તે વ્યક્તિ સમાજમાં એકલી પડી જાય છે. સગા, સંબંધી, મિત્રો અંતે તેના દુ:શમન થઈ જાય છે ને જગત તેને ધિક્કારે છે. માનસિક તણાવનો ભોગ બનેલ વ્યક્તિની યાદશક્તિ પણ ક્ષીણ થઈ જાય છે. તે વારંવાર અક્ષમ્ય ભૂલો કર્યા કરે છે. તેના જીવન વ્યવહારમાં ખામીઓ વધતી રહે છે. આવી વ્યક્તિ સમાજ અને અન્ય માટે હાસ્યાસ્પદ બની જાય છે. સમય જતા આવી વ્યક્તિને પેતાનું જીવન ઝેર જેવું લાગે છે અને તેનું પરિણામ હતાશા, ગાંડપણ કે આપઘાત જેવી સ્થિતિમાં આવી શકે છે. તણાવગ્રસ્ત વ્યક્તિ શારીરિક રીતે પણ અનેક રોગોનો ભોગ બને છે. મહિલા વર્ગમાં તો આજકાલ માનસિક તણાવ સૌથી વધુ સર્વસામાન્ય બની ગયેલ છે. સ્ત્રીઓમાં માથાના દુ:ખાવા અંગેની ફરિયાદ ખૂબ સાંભળવા મળે છે જે માનસિક તણાવનું પરિણામ હોય છે.

# શિક્ષણ સૃષ્ટિ

આપણે જો થોડુક ઊંડાણથી વિચારીએ તો સમજાશે કે દુનિયામાં તણાવ જેવું કશું છે જ નહિ. તણાવ એ કંઈ ચીજવસ્તુનું પેકેટ નથઈ કે તેને આપણે જોઈ શકીએ. પરંતુ તેની વિપરીત અસર આપણા આરોગ્ય પર થાય છે ત્યારે આપણું ધ્યાન તણાવ તરફ ખેંચાય છે. આ તણાવ ભાગ્યે જ બહારના પરિબળોને કારણે આપણા પર આક્રમણ કરે છે. એનું મુખ્ય કારણ આપણો અહંકાર છે. અહંકાર જ્યારે આપણા પર શાસન ચલાવે છે ત્યારે આપણે પરમાત્માંથી શ્રધ્ધા ગુમાવી દઈએ છીએ અને તણાવના શરણે જતા રહીએ છીએ. આપણો અહંકાર જ તણાવને ઉત્પન્ન કરે છે અને પોષે છે. તેથી અહંકારને અંકુશિત કરવો જોઈએ.

માનસિક તણાવ તન-મનના સ્વાસ્થ્યને નુકસાનકર્તા છે. તેમાંથી મુક્તિ મેળવવાના બધા ઉપાયો સહેલા અને સરળ છે. તેના અમલથી આપણે જરૂર માનસિક હળવાશ અનુભવી શકીએ છીએ. એટલે કે સ્ટ્રેસ છોડવાથી ફ્રેશ રહી શકીએ.

૧. 'મારુ ધાર્યુ થવું જ જોઈએ' તે વ્યક્તિનો અહંકાર છે. જેના કારણે વ્યક્તિ તણાવ અનુભવે છે. અન્યને સાંભળવા સમજવાથી તણાવ ઘટે છે.

૨. કોઈનીય સાથે સંબંધ ન બગાડવા. મધુર સંબંધો શાંતિ વધારે છે. જ્યારે કડવા સંબંધો તણાવ વધારે છે.

૩. મનને શાંત રાખી વર્તવાથી માનસિક શાંતિ વધે છે, તણાવ ઘટે છે.

૪. ખોટી ચિંતાઓ છોડવાથી ચોક્કસ માનસિક તાણ મટે છે.

૫. યોગ, યોગાસનો પ્રત્યે રુચિ કેળવો, યોગ માનસિક શાંતિ આપનાર જડીબુટ્ટી છે. તેના વડે માનસિક તણાવ જરૂર ઘટે છે.

૬. સ્વસ્છતાના આગ્રહી બનો. સ્વચ્છ હવા, પાણી, ખોરાકનું સેવન આપણને શાંતિ આપે છે.

૭. નશાપ્રેરક પદાર્થોથી દૂર રહો. તેના ત્યાગથી સાચા અર્થમાં માનસિક તણાવ ઘટે છે.

૮. મનને નવરું ન પડવા દો. એટલે કે નવરું મન ઘણા ઉત્પાતો સર્જાવે છે. કહેવતમાં કહ્યું છે કે 'નવરો બેઠો નખ્ખોદ વાળે' અને 'નવરુ મન સેતાનનું ઘર' મનને શુભ વિચારોયુક્ત સંતોષી રાખો. સંતોષી મન તણાવ ઘટાડે છે. જ્યારે અસંતોષ મન માનસિક તણાવ સર્જે છે, વધારે છે.

૯. મનને ગરમ ન થવા દો, એટલે કે મગજ હંમેશા ઠંડુ રાખો. આટલું સમજવાથી તણાવ ઉત્પન્ન થશે નહિં.

૧૦ માનસિક તણાવમાંથી મુક્તિ માટે શાંતચિત્તે પ્રભુને પ્રાર્થના કરીએ કારણ કે પ્રાર્થના પણ માનસિક શાંતિ આપે છે.

જિંદગી અને જગત ખૂબ સુંદર છે. જિંદગી આનંદથી માણવા માટે છે. આપણા અસ્તિત્વને આપણે ઉત્સવ બનાવવાનો છે. તણાવનો સો મણનો બોજો માથે રાખી જીવવાનો કોઈ અર્થ નથી. જીવન સાથે સુખ, દુઃખ અને મૃત્યુ સંકળાયેલા જ રહેવાના છે. જીવન એટલે જ આધિ, વ્યાધી અને ઉપાધિ એના વગર જીવન છે જ નહિં. આપણે પ્રભુના અનંત ઉપકારોનું સ્મરણ કરવું જોઈએ. પ્રભુએ આપણને કેટકેટલું આપ્યું હોય છે. પ્રભુની આ કૃપા આપણને સારુ અને શુભ જોતા શીખવે છે. આપણી પાસે શું છે તે માણતા શીખવે છે. આપણને અહેસાસ કરાવે છે કે જે આપણી પાસે છે તે પર્યાપ્ત છે. આ ભાવ જ આપણને તણાવરહિત હળવા બનાવે છે. પછી આખી સૃષ્ટિ સુંદર લાગવા માંડે છે ને જીવન તણાવમુક્ત બની શકે છે. તણાવમુક્ત જીવન જ આપણી સાચી સમૃધ્ધિ છે.

**"આપણું ટેન્શન હંમેશા આપણી કમજોરીઓને કારણે હોય છે." - સ્વેટ માર્ડન**

ન કરવા જેવી ચિંતા શીદને કરો છો? મુસીબતોના પોટલાં ફેંકીને હસતા રહો, હસતા રહો, હળવા બનો. - જ્યોર્જ પોવેલ

**મો. ૯૯૭૯૪ ૬૯૯૧૭**

**(અનુસંધાન પાના ૨૩ નું ચાલુ) ટીનેજર દિકરીઓ..**

સામાજિક ઢાંચામાં વાળવાનું 'માનવીય' કામ ધારીએ તેટલું સરળ તથા સીધું નથી જ ! પરંતુ તેને સાચી સમજણથી, સમયસરના જ્ઞાનથી, વર્તન ઉપરના યોગ્ય અવલોકનથી તથા સાચા પ્રેમભર્યા વ્યવહારથી જરૂર ઉકેલી શકાય!

જો કે, આ ઉપરાંત બીજા પણ ઘણાં કારણો છે. આ સમસ્યાનાં જેવા કે : વધુ પડતી છૂટછાટ, સહશિક્ષણના બહાને બે વિજાતીય ટીનેજરોનું વારંવાર મળવું, મોબાઈલ જેવા કૉન્ટેક્ટ તથા કનેક્ટિવિટીનાં સાધનો, સમાજમાં સંસ્કારનું શનૈઃ શનૈઃ થતું પતન, ભોગવાદી વિચારસરણી, ઈઝી મનીનાં દુષ્પરિણામો તથા કૌટુંબિક સંસ્કારોનું પતન વગેરે.

આમ છતાં, યોગ્ય સમયે સાચી સમજણ, પ્રેમ, હૂંફ, સાચું જ્ઞાન તથા યોગ્ય ઉછેર તથા વર્તન પરંતુ તટસ્થ અવલોકન અને પ્રેમ-બંધન આ સમસ્યાને અંશતઃ દૂર કરી શકે છે.

**મો. ૭૯૮૪૧ ૪૯૨૭૪**

उन्नति
सबमर्सिबल पम्प

Unnati
Since 1969
SUBMERSIBLE PUMP

*"Together we can do it
Together we have always done it"*




ENERGY IS LIFE
BEE
CONSERVE IT
BEE/ /

ISO 9001
BUREAU VERITAS
Certification
MORE STARS MORE SAVINGS
CE
IS : 8034

**Unnati Pumps Private Limited**

81, Amarnath Industrial Estate, Opp. Shayona Estate, Naroda Road, Ahmedabad - 380025. Gujarat, INDIA. Phone : 079-22203434 / 0128

Email : sales@unnatipumps.com Website: www.unnatipumps.com

# નારી સૃષ્ટિ



**કાલીદાસ વ. પટેલ**
લેખક જાણીતા સમાજ ચિંતક છે
વાગોસણા

# ટીનેજર દીકરીઓ કેમ ભાગી જાય છે ?

સાંપ્રત સમાજની જબદસ્ત સામાજિક સમસ્યા કે જેણે આજકાલ રૌદ્ર સ્વરૂપ ધારણ કર્યું છે તે છે ટીનેજર દીકરીઓ કેમ ભાગી જાય છે?

સવારના પહોરમાં છાપું ખોલતાની સાથે, કોઈના લગ્નપ્રસંગમાં બે સંબંધી મળે તો તેમની પહેલી જ ચર્ચામાં, બગીચાના બાંકડે સિનિયર સિટીજન્સની બેઠકમાં, સોસાયટીની ઓટલા બેઠકમાં, મંદિર-મહાદેવના પટાંગણમાં, અરે! બેસણું પતાવીને ભેગા મળતાં સ્નેહીઓના ટોળામાં.... બધે જ જોઈ કોઈ પહેલી ચર્ચા થતી હોય, તાજા સમાચાર મળતા હોય તો તે છે : સાંભળ્યું ! ફલાણાબહેની દિકરી ભાગી ગઈ....!

સવાલ જરૂર ઊઠે છે કે, જે દિકરીની પધરામણી થતાં લક્ષ્મીરૂપા લક્ષ્મીજી પધાર્યા માનીને આપણે સનાતન ધર્મ સ્વાગત સાથે પૂજા કરતો હોય, દીકરી વ્હાલનો દરિયો ગણાતી હોય, ઘરનો તુલસી ક્યારો ગણાતી હોય, દીકરી ઘરનો દીવો ગણાતી હોય, તેનો ઉછેર ભણતર પાછળ મા-બાપે તાણીતૂંસીને પુરું કરતાં અઢળક નાણું અને પ્રેમ હસતે મોંઢે આપ્યાં હોય... હા! આવી જ દીકરી ઘર છોડીને કોઈ છેલબટાઉ છોકરાને લઈને ભાગી જાય છે કે કોઈને ખબર શું ગંધ સુધ્ધાં ન આવે! અને પરાકાષ્ઠા તો ત્યારે આવે છે કે, જ્યારે આવી ભાગી ગયેલી દીકરીને મા-બાપ, સગાં ગમે તેમ કરીને શોધી કાઢે અને મા-બાપ હાથ જોડીને દીકરીને કરગરે કે, ચાલ બેટા ઘરે... ત્યારે આ ‘વ્હાલનો દરિયો’ સપાટ સ્વરમાં સૌની હાજરીમાં સંભળાવે : ‘તમે કોણ છો ? હું તો તમને ઓળખતી ય નથી....’ હા સગાં-વ્હાલા પોલીસ અને મા-બાપનાં મોઢાં ત્યારે જોવા જેવા થઈ જતાં હોય છે ! આ ‘અસત્ય’ પચાવવું કેટલું અઘરું છે તે તો જે મા-બાપ હોય તેને જ ખબર પડે ! આ વખતે ભૂમિ માર્ગ આપે તો સમાઈ જવા જેવા સમયે ઘણી દુઃખીયારી માતા મોંઢેથી અનાયાસ નીકળી પડે છે. ‘તારા કરતાં તો મેં પથરો જણ્યો હોય તો....!’

વળી, એક કડવી વાસ્તવિકતા એ છે. આ દૂષણ સામાન્ય પણ દૂષણગ્રસ્ત ગણાતાં કે દૂષણો માટે કુખ્યાત ગણાતાં શહેરો કરતાં ગ્રામ્ય વિસ્તારમાં જ્યા સામાજિક માળખું હજુ સુધી જળવાઈ રહ્યું છે, ત્યાં વધુ પ્રમાણમાં ફેલાયું છે ! નથી મનાતું ને ? પરંતુ કડવી વાસ્તવિકતા છે ! માત્ર ૧૫૦૦ થી ૨૦૦૦ની વસ્તી ધરાવતાં નાનકડાં ગામડામાં વર્ષે દહાડે ૧૫ થી ૨૦ ટીનેજર દીકરીઓના ભાગી જવાના કિસ્સા બનતા હોય તો કાઢો ટકાવારી? પછી જરૂર મનાશે !

અહીં શહેર સારું કે ગામડું તે સરખામણી અભિપ્રેત નથી જ, પરંતુ જે સત્યાન્વેષણ નજર સમક્ષ છે તે પ્રજા સમક્ષ મૂકવાનો પ્રયાસ છે. સંસ્કાર સારા-ખોટાં બધે જ જોવા મળે તે હકીકત છે.

હવે, સવાલ ફરીથી ઊઠે છે કે.....

ભણેલી-ગણેલી, ગાડી-બંગલાની સુખ-સગવડ ધરાવતી, સુખી ઘરની, સામાજિક મોભો, ધરાવતા કુટુંબની કે મધ્યમવર્ગીય કુટુંબની ટીનેજર દીકરીઓ કેમ ભાગી જાય છે ? કારણો તો ઘણાં-બધાં છે, પરંતુ મુખ્ય મુખ્ય સમજીએ:

૧. અદમ્ય જાતીય આકર્ષણ અને શારીરિક જાતીય ભૂખના જૈવિક ફેરફારો :

દરેક પ્રાણીના જીવનકાળમાં કુદરતી રીતે જ પુષ્પતા (પ્યુબર્ટી)નો એક સમય ગાળો આવતો હોય છે. આ સમયગાળા દરમિયાન સજીવ કિશોરાવસ્થામાંથી યુવાવસ્થામાં પ્રવેશે છે. તેનામાં તે માટેના જુદા જુદા જૈવિક સ્રાવ ઝરે છે. પરિણામે તેનામાં પુષ્પતા (પ્યુબર્ટી)નાં લક્ષણો દેખાવા માંડે છે. આ કુદરતી ક્રમ છે જે દરેક માટે અફર નિયમ છે. તે સમયગાળામાં દરેક માદા અદમ્ય જાતીય આકર્ષણ અનુભવે છે. એટલું જ નહીં, પરંતુ ગમે તે ભોગે પ્રજનન કરવા મરણિયા પ્રયત્નો કરે છે ! ગામડાંમાં પશુપાલન સાથે જોડાયેલા ખેડુત વર્ગને ખાસ જાણ હશે જ કે, જ્યારે ગાય, ભેંસ પ્યુબર્ટીમાં આવે સાદી તળપદીમાં ભાષામાં ‘ગરમીમાં આવે’ ત્યારે જાડી લોખંડની સાંકળ તોડીને સાંકળ ન તુટે તો ‘ખીલો’ કાઢી નાંખીને પણ તે નર ભણી ભાગી છૂટે છે! એક બૂચકારો કરતાં માલિકના ખીલે બંધાવા આવી જતી પાળેલી ગાય-ભેંસ આ સમયે લાકડીની ભાષા પણ સમજતી નથી! બસ આવું જ જાતીય આકર્ષણ બધા જ પ્રાણીઓમાં અને તે જ પ્રમાણે કુદરતી રીતે માણસ જાતમાં પણ અનુભવાય છે ! આપણા સામાજિક રીત-રિવાજ, દસ્તુર, આમન્યા, શરમ-સંકોચ વગેરે ઉપરથી લાદેલાં બંધનો જે ખરેખર કુદરતી કે નૈસર્ગિક નથી તે બધાં

# નારી સૃષ્ટિ

અદમ્ય આકર્ષણને દબાવવાનો મરણિયો પ્રયાસ કરે જ છે પરંતુ વધુ પડતા દબાણે ક્યારેક સ્પ્રીંગ છટકી પણ જાય છે ને?

આમ, કુદરતી રીતે ઉદ્‌ભવતા અદમ્ય જાતીય આકર્ષણને આપણે ઊભાં કરેલાં સામાજિક બંધનો દ્વારા દબાવવાનો પ્રયત્ન કોઈવાર બળવો પોકારે છે અને આવી આપણા સમાજને લાગતી 'અનિચ્છીય' ઘટનાઓ બને છે ! જો કે, સામાજિક યોગ્ય રૂઢિઓ, યોગ્ય સંસ્કાર સાચી સમજણ અને જ્ઞાન તથા કુટુંબના પ્રેમાળ વર્તન વ્યવહાર તથા સમયસરના સાચા જાતીય શિક્ષણ-સમજથી આવી ઘટનાઓ ઘટાડી શકાય.

**૨. કુટુંબનો માહોલ, બાળકોના ઉછેરની રીત, પક્ષપાતી વલણ:**

એક કડવી વાસ્તવીકતા એ પણ છે કે, હજુ પણ ઘણાબધા સમાજમાં તથા કુટુંબોમાં દીકરા-દીકરીના ઉછેરમાં હજુ ભેદભાવ જોવા મળે છે ! દીકરાને દૂધ ને દીકરીને છાશ ! જેવો પક્ષપાત ઘણા કુટુંબોમાં જોવા મળે છે. દિકરો લાડકો, તેને બધામાં પ્રાથમિકતા અપાય જ્યારે દિકરી તો પારકી થાપણ, સાપનો ભારો, કાલે પારકા ઘરે જવાની છે. તેના માટે વળી શાનો ખર્ચ કરવાનો ? તેને વળી કેવા લાડ-કોડ ? અત્યાર સુધી સ્ત્રી શિક્ષણ નહિવત્ હતું તેનું મુખ્ય કારણ જ આ હતું ! દીરકો તો ભણી-ગણીને કમાવી આપવાનો છે જ્યારે દીકરી પાછળ કરેલો ખર્ચ શું ફળ આપવાનો ? કદાચ કમાય તો પણ તેના ઘરે લઈ જવાની! મા-બાપને શું મળવાનું ?

આમ, નાનપણથી જ દીકરીને ડગલે ને પગલે થતી અવહેલના, અન્યાયી, પક્ષપાતી વલણ તથા દીકરા કરતાં તે ઉતરતી કક્ષાની છે, પારકી થાપણ છે, કાલે પારકા ઘરે જતી રહેવાની છે માટે ઓછામાં ઓછો ખર્ચ કરવાનો સ્વાર્થી અભિગમ તથા દિકરી હોવાના નાતે ઘરમાં પણ તેનું ઉતરતું સ્થાન અને ઘણીવાર બિનજરૂરી અપમાન કે અવહેલના થતી જોવા મળે છે. જે દીકરીના સુષુપ્ત મનમાં સંગ્રહિત થતું જાય છે અને જ્યારે વધુ સહન ન થાય ત્યારે વિસ્ફોટનું રૂપ લે છે.

આમ, કુટુંબનો બાળ-ઉછેરનો પક્ષપાતી માહોલ સૌથી વધુ કારણભૂત જણાયો છે. આવું પક્ષપાતી વલણ સમાજમાં એટલી હદે વણાઈ ગયું છે, સ્વીકારાઈ ગયું છે કે કોઈને એમાં ખોટાપણું દેખાતું જ નથી ! પરંતુ એ ખોટાપણું ભોગ બનનાર દીકરીના સુષુપ્ત મનમાં જડાઈ જાય છે, એક પ્રચંડ આક્રોશ તેના કુમળા બાળ-માનસમાં ગુપ્ત રીતે ઉભરતો જાય છે અને છેવટે તે વિસ્ફોટરૂપે બહાર આવે છે !

આથી, જો બાળ-ઉછેરમાં પક્ષપાતી વલણ બદલી શકાય, તો આ દૂષણ ડામવામાં ખુબ જ મોટો ભાગ ભજવી શકાય!

અહીં, ઘણા વાલીનો વિરોધ સંભળાશે કે, અમે તો દીકરીને ગાડી, સાડી, હૉટેલ-સિનેમા બધું જ આપીએ છીએ! અમારે કઈ વાતની કમી છે તે કંજુસાઈ કરીએ? તો પણ.....

તો તેમને સત્યદર્શન કરવાનું કહેવું પડશે કે, ગાડી, સાડી કે સુખ સગવડો આપ્યા પછી પણ દીકરા-દીકરીના પક્ષપતી વલણમાં તેના પ્રત્યેના પ્રેમમાં તેના સ્વીકારમાં તે પણ ઘરનો જવાબદાર અને પ્રેમાળ સભ્ય છે તેના સ્વીકારમાં.... અરે ! ઘણી વખત તેની હાજરીમાં જ કહેતા હોઈએ છીએ કે: 'આ તો માંડવો છે! રૂપિયા ૨૦ લાખનો ! બસ ! આમાં ફેરફાર કરવાનો છે ! માત્ર પૈસા નહી પણ પ્રેમ આપો. સપ્રેમ સ્વીકાર કરો.

**૩. સાચું અને વૈજ્ઞાનિક ઢબનું જાતીય જ્ઞાન સમજ તથા વર્તન ઉપર નજર:**

જાતીય પુખ્તતા (પ્યુબર્ટી)ને આરે ઊભેલ કિશોરીઓને સાચું વૈજ્ઞાનિક ઢબનું જાતીય જ્ઞાન કે સમજ નથી મળતાં તે નિર્વિવાદ છે. કુટુંબમાં પણ આ બાબતે ચર્ચા કરતાં કિશોરી શરમાય છે કે તેવી વાત કરવી તે સંસ્કારથી વિરુધ્ધ વાત સમજે છે. તેથી તે પોતાની હમઉમ્ર સહેલી કે સસ્તા જાતીય પ્રકાશનોમાંથી તે જ્ઞાન-પિપાસા મેળવવા પ્રયત્ન કરે છે. ત્યાંથી તેને મોટેભાગે ખોટું તથા અધકચરું જ્ઞાન મળે છે તે ઉપરાંત આવું સાહિત્ય જાતીય આવેગોને ઉશ્કેરનારું પણ હોય છે. આજકાલનાં ટી.વી., ઈન્ટરનેટ વગેરે માધ્યમો પણ જાતીયતા ઉશ્કેરતાં રહે છે. પરિણામે તેના સંયમના પાઠમાં ગાબડાં પડતાં રહે છે. પરિણામે, જ્યારે હદ વળોટાય છે ત્યારે ખોટાં પગલાં ભરાય છે !

આ જ્ઞાન આપવાનું કામ કુટુંબનું ખાસ તો 'મા'નું છે. મા, કિશોરીની બહેનપણી બનીને ખુલ્લા દિલે ઘણી બધી સમજણ આપી શકે છે. યાદ રહે ! આ કુદરતી આકર્ષણ અને ફેરફાર છે. તેને ટાળી શકાતો નથી પરંતુ વાળી તો શકાય ને ? તો યોગ્ય રસ્તે વાળવાનું કામ માનું છે, વડીલ સ્ત્રીઓનું છે.

વળી, ઉંમરલાયક દીકરીનું વર્તન, વ્યવહાર, ચાલ, રીતભાત, બહાર આવવું-જવું, ઉદાસીન રહેવું કે પોતાના રૂમમાં ભરાઈ રહેવું, મોબાઈલ ઉપર કલાકો સુધી વાર્તાલાપ કરવો.. વગેરે વર્તન પર મા-બાપનું ખાસ તો માતાનું ધ્યાન હોવું ખૂબ જ જરૂરી છે. એક સમજુ મા આવા વર્તન ઉપરથી જરૂર સમજી શકે કે, 'દાળમાં ક્યાંક કાળું છે' યાદ રાખો અહીં દીકરીના વર્તનમાં રોક-ટોક કે બંધનની વાત નથી. પરંતુ એક તટસ્થ અને સમજણભરી નજર રાખવાની વાત છે. નહીંતર પછી જ્યારે ઘણું મોડું થઈ જાય ત્યારે માથું કૂટવાનું થાય !

આમ, એક કુદરતી તથા સંપૂર્ણ નૈસર્ગિક આકર્ષણ-ઘટનાને આપણા સ્વીકૃત

(અનુસંધાન પાના ૨૦ ઉપર)

## નારી સૃષ્ટિ



**શ્રી ભાણદેવજી**
લેખક જાણીતા સાધક, યોગાચાર્ય અને કથાકાર છે.
સરસ્વતી નિકેતન આશ્રમ - જોધપર (નદી), મોરબી

# દ્રૌપદીની મહાનતા

મહાભારત-યુદ્ધ તો પુરુ થયું છે અને પાંડવોનો વિજય થયો છે, પરંતુ દુર્યોધન અને અશ્વત્થામાની વૈરવૃત્તિ હજુ પુરી થઈ નથી અને તેણે હજુ હાર પણ માની નથી.

દુર્યોધનની પ્રેરણાથી અને પોતાની વેરવૃત્તિના શમન માટે અશ્વત્થામા અંધારી રાતના ઘોર અંધકારમાં પાંડવોની છાવણીમાં જાય છે અને ત્યાં જઈને દ્રોપદીના પાંચ પુત્ર, દ્રૌપદીના ભાઈઓ - ધૃષ્ટદ્યુમ્ન, શિખંડી તથા સમગ્ર પાંચાલ સેનાનો સંહાર કરી નાંખે છે.

આ ઘટના જાણીને પાંડવપક્ષે ઘોર નિરાશા અને ઊંડા શોકનું વાતાવરણ ઊભું થાય છે. સૌ કલ્પાંત કરે છે. સ્વાભાવિક રીતે જ માતા અને બહેન તરીકે સૌથી વધુ આઘાત દ્રૌપદીને લાગે છે. દ્રોપદી કરુણ કલ્પાંત કરે છે અને દ્રૌપદીના કલ્પાંતને જોઈને સૌ દ્રવી ગયા.

તે વખતે દ્રૌપદીને આશ્વાસન આપતાં અર્જુન કહે છે :

गाण्डीवमुक्तैर्विशिखैरुपाहरे

त्वाऽऽक्रम्य यत्स्नास्यति दग्धपुत्रा ॥

- श्रीमद् भागवत : १-७-१६

"હે કલ્યાણી ! હું તારાં આંસુ ત્યારે જ લુછીશ જ્યારે તે આતતાયી બ્રાહ્મણાધમનું મસ્તક બાણોથી કાપીને તને ભેટ તરીકે ધરીશ અને પુત્રોની અંત્યેષ્ટિક્રિયા પછી તું તે મસ્તક પર પગ મુકીને સ્નાન કરીશ."

ભગવાન શ્રીકૃષ્ણ અને અર્જુનજી રથ લઈને અશ્વત્થામાની પાછળ દોડે છે. અર્જુનનો રથ પાછળ આવે છે અને હવે જીવનું જોખમ છે તેમ જાણીને અશ્વત્થામાએ બ્રહ્માસ્ત્રનો પ્રયોગ કર્યો છે. પછી તુરત અર્જુનજીએ પણ સામે બ્રહ્માસ્ત્રનો પ્રયોગ કર્યો છે. પછી ભગવાન શ્રીકૃષ્ણની સૂચનાથી અર્જુનજી બંને બ્રહ્માસ્ત્રનું નિવારણ કરે છે.

આખરે અશ્વત્થામાને પકડીને, તેને દોરી વડે બાંધીને અર્જુનજી દ્રૌપદી સમક્ષ હાજર કરે છે.

પ્રથમથી જ નક્કી કર્યા પ્રમાણે હવે તો પાંચાલીની અનુમતિથી અને તેની હાજરીમાં અશ્વત્થામાનો વધ જ કરવાનો હતો, પરંતુ દ્રૌપદી જેનું નામ!





દ્રૌપદી શું વાત કરે છે?

तथाऽऽहृतं पशुवत पाशबद्ध मवाङ्मुखं कर्मजुगुप्सितेन ।

निरीक्ष्य कृष्णापकृतं गुरो : सुतं वामस्वभावा कृपया ननाम च ।

- श्रीमद् भागवत : १-७-४६

"દ્રૌપદીએ જોયું કે અશ્વત્થામાને પશુની જેમ બાંધીને લાવવામાં આવેલી છે. આ નિંદિત કર્મને કારણે અશ્વત્થામાનું મસ્તક નીચે ઢળી ગયેલું છે. પોતાનું ભારે મોટું અનિષ્ટ કરનાર ગુરુપુત્ર અશ્વત્થામાને આ રીતે અપમાનિત અવસ્થામાં જોઈને દ્રૌપદીનું કોમળ હદય કરુણાથી ભરાઈ ગયું. દ્રૌપદીએ અશ્વત્થામાને નમીને પ્રણામ કર્યા."

પછી દ્રૌપદી કહે છે :

उवाच चासहन्त्यस्य बन्धनानयनं सती ।

मुच्यतां मुच्यतामेष ब्राह्मणो नितरां गुरु : ॥

- श्रीमद् भागवत : १-७-४३

"ગુરુપુત્રને આવી રીતે બાંધીને લાવવામાં આવ્યો તે દ્રૌપદીથી સહન ન થયું. દ્રૌપદી કહે છે, 'મુક્ત કરો, આમને મુક્ત કરો! આ બ્રાહ્મણ આપણા માટે અત્યંત પૂજનીય છે, વંદનીય છે."

વળી દ્રૌપદી કહે છે :

मा रोदीदस्य जननी गौतमी पतिदेवता ।

यथाहं मृतवत्साऽऽर्ता रोदिम्यश्रुमुखी मुहुः ॥

- श्रीमद् भागवत : १-७-४७

"જેમ મારા પુત્રોના મૃત્યુથી દુ:ખી થઈને હું રુદન કરું છું અને

મારી આંખોમાંથી વારંવાર આંસુઓ નીકળી રહ્યાં છે, તેમ આની (અશ્વત્થામાની) માતા પતિવ્રતા ગૌતમીને રુદન ન કરવું પડે.”

આમ કહીને દ્રૌપદી સૌને કહે છે : “અશ્વત્થામાને મારશો નહીં, તેને મુક્ત કરો.”

દ્રૌપદીની આ કરુણાસિક્ત ઈચ્છાને માન આપીને અશ્વત્થામાના મસ્તકનો મણિ કાઢી લઈને તેને મુક્ત કરવામાં આવે છે.

પોતાના પાંચેય પુત્રોની નિદ્રાવસ્થામાં નિર્મમ હત્યા કરનારને એક માતા, દ્રૌપદી ક્ષમા આપે છે, ક્ષમા અપાવે છે. તેને મૃત્યુદંડથી બચાવી લે છે !

આ છે દ્રૌપદીની મહાનતા ! આ છે દ્રૌપદીનું કરુણાપૂર્ણ હદય ! આ છે દ્રૌપદીની લોકોત્તરતા !

ભારતના નારીજગતનું દ્રૌપદી એક અત્યંત ઉજ્જવળ પાત્ર છે.

ભારતીય નારીઓનું આકાશ દ્રૌપદી જેવાં ઉજ્જવળ નક્ષત્રોથી શોભે છે.

પાંચ પતિઓની પત્ની હોવા છતાં મહાન સતીઓની યાદીમાં દ્રૌપદીનું નામ આદરપૂર્વક લેવામાં આવે છે.

દ્રૌપદીનો જન્મ, દ્રૌપદીનું સતીત્વ, દ્રૌપદીની કૃષ્ણપ્રીતિ, દ્રૌપદીનું આત્મગૌરવ, દ્રૌપદીની ક્ષમાવૃત્તિ, દ્રૌપદીનો ત્યાગ, દ્રૌપદીની પતિનિષ્ઠા, દ્રૌપદીનું જાજરમાન વ્યક્તિત્વ, દ્રૌપદીનું દેવાંશી સ્વરૂપ - આ સર્વ અદ્વિતીય છે.

દ્રૌપદી ભારતનું ગૌરવ છે અને જ્યાં સુધી આ ધરતી પર સૂર્ય-ચંદ્ર-પ્રકાશ આપતાં રહેશે, ત્યાં સુધી દ્રૌપદીનું નામ ભારે આદરપુર્વક લેવાતું રહેશે.

ભારત આવી નારીઓથી ઊજળું છે !

■ ■ ■



# નારી સૃષ્ટિ



**શ્રીમતી સુનિતા ડી. વ્યાસ**
લેખિકા, કોલમિસ્ટ, દાર્શનિક અને સામાજીક કાર્યકર્તા, ઊર્મિશીલ કાવ્ય તથા ગઝલની સશક્ત કવયિત્રિ છે.

# પ્રેમને પ્રાપ્ત કરવાનો શોર્ટકટ માર્ગ

**પ્રેમ પ્રાપ્ત કરવાના સોનેરી સૂત્રો:**

(૧) શારીરિક સૌંદર્ય : તમારા શરીરને સ્વચ્છ અને ખૂબ જ સુંદર રાખો. તમારી શારીરિક સુડોળતા એટલે કે તમારું વજન, હાઈટ, તમારી રૂપસજ્જા પ્રત્યે જાગૃત રહો. તમારું સુંદર વ્યક્તિત્વ જ પ્રેમનું પ્રથમ પગથિયું છે. આકર્ષક વ્યક્તિત્વ જ આજના યુગની પ્રથમ જરૂરિયાત છે અને એ મહત્વનું પણ છે.

(૨) વારંવાર ચિડાવું નહિં : હંમેશા પ્રેમ અને ખુશી બધાને ગમે છે માટે વારંવાર ચિડાવું નહીં.

(૩) યોગ્ય વ્યક્તિ સામે પ્રેમ દર્શાવો : પ્રેમ પ્રાપ્ત કરવા આત્મીય બનવું જરૂરી છે. કરોડો રૂપિયા હોવા છતાં વ્યક્તિ આનંદિત નથી, સુખી નથી, કેમ કે આત્મીયતાનો અભાવ છે. પ્રેમ આપો તો પ્રેમ મળશે. હાસ્ય ને દુઃખ આપો તો દુઃખ જ મળશે. શું મેળવવું એ તમારા હાથની વાત છે, પરંતુ પ્રેમ એવી વ્યક્તિને કરો જેને પ્રેમનું મૂલ્ય હોય ને જરૂરત પણ હોય તેવા વ્યક્તિને પ્રેમ કરો, નહીંતર તમારો પ્રેમ અને લાગણી હાસ્યાસ્પદ બનશે. માટે યોગ્ય વ્યક્તિ સામે પ્રેમ દર્શાવો.

(૪) અહમ્ શૂન્યતા : અહંકારથી ભરેલ વ્યક્તિ કદી પ્રેમ પ્રાપ્ત કરી શકતો નથી માટે અહમ્‌નો ત્યાગ કરવો ખૂબ જ જરૂરી છે.

(૫) પૂર્વાગ્રહથી મુક્ત રહેવું : તમારી પ્રિય વ્યક્તિ પાસે આગ્રહ રાખો પરંતુ પૂર્વાગ્રહ નહી. પૂર્વાગ્રહથી મનદુઃખ થશે અને પ્રેમમાં દરાર (તિરાડ) ઊભી થઈ શકે છે.

(૬) ઈચ્છાની રજૂઆત : પોતાની ઈચ્છાની રજૂઆત તમે સમય, સંજોગો અને તમારી પ્રિય વ્યક્તિનો મૂડ જોઈને કરો. આમ કરવાથી તમારી ઈચ્છા જરૂર પૂરી થઈ શકે છે.

(૭) પ્રેમને બંધનથી મુક્ત સ્વતંત્ર રાખો : પ્રેમીને બંધનથી મુક્ત રાખો, કેમ કે પ્રેમને બંધન મજૂર નથી. પ્રેમ સ્વતંત્રતામાં માને છે. તમારા પ્રેમીને જેટલી સ્વતંત્રતા આપશો એટલો પ્રેમ તમારા તરફ વધશે, કેમ કે સ્વતંત્ર વ્યક્તિ અનુભવો દ્વારા શીખે છે અને સાચા પ્રેમને સમજવા સક્ષમ બને છે.

(૮) આભાર માનવાનું ચૂકશો નહીં : કોઈએ તમારી તરફ થોડીઘણી લાગણી કે ભાવના દર્શાવી હોય તો તેનો આભાર જરૂરથી માનજો. આભાર માનવામાં જે શક્તિ છે તે અમલમાં મૂકીને જોઈ શકશો.

(૯) વ્યવસ્થિત કપડાં પહેરવાં : કપડાંથી વ્યક્તિનું બાહ્ય વ્યક્તિત્વ નક્કી થાય છે. પછી વાણી અને વ્યવહાર દ્વારા વ્યક્તિને જાણી શકાય છે, પરંતુ આ દુનિયાની લાલચી આંખોને તક મળે તેવા વસ્ત્રો ન પહેરો તો સારું. જેનાથી ઘણી તકલીફોથી બચી શકાય છે. પ્રભુએ આપેલા સૌંદર્યને તમારા પ્રેમીને જ સમર્પણ કરો.

★ હાસ્ય અને આનંદ વગરનો સમાજ ખરેખર ભયાનક લાગે છે.
★ હાસ્ય વગરની વ્યક્તિ ફૂલ વગરના વૃક્ષ જેવી છે.
★ હાસ્ય પ્રેમ અને આનંદથી છલકાતું હૃદય જ પ્રેમ કરી શકે છે.
★ હાસ્ય વગરના વ્યક્તિને મનુષ્ય નહીં પણ મશીન જ કહી શકાય.

(૧૦) ભેટ જરૂરથી આપો : અંગત વ્યક્તિને ભેટ આપવા માટે કોઈ પ્રસંગની જરૂર નથી. દરેક દિવસ એક નવા પ્રસંગની જેમ ઉજવવો જોઈએ. તમારા પ્રેમીને આપવા ભૌતિક વસ્તુ હોવી જરૂરી નથી. તમારી પ્રેમભરી નજર પણ એક અનમોલ ભેટ છે.

(૧૧) તમારી અંગત વ્યક્તિને ફોન કરવાનું ચૂકશો નહીં : વ્યક્તિ ગમે તેટલી પાસે હોય પણ આજના યુગમાં કોસો દૂર થઈ ગઈ છે છતાં પણ કોઈને ફોન કરી થોડો સમય ખબરઅંતર પૂછી તમારી ભાવના બતાવી શકાય છે, કારણ કે લાગણી વ્યક્ત કરવી જીવનની જરૂરિયાત છે. ફોન કરવાથી લાગણી પૂરેપૂરી તો ન પહોંચાડી શકાય પરંતુ હા.... થોડીઘણી હમદર્દી જરૂર પહોંચાડી શકાય છે.

(૧૨) સ્વયં ને પ્રેમ કરો : તમારા શરીરને સાચવો, પ્રેમ કરો. તમે જ તમારા શરીરને સુખ ને દુઃખ આપી શકો છો. દુનિયામાં કોઈની તાકાત નથી કે તમને સુખી કરી શકે તમારી ઈચ્છા વગેરે.

(૧૩) ગુસ્સાને કંટ્રોલ કરો : જ્યારે કોઈ તમને ન ગમતી બાબતો બોલે ત્યારે તેમની દરેક વાત સાંભળવી ને તેનો જવાબ આપવો જરૂરી નથી. કોઈ નેગેટિવ બોલે ત્યારે હિંમત ને સમજ રાખી ફ્યૂઝ ઑફ કરવો કે ગુસ્સો કરવાથી સામી વ્યક્તિને કંઈ ફરક પડતો નથી. ઉલ્ટાની આપણી પોતાની હજાર ગણી શક્તિનો નાશ થાય છે અને માનસિક તનાવ થઈ માનસિક બીમારીનો ભોગ બનાય છે ને પ્રેમ કરવાની શક્તિ પણ ગુમાવી બેસીએ છીએ માટે ગુસ્સાને કંટ્રોલ કરો.

(૧૪) હસો અને હસાવો : ટેન્શનથી મુક્ત થવાનો એક જ ઉપાય છે હસવું ને હસાવવું. આજના યુગમાં દરેક પાસે ઘણીબધી ભૌતિક સગવડો છે પણ સાચું હાસ્ય નથી, મનગમતો આનંદ નથી તેથી હસી શકતો નથી. દરેક વ્યક્તિ ખુશી એ આનંદની ખોજમાં દરેક વ્યક્તિ સુખ અને હાસ્યના જામ પીવા તરસી રહી છે માટે બીજાને ખુશી અને હાસ્યના જામ પિવડાવતા રહો. ખુશી આપશો તો જરૂર ખુશી પ્રાપ્ત કરી શકશો. એક વખત અખતરો કરીને અજમાવી જુઓ. હાસ્યમાં જે જાદુ છે કે કરોડો રૂપિયામાં પણ નથી. હાસ્ય એક મેજિક છે જેના દ્વારા દરેક વસ્તુ પ્રાપ્ત થઈ શકે છે માટે જીવનમાં હાસ્યનું હોવું ખૂબ જ જરૂરી છે.

"મારે હસવું છે ફૂલોની જેમ, મને હસવા દો તમે.
મારે રડવું નથી દુઃખની જેમ, મને હસવા દો તમે."

જીવનને ખુશીથી છલકતું બનાવવું હોય તો જીવનમાં હાસ્યને ખૂબ મહત્વ આપવું જોઈએ. મો. ૯૪૨૯૯ ૫૫૮૧૭

## નવી દિશા... નવા વિચાર...









## સહકારથી સમગ્ર સમાજની સેવા

- નાગરિકો માટે જૂથ અકસ્માત વીમા યોજનાનો પુનઃ પ્રારંભ...
- પાક સહાય યોજનાનો અમલ...
- ટપક સિંચાઈ યોજનામાં આર્થિક યોગદાન...
- વાયર ફેન્સિંગ યોજનામાં આર્થિક સહાય...
- ખેતીકામમાં ઉપયોગી તાલપત્રીઓનું રાહતદરે વિતરણ...
- જમીન ચકાસણી લેબ તથા સ્પાઈસિસ લેબની નજીવા દરે ટેસ્ટિંગની સુવિધા...
- એ.સી. ભોજનાલયમાં શુદ્ધ અને સાત્વિક ભોજનની ઉત્તમ વ્યવસ્થા...
- માત્ર રૂા. ૧૦/- માં સારી ક્વોલિટીના ચા-નાસ્તાની સુવિધા...
- માર્કેટયાર્ડમાં ગરમીની સીઝનમાં ફ્રી છાશનું વિતરણ...
- જાહેર સ્થળોએ ઠંડા મિનરલ પાણીની સુવિધા...
- એમ્બ્યુલન્સ તથા ફાયરફાઈટરની ૨૪ કલાક સુવિધા...
- બ્રાહ્મણવાડા મુકામે ૩૦ એકર જમીનમાં અદ્યતન સુવિધાઓવાળા માર્કેટયાર્ડનો શુભારંભ...
- ઉંઝા તાલુકા તથા બજાર વિસ્તારના કુપોષિત બાળકોને દત્તક લઈ માનવતાનું કાર્ય...

## જય સહકાર... જય કિસાન...

| દિનેશભાઈ પટેલ | અરવિંદભાઈ પટેલ | દિનેશભાઈ પટેલ |
| --- | --- | --- |
| ઈન્ચાર્જ સેક્રટરી | વા. ચેરમેન | ચેરમેન |

તથા ડિરેક્ટરગણ

**ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ, ઉંઝા**

APMC UNJHA Since 1954 AGRICULTURAL PRODUCE MARKET COMMITTEE





**જશુભાઈ એમ. પટેલ**
ચેરમેનશ્રી ઉમાછત્ર કમિટી



**જયંતીભાઈ લાકડાવાળા**
પ્રભારીશ્રી ઉમાછત્ર કમિટી

# શ્રી મા ઉમાનું સુરક્ષા કવચ : ઉમાછત્ર

"સુરક્ષા કવચ" એટલે એક એવી આગોતરી વ્યવસ્થા કે જેના અમલથી જોખમ ભરેલી પરિસ્થિતિને કેટલાક અંશે હળવી અને ઓછી અસરકર્તા બનાવી શકાય અને સંભવિત નુકસાનીથી રક્ષણ મેળવી શકાય. યોગ્ય સુરક્ષા કવચથી જોખમી પરિબળોને સ્વીકાર્ય સ્તર સુધી લાવી સંભવિત નુકશાનને અમુક અંશે નિયંત્રણમાં લાવી શકાય. બીજી રીતે કહીએતો સુરક્ષા કવચ એ એક એવી આગોતરી વ્યવસ્થા છે જે વ્યક્તિને કોઈ પ્રતિકુળ સંજોગોને પૂર્ણ પણે કાબુમાં લેવા અશક્ય છે પણ તેને ઓછા નુકશાનકર્તા બનાવી શકાય જો તે માટે જરૂરી પગલાં અગાઉથી લીધાં હોય તો.




વ્યક્તિ ધંધો, નોકરી કે ખેતી કરતો હોય તેના વ્યવસાય મુજબ વિવિધ જોખમોનો તેને સામનો કરવો પડતો હોય છે. ક્યારેક આર્થિક, ક્યારેક સામાજિક કે પછી વ્યક્તિગત બાબતો વ્યક્તિને તનાવગ્રસ્ત બનાવતી હોય છે. દરેકનો સમય કાયમ માટે એક સરખો રહેતો નથી. વ્યક્તિની ઉંમર વધતી જાય તેમ તેમ તેની જવાબદારીઓ પણ વધતી જાય છે. કુટુંબમાં કમાતા યુવાનનું અચાનક મૃત્યું થાય ત્યારે કુટુંબ નિરાધાર બની જાય છે. આવા સંજોગોમાં નાના બાળકોના અભ્યાસના સ્વપ્નો વિખેરાતા લાગે છે. આગળ ઉપર જાણે અંધકાર છવાયાનો ભાસ થાય છે. ધીરે ધીરે નજીકનાં સગાં પણ દુર થતાં જાય છે. અને આવા સંજોગોમાં પરીવાર મદદ ઝંખતો હોય છે. આવા સંજોગો ઉભા થાય ત્યારે જો વ્યક્તિએ જીવનમાં યોગ્ય નાણાકીય વ્યવસ્થા ઉભી કરેલી હોય તો તે કુટુંબ માટે એક ઘણો મોટો સહારો બની જાય છે. એટલે વ્યક્તિએ પોતાની હયાતીમાંજ એવી નાણાકીય વ્યવસ્થા ઉભી કરવી જોઈએ કે જ્યારે તેની હયાતી ના હોય ત્યારે કુટુંબને આર્થિક સહાય મળી રહે અને કુટુંબ સ્વર્નિભર બની રહે.

આગોતરા નાણાકીય આયોજન કરેલું ના હોય તો કુટુંબ દેવાના ડુંગર હેઠળ દબાય જાય છે. આના પરિણામે વ્યક્તિની ગેરહાજરીમાં તેના કુટુંબને કેટલેક અંશે નાણાકીય સહાય મળી રહે. અને આવા સંજોગોમાં પરીવાર મદદ ઝંખતો હોય છે. એટલા માટે જ વ્યક્તિએ પોતાની હયાતી ના હોય ત્યારે કુટુંબને આર્થિક સંકડામણ ભોગવવી ના પડે તે માટે તેની હયાતીમાંજ નાણાકીય સુરક્ષાના યોગ્ય પગલા લેવા જોઈએ. આ એની કુટુંબ માટેની પ્રાથમિક ફરજ બને છે. નાણાકીય મદદ ગુજરનારનું સ્થાન તો લઈ શકતી નથી પણ આવી પડેલું દુઃખ કંઈક અંશે હળવું થાય છે.

સમાજમાં યુવાનોના અકાળે અવસાનની દુઃખદ ઘટનાઓ અવારનવાર બનતી હોઈ છે અને આને ધ્યાને લઈ આપણી વૈશ્વિક સંસ્થા "વિશ્વ ઉમિયા ધામ" જાસપુર અમદાવાદે આવા પરિવારોને જરૂરિયાતના સમયે કંઈક અંશે સહાય થઈ રહે તે માટે રૂા. ૧૦ લાખ સુધીની આર્થિક સુરક્ષા માટે "ઉમાછત્ર" નામની યોજના પાટીદાર સમાજ માટે અલમમાં મુકેલ છે. અહિંયા સંસ્થાનો આશય એજ છે કે પરિવારમાંથી કમાતી યુવાન વ્યક્તિ અણધારી ચાલી જાય ત્યારે તેનો ખાલીપો કંઈક અંશે ઓછો થાય.

સંસ્થાનો આવા પરિવારને સાથે લઈ તેને દુઃખમાં હુંફ આપવાનો એક નમ્ર પ્રયાસ છે જેનાથી દુઃખી પરિવાર ખુમારીથી આગળ વધી શકે. સંસ્થાના આ પ્રયાસથી અસરગ્રસ્ત પરિવારને યોગ્ય સમયે આર્થિક સહાય મળી રહે અને બાળકો એમનો અભ્યાસ પૂર્ણ કરી શકે. એ નોધનીય છે કે "વિશ્વ ઉમિયાધામ" જાસપુર, અમદાવાદનો આ પ્રયાસ માત્ર અને માત્ર અસરગ્રસ્ત પરિવરોને આર્થિક સહાય માતાજીના પ્રસાદરૂપે આપવાનો છે અને સહાય લેનાર વ્યક્તિને નાનો, દિન કે લાચાર ગણવાનો નથી. "વિશ્વ ઉમિયાધામ" જાસપુર, અમદાવાદના આ પ્રયાસથી સહાય લેનાર પરિવારને એવો અનુભવ થશે કે અમે એકલા નથી અમારી પડખે મા ઉમિયાજી અને "વિશ્વ ઉમિયાધામ" જાસપુર, અમદાવાદ ઉભા છે.

૧. ઉમાછત્રમાં સભ્ય તરીકે જોડાવા માટે બે વિકલ્પ, જેવા કે વિકલ્પ-૧ અને વિકલ્પ-૨.

૨. **વિકલ્પ-૧ની પસંદગી** કરનાર વ્યક્તિએ એક સાથે એક જ વખત રૂા. ૩૧,૦૦૦/- હજાર ભરવાના હોય છે. પાછળથી તેઓએ વાર્ષિક રકમ ભરવાની નથી.

૩. **વિકલ્પ - ૨ની** પસંદગી કરનારે પ્રારંભિક (સભ્ય થતા સમયે) રૂા. ૪૦૦૦/- ભરવાના હોય છે અને ત્યારબાદ દર વર્ષે રૂા. ૨૦૦૦/- આસપાસ ભરવાના થાય છે.

૪. ઉમાછત્રમાં જોડાવાની ઓછામાં ઓછી **ઉંમર ૧૮ વર્ષથી ૫૨ વર્ષ** અને આ યોજનાનો લાભ ૫૫ વર્ષની ઉંમર સુધી મળવા પાત્ર છે. વ્યક્તિની ૫૫ વર્ષની ઉંમર સુધી વરાળે પડતી વાર્ષિક રકમ ભરવાની થાય છે.

૫. વિકલ્પ-૧માં જોડાયેલ વ્યક્તિને જોડાયાના એક વર્ષ બાદ અને વિકલ્પ - ૨માં જોડાયેલ વ્યક્તિને બે વર્ષ બાદ અકસ્માત કે કોઈપણ કારણે ઉમાછત્ર સભ્યનું નિધન થાય તો તેને સંસ્થાના નિયમો અને ઠરાવોને આધીન મૃત્યુના દિન-૩૦માં તે વ્યક્તિના કુટુંબને રૂા. ૧૦ લાખની સહાય આપવામાં આવશે.

૬. સભ્યનું મૃત્યુ થયે તેઓના કુટુંબીજનોએ સંસ્થાને જાણ કરવાની રહેશે.

૭. સંસ્થાના પ્રતિનિધિઓ સભ્યના મૃત્યુની અન્ય વિગત માટે વધારાની છાનબીન કરી શકાશે.

૮. હત્યા અને આત્મહત્યાથી સભ્યનું મૃત્યુ થયેલ હોય તો ઉપરોક્ત સહાય મેળવવા પાત્ર નથી.

૯. વાર્ષિક રૂા. ૨૨૦૦/- થી વધુ રકમ ભરવાની આવે તો તે વધારાની રકમની પુર્તતા શરૂના ૫૦૦૦ સભ્યો સુધી સંસ્થા કરશે.

૧૦. કોઈપણ સંસ્થા, કંપની, પેઢી, વ્યક્તિ નિયત ફાળો જમા કરાવી સંસ્થાના નિયમ મુજબ તેઓના પટેલ કર્મચારી, પટેલ સમાજની કોઈપણ વ્યક્તિને ઉમાછત્રમાં સભ્ય તરીકે જોડી શકશે.

૧૧. સભ્ય થનાર વ્યક્તિએ તેનું આધાર અને પાન કાર્ડ આપવાનું રહેશે. તેવી વ્યક્તિએ સભ્ય થતાં પહેલા કોઈ મેડીકલ ચેકઅપ રીપોર્ટ આપવાનો નથી.

૧૨. સભ્ય થયેલ વ્યક્તિ વિકલ્પ - ૨માંથી વિકલ્પ - ૧માં કોઈપણ વર્ષે તબદીલ થઈ શકશે જેમાં તેઓએ પ્રારંભિક ભરેલ રકમ રૂા. ૪૦૦૦/- બાળ મળશે પણ દર વર્ષે ભરેલ રકમ બાદ મળશે નહિં.

૧૩. ઉમાછત્ર સભ્ય થવા ઈચ્છતા વ્યક્તિએ ummachhatra.vishvaumiyadhamfoundation.org અથવા વિશ્વ ઉમિયાધામની વેબમાં લીન્કથી ઓનલાઈનને અરજી અને પસંદ કરેલ વિકલ્પની રકમ ભરી તરત જ ડિઝીટલ પહોંચ અને ૩૦ દિન બાદ સૌજન્યપત્ર / સર્ટીફીકેટ મેળવી શકશે.

૧૪. રોકડા કે ચેક વડે ઉમાછત્ર સભ્ય થવા ઈચ્છો તો નજીકની Bank of Baroda શાખામાં જઈને સ્લીપ મેળવી, નામના કોલમમાં "વિશ્વ ઉમિયા સુરક્ષા કવચ" તથા ખાતા નંબર ૠઢ પછી સભ્ય થનારનો મોબાઈલ નંબર લખી પસંદ કરેલ વિકલ્પ રકમ ભરવાની રહેશે. કોઈપણ સાથે રોકડ વ્યવહાર કરવો નહિ. સંસ્થાની ઓફિસે કેશ કે ચેક જમા કરાવી રસીદ મેળવી લેવાની રહેશે.

૧૫. સભ્ય થતાં પહેલાં સંસ્થાના "ઉમાછત્ર"ના પેમ્ફલેટમાં આપેલ વિગત અને નિયમો વાંચી લેવા.

અત્યાર સુધી ઉમાછત્ર યોજનામાં ત્રણ હજાર જેટલા કુટુંબો જોડાયા છે અને વિશ્વ ઉમિયાધામનો સંકલ્પ છે કે આ યોજનામાં સમાજના વધુમાં વધુ કુટુંબો જોડાય.

સમાજના એવા ઘણા સાધન સંપન પરિવારો છે કે જેઓને ઉમાછત્ર નો લાભ લેવાની જરૂરિયાત જણાતી નથી તો તેવા પરિવારો નજીકના જરૂરીયાતમંદ સગાઓ, મિત્ર, એમના કર્મચારીઓને સભ્ય બનાવી મા ઉમિયાનું સુરક્ષા કવચ પ્રદાન કરી શકે છે. સંસ્થાના દાતાશ્રીઓ, ટ્રસ્ટીઓ, હિતેસ્છુઓએ ઘણી સંસ્થામાં પરિવારોને જોડી ઉમાછત્ર પ્રદાન કર્યું છે. તેઓના આ પ્રયાસને હાર્દિક નમન.

આપણી સંસ્થા "વિશ્વ ઉમિયાધામ" જાસપુર, અમદાવાદે આજ દિન સુધી ૪ સભ્યોને વ્યક્તિ દીઠ રૂા. ૧૦ લાખની લેખે રૂા. ૪૦ લાખની સહાય ઉમાછત્ર હેઠળ વિના વિલંબે પૂરી પાડી છે. આ એક ઉમદા કાર્ય છે. આ માં ઉમાને પ્રાર્થના કરીએ કે આપણા દરેક યુવાનોને આ પાટીદાર જ્ઞાતિ પરિવારોને ક્ષેમકુશળના આર્શીવાદ આપે અને સહુને હસતા રાખે. ■

મો. 75750 03316

## સમાજ સૃષ્ટિ



**પદ્મશ્રી ડૉ. ચંદ્રકાંત મહેતા**
લેખક, જાણીતા વરિષ્ઠ પત્રકાર, સાહિત્કાર, કોલમિસ્ટ, ૬૦ થી વધુ પુસ્તકોના લેખક અને ભારત સરકાર દ્વારા પદ્મશ્રી એવોર્ડથી વિભૂષિત છે.

# જીવનનું મૂલ્યાંકન કેવી રીતે કરશો ?

**ડો. ચંદ્રકાન્ત મહેતાનો ટૂંકો પરિચય**

- ડૉ. ચંદ્રકાન્ત મહેતા ભારતના રાષ્ટ્રપતિ દ્વારા પદ્મશ્રી સન્માનથી સન્માનિત થયા છે.તેઓ ગુજરાત દૈનિકની કેમ છો દોસ્ત, એક જ દે ચિનગારી અને ગુફતેગો કોલમના છેલ્લા ૪૯ વર્ષથી લેખક છે. તેઓ હિન્દી સાહિત્ય પરિષદના પૂર્વ અધ્યક્ષ છે.
- ડૉ. મહેતાનાં ગુજરાતી, અંગ્રેજી, હિન્દી અને પ્રાકૃત ભાષામાં ૧૯૭ પુસ્તકો પ્રકાશિત થયેલ છે. તેઓ શિક્ષણકાર, સમાજસેવી, સરકાર માન્ય પત્રકાર તથા પ્રૌઢ શિક્ષણ દ્વારા ૩ લાખ નિરક્ષરોને અક્ષર જ્ઞાનનું નિમિત્ત બન્યા છે.
- તેઓ અનેક સામાજિક તથા ક્ષૈક્ષણિક સંસ્થામાં સેવોઆ આપી રહ્યાં છે. તેઓ અનેક નેશનલ એવોર્ડથી વિભૂષિત થયેલા છે. ડૉ. મહેતાને "ઉમા સૃષ્ટિ"માં આવકારતા આપણે ગૌરવ અનુભવીએ છીએ.

'દીકરા, આમ ફેશનઘેલો બની આડેધડ ખર્ચ ન કરીશ.' એક લાખ રૂપિયાનો મોબાઈલ ખરીદનાર પુત્રને પિતાએ પુત્ર અરમાનને કહ્યું. 'પપ્પા, આવતી કાલની ચિંતામાં આજને બગાડવાનો ઉપદેશ ન આપો. જિંદગી જાણવા માટે નહીં, માણવા માટે છે.' પુત્રે કહ્યું . 'બેટા, ભૌતિક સુખોની કશી સીમા નથી. તું ખર્ચને પહોંચી વળવા બેબાકળો થઈ ગયો છે. પહેલી તારીખે મળતો પગાર પાંચ તારીખ સુધીમાં વાપરી નાખે છે. જિંદગી જીવવાની આ રીત નથી.' પિતાનો ઉત્તર. 'કૃપા કરીને મને સલાહ ન આપો. વૃદ્ધો પાસે સલાહનો અખૂડ ભંડાર હોય છે. આજનો યુગ સુખસુવિધાના ભંડાર વચ્ચે જીવનને માણી લેવાનો છે. ચાણક્યને લોકો ભલે ગાંડી સલાહ આપનાર કહેતાં, પણ જિંદગીમાં સુખ અને આનંદનું શું મહત્વ છે એ જાણતો હતો એટલે 'આજ' ને સર્વસ્વ માની ખાઓ, પીઓ ને લહેર કરો' નું સૂત્ર આપ્યું. તમે સૌ વડીલો અને વૃદ્ધ સ્વર્ગપ્રાપ્તિ અને મોક્ષની વાત કરો છો, પણ એનો નકશો છે તમારી પાસે ? આધ્યાત્મિક પુસ્તકો, ધર્મ ઉપદેશકો કે કથાકારોએ કહેલી વાતો માણસ વાગોળ્યા કરે છે ? જિંદગી નકારાત્મકતાનું પોટલું નથી, સકારાત્મકતાની સુગંધની ખેરાત કરતો મહાન બાગ છે. તમે સકારાત્મક દૃષ્ટિથી જોશો, તો ખીલેલાં મબલખ ફૂલો તરફ તમારી નજર જશે. નકારાત્મક દૃષ્ટિથી જોશો, તો ચિમળાઈ ગયેલાં ફૂલોની નશ્વરતાનો વિચાર આવશે. જિંદગી એ પ્રેય અને શ્રેયનો સરવાળો છે. વધુ પડતાં ધાર્મિક કે આધ્યાત્મિક લોકો શ્રેયના સપનામાં પ્રેયનું બલિદાન આપે છે. આપના ઘસાયેલા વિચારો મારી પર લાદવાની પ્રવૃત્તિ પર નિયંત્રણ મુકવાની જરૂર છે. પુત્ર પિતાની વાત માનવા તૈયાર નહોતો. પુત્ર અરમાને કહ્યું.

પુત્રના ઉડાઉપણાની વાત જતી કરીએ, તો પણ એક વાત સ્પષ્ટ છે કે માણસને પોતાની જિંદગીનું મૂલ્ય આંકતા નથી આવડતું. માણસ એ સસ્તો પણ નથી અને મોંઘો પણ નથી. માણસ એ આખરે માણસ છે. મનુષ્ય-જીવનનું મૂલ્યાંકન માપવાનું કોઈ મીટર નથી મળતું..... માણસે આત્મદર્શન કરી પોતાનું મૂલ્યાંકન જાતે જ કરવું પડે છે. પોતાની જાતને તુચ્છ માનનાર જીવન સાથે અન્યાય કરે છે. જીવન તુચ્છ નથી, જીવન એ આશાવાદી બની ચાલવાનો મહાન મોકો છે. પોતાને નગણ્ય ગણવો એ પોતાની જાતનું અને જગન્નિયતાનું અપમાન છે. કુદરતને કશું જ નકામું સર્જિત કરવાની આદત નથી. માણસના પોતાને હીન-વિચારહીન માનવાનો ટૂંકો ગજ જ પોતાને વામણો માનવાની કુદૃષ્ટિ આપે છે. અહીં સૂર્ય સિંહાએ 'વાર્તાઓ બોલે છે'માં વર્ણવેલો 'મુશ્કેલીઓ બતાવીને પોતાની કિંમત ન ઘટાડો' પ્રસંગ આત્મ મૂલ્યાંકનનું મહત્વ પ્રતિપાદિત કરે છે. તદ્નુસાર એક મલ્ટિનેશનલ કંપનીને માર્કેટિંગ એક્ઝિક્યુટિવની આવશ્યકતા હતી. એ માટે કંપનીએ અખબારમાં જાહેરાત આપી. એ વાંચી ઘણા ઉમેદવારો ઈન્ટરવ્યૂ આપવા પહોંચી ગયા. બધાને એક કે બીજાની બહાર હોલમાં બેસાડવામાં આવ્યા. કેબિનમાં ઈન્ટરવ્યૂ-કમિટીના સભ્યો બેઠેલા હતા. તેઓ પોતાની કેબિનમાં બેઠે-બેઠે એ હોલમાં ગુપ્ત રીતે ક્લોઝસર્કિટ કેમેરો ગોઠવેલો હતો, જેથી ઈન્ટરવ્યૂ આપવા આવેલા ઉમેદવારોની ગતિવિધિ ઝીણવટથી જોઈ શકાય.

કોઈ ઉમેદવાર બેચેનીથી વારંવાર ઘડિયાળ જોઈ રહ્યો હતો તો કોઈ પરેશાન થઈ માથું ખંઝવાળી રહ્યો હતો. કોઈનો ચહેરો મૂંઝાયેલો હતો, તો કોઈ શંકા-કુશંકામાં અટવાયેલો હતો. કેવળ એક જ ઉમેદવાર આત્મ- વિશ્વાસથી બેઠો હતો. તે એકદમ તનાવમુક્ત હતો. ઈન્ટરવ્યૂ કમિટીના સભ્યો કેમેરા દ્વારા ઉમેદવારોના હાવભાવ જોઈને

વારાફરતી ઈન્ટરવ્યૂ માટે બોલાવતા હતા. એક એક કરીને ઉમેદવારો કેબિનમાં જતા અને તેમને બહાર આવવા નહોતા દેતા.

થોડીવાર પછી પેલા ઉત્સાહી અને આત્મવિશ્વાસ સભર યુવકનો નંબર આવ્યો. તે કેબિનમાં પ્રવેશ્યો. તેને પુછવામાં આવ્યું, તમને ખબર છે ને કે તમે ક્યાં અને શા માટે આવ્યા છો ? 'જી હા, હું ડિલર્સ ડાયમંડ કંપનીમાં માર્કેટિંગ એક્ઝિક્યુટિવની જગ્યા માટે ઈન્ટરવ્યૂ આપવા આવ્યો છું.'

'અમે જાહેરાતમાં ખુલાસો કર્યો હતો કે પસંદ કરાયેલા ઉમેદવારને પાંચ લાખ રૂપિયા વાર્ષિક આપવામાં આવશે. શું તમે તેની સાથે સમ્મત છો ?'

'જી, ના શ્રીમાન' ઉમેદવારે કહ્યું. 'ના' સાંભળી ઈન્ટરવ્યૂ કમિટીના સભ્યો ચોંક્યા. કમિટી પૈકી એક વ્યક્તિએ પૂછ્યું : 'તેમ છતાં તમે ઈન્ટરવ્યૂ આપવા આવ્યા ! ખેર, તમે આવી ગયા છો તો કહો કે તમે કેટલા પગારની અપેક્ષા રાખો છો ?'

'પહેલી વાત, હું એટલા માટે આવ્યો કે નોકરીના બજારમાં હું મારી સાચી કિંમત આંકવા માંગતો હતો. બીજી વાત એ કે કંપની યોગ્યતાનું માન રાખે છે કે નહીં અને ઉમેર્યું મને જોઈએ છે સાત લાખ પચાસ હજાર. ઉમેદવારે સ્પષ્ટ જવાબ આપ્યો.'

પાંચ લાખ પગારની અમે જાહેરાત આપી હતી. તેમ છતાં બીજા અઢી લાખની અપેક્ષા રાખો છો, એવી કઈ વિશેષતા છે તમારામાં ? 'સાહેબ, માર્કેટિંગ એક્ઝિક્યુટિવ નું વેતન પાંચ લાખ વર્ષિક ઠીક છે, પરંતુ આ રકમ સાધારણ રીતે કામ કરનાર માટે ઠીક છે, પણ મારા ઉત્સાહ, ઝનૂન, પાગલપણાની હદ સુધી કંપનીને સમર્પિત કરીને સારામાં સારું પરિણામ આપવા માટે સાત લાખ પચાસ

## જીવનનું સાચું મૂલ્ય આંકવા કઈ ૬ બાબતો યાદ રાખવી જોઈએ ?

૧. આત્મમૂલ્યાંકન, પોતાને તુચ્છ માનવાની મનોવૃત્તિનો અભાવ.
૨. પોતાનું મૂલ્યાંકન જાતે જ કરી સફળતા અને આનંદ માટે ખૂટતી વસ્તુઓ જીવનમાં ઉમેરો.
૩. જીવનમાં 'વૈતરા' ન બનો, પણ આયોજન અને ઉત્સાહપૂર્વક કાર્યરત રહો.
૪. તમે જ તમારા ભાગ્યવિધાતા છો. ભગવાને તમને જેવા બનવું હોય, તેવા બનવાની છૂટ આપી છે.
૫. નકારાત્મકતાનું ક્યારેય સ્વાગત ન કરો.
૬. તમે પરમાત્માનું શ્રેષ્ઠ સર્જન છો, એવી શ્રદ્ધા સતત ટકાવી રાખો.

હજાર રૂપિયા વાર્ષિકથી ઓછું કોઈ પણ રીતે વાજબી નથી. ઉમેદવારે કહ્યું. એ યુવકની વાત સાંભળી પસંદગી-કારોની આંખો ચમકી ઊઠી. વાસ્તવમાં એ કંપનીને ઝનૂની, સમર્પિત, મહત્વકાંક્ષી તથા આત્મવિશ્વાસથી ભરેલા યુવકની જ શોધ હતી. પસંદગીકારોએ આંખો દ્વારા જ સમ્મતિ આપી દીધી અને એ યુવકની પસંદગી કરી લીધી. વાર્તાને અંતે સૂર્યા સિંહા સારાંશ રૂપે જણાવે છે કે પોતાની કિંમત કદી ઓછી આંકવી જોઈએ નહિં. હજારો મુશ્કેલીઓ આવવા છતાં પોતાની મુશ્કેલીઓને ચહેરા પર દર્શાવવી નહીં. પોતાના પર વિશ્વાસ અને આક્રમક ઉત્સાહથી ભરેલ વ્યક્તિ સામેવાળાને જબરદસ્ત રીતે પ્રભાવિત કરી શકે છે.'

ઘણાં લોકો નિરાશા સાથે નકારાત્મક દૃષ્ટિકોણથી કામમાં જોતરાય છે. પ્રતિભાના શબ્દકોશમાં વૈતરું શબ્દ નથી, પણ ઉત્સાહપૂર્વકનો પરિશ્રમ છે. કામને વેઠ કે ભાર માની અધૂરા મને કામ કરનાર જ્યાં છે, ત્યાં જ પડ્યો રહે છે. પ્રગતિ એને દુરથી નમસ્કાર કરે છે.

કુદરત કોઈના લલાટે તુચ્છતાનું વિધાન લખતી નથી. તમારા કોરા કપાળમાં તમે જે કાંઈ બનવા માંગતા હો તે તમારે જ લખવાનું છે. માત્ર વિલાસવૃત્તિ માણસને પતનના માર્ગે દોરી જાય છે.

ખંખેરી નાખવું એ પણ સૌથી મોટી કળા છે. વિપરીત પરિસ્થિતિઓપણ ચાલી જવાની છે. કોઈપણ એવી રાત નથી, જેને નસીબે પ્રભાત લખાયેલું ન હોય.

માણસ પેલા યુવકની જેમ ઉતાવળે ખર્ચાળ રીતે જીવનનાં સુખો માણી લેવા ઈચ્છે છે. જીવન એ દોડનો વિષય નથી, પણ મક્કમ મનથી ગતિનું આયોજન કરી ધીમેથી પણ ચોક્કસ ધ્યેયથી વિજયી બની શકે છે. તમારી અંદર અનંત શક્તિ કૃપાથી એક દીપક જલતો રહે છે. ઘણાં માણસ એ અનંત શક્તિના દીપકને બુઝાવવાની કોશિશ કરે છે. સાધુ ટી. એલ. વાસવાણીના પ્રેરક શબ્દો યાદ રાખવા જેવા છે. તમે ગમે તે કરતાં હો - ગમે ત્યાં કામ કરતા હો - ખેતરમાં, કારખાનામાં, નિશાળમાં, ઓફિસમાં કે દુકાનમાં - તમારું દૈનિક જીવન તમારું મંદિર છે. તમે પોતે તેના પુજારી છો, અને અર્પણ પણ તમે પોતે જ છો. તમે પવિત્ર સ્તુતિ પણ અને યજ્ઞનો અગ્નિ પણ તમે જ છો. ■

## સમાજ સૃષ્ટિ



**ડો. ભાવેશ જેતપરિયા**
કવિ, લેખક, સંશોધક અને પૂર્વ પ્રોફેસર
જે. એ. પટેલ મહિલા કોલેજ, મોરબી

# જીવ સેવા એ જ ભક્તિ

આપણે જોઈએ છીએ કે કોઈ ઓટલો-રોટલો આપતી જગ્યા બાંધે, કોઈ સદાવ્રત ચલાવે, કોઈ ચબુતરો બનાવે, કોઈ ચણ નાખે, કોઈ ગૌશાળા નિભાવે, કોઈ કૂતરાને રોટલો નાખે, કોઈ દરદીઓની સેવા કરે અને કોઈ કીડીયારું પુરીને જીવજંતુઓને જમાડે છે. એ બધું જ સેવામાં સમાવિષ્ઠ થાય છે. કોઈ સવારે કે સાંજે સેવા કરે છે કોઈ ભેખધારી બનીને અખંડ સેવાવ્રત ધારણ કરે છે. આપણે ત્યાં 'સેવા પરમો ધર્મ'નો આદર્શ સ્વીકારવામાં આવ્યો છે. સેવાભાવી વ્યક્તિ અતિવૃષ્ટિ, અનાવૃષ્ટિ, ભૂકંપ, મહામારી વગેરે આપત્તિ સમયે દર્દીની સેવા કરવા કે ઓટલા-રોટલાની વ્યવસ્થા કરવામાં લાગી જાય છે. એ લોકો તંત્રની રાહ જોવા ઊભા રહેતો નથી. તંત્ર આવે તો એને ઉપયોગી થાય છે. 'હું'ને ઓગાળીને સેવા કરવા લાગી જાય એ મહત્વની વાત છે.

એક ધનિક ગૃહસ્થી. એકવાર કથામાં સપરિવાર પધારો. કથામાં વ્યાસાસને બિરાજમાન કથાકારે એક સંતને આમંત્રણ આપ્યું. સંત કથા સ્થળે પધાર્યા. આ ગૃહસ્થી એની બાજુમાં બેઠા. ઘેર પગલાં પાડવા માટે ભાવથી આમંત્રણ આપ્યું. થોડી વાતચીત થઈ. સંતનું સન્માન થયું. કથા પૂર્ણ થઈ. ગૃહસ્થીની ગાડીમાં બેસીને સંત આંગણે પધાર્યા. સંત દ્વારા સેવાનું ઈજન આપવામાં આવ્યું. ભગવાને તમને આપ્યું છે તો બીજાને આપો. ઓટલો રોટલો શરૂ કરો. સંતે રાત્રી નિવાસ કર્યો. શહેરની મધ્યમાં પોતાની જગ્યા હતી ત્યાં જ સવારમાં સંતના વરદ હસ્તે રામ રોટલો શરૂ કરી. મફતની કોઈ કિંમત ન કરે. માત્ર પાંચ રૂપિયામાં ભરપેટ ભોજન આપવાનું શરૂ કર્યું. સંતને જગ્યા અનુકૂળ લાગી. સમાધિ સુધી ત્યાં જ રોકાઈ ગયા. હાલ ત્યાં રામ રોટલો ચાલે છે. ડૉક્ટર પાંચ રૂપિયામાં ટ્રીટમેટ આપે છે. રાહતદરે મેડિકલ સ્ટોર્સ શરૂ કર્યો છે. હજારોની સંખ્યામાં જરૂરિયાતમંદ તેનો લાભ લે છે. એમાંથી જ સેવાભાવી મળતા જાય છે. વધારાનો ખર્ચ ગૃહસ્થી ભોગવે છે. સેવામાં ઘસાય છે છતાં એની સંપત્તિમાં વધારો થતો જાય છે.

એક ભાઈ રોજ સવારે છ વાગે ઊઠીને ચારપાંચ થેલા હાથમાં લઈને બહાર નીકળે. એપાર્ટમેન્ટના પાર્કિંગમાં રાખેલ કોથળી અને પડિકા થેલામાં નાંખીને સ્કૂટરનાં હૂકમાં ટીંગાડે પછી મેઈન રોડ પર આવે. નિવૃત્તિ પછી આ સેવાનું કામ મોજથી શરૂ કરેલું. પાંચસાત થેલા અને સ્કૂટર પર લઈને નીકળી પડે. વાતોમાં મોજ સિવાય કાંઈ ન મળે. એ હોય ત્યારે થોડીવાર આનંદ આનંદ છવાઈ જાય. કૂતરાની ફોજ એના ભાઈબંધ. પાંચ દશ ગાયો એની રાહ જોઈને રોડ પર ઊભી હોય. એક થેલામાં રોટલા, રોટલી, દૂધની થેલી કૂતરાઓ માટે, બીજામાં પંખી માટે ચણ અને બે મોટા થેલામાં પશુઓ માટે આહાર હોય અને બિસ્કીટ મજૂરોના છોકરાઓ માટે છે. એક દિવસ ન જાય તો રાત્રે ઊંઘ ન આવે. એ વિચાર કરે કે પશું-પંખી પેટ ભરાય જાય એટલે જતા રહે. આપણે ન આપીએ તો કોઈ તો મળી જાય છે. કીડીને કણ અને હાથી ને મણ સમયસર મળી જાય છે. માણસ ભેગું કરે છે એને સાચવવા માયાનાં પોટલાંમાં બંધાય છે પછી ગંધાય છે. પેઢિયું ખાય તોય ન ખૂટે એટલું હોય તોય ભેળું કરવા કૂચે મરે છે.

આપણે ત્યાં એક પરંપરા હતી કે જમવાનું પીરસાય એ પહેલા કૂતરાં માટે, ગાય માટે થોડું કાઢી લેવાતું કોઈ સાધુ, કોઈ ગરીબ ભીખારી માટે રાખવામાં આવતું. ભોજન સાદું અને તાજું ઘરમાં જ બનતું. સામાજીક જીવન સહકાર, સમજ, અન્યોન્યનો સ્વીકાર અને સંપથી ચાલતી સુચારુ વ્યવસ્થા હતી. પારમાર્થિક ભાવના બલિષ્ઠ હતી. જ્યારે અંદરથી સેવા કરવાની ઈચ્છા જન્મે ત્યારે તેને ઈશ્વરનો આદેશ માનવો. કણ કણમાં કિરતાર અને જીવમાં શિવનું દર્શન કરીને સેવા કરવામાં આવે એ જ ભક્તિ છે. માવનજાત પ્રગતિના પંથે છે, સમૃદ્ધિ અને સગવડનો પાર નથી. બધું ઉત્કૃષ્ટ અને અઢળક માત્રામાં હોવા છતાં અનુકંપાનું ઝરણું સૂકાતું જાય છે. અંગત લાભ મેળવવા હડકાયો થયો એટલે 'મને શું ફાયદો?' એવો સવાલ કરે છે. અપેક્ષા વિના સેવા કરવાની વાત એના મનમાં ઠસતી નથી.

એક બીજો કિસ્સો યાદ આવે. મેં એક વિશાળ ગૌશાળા જોઈ છે. ફાળો ઉઘરાવવા માટે કોઈ પાસે લાંબો હાથ ન કરવો. એક અલખના આધારે ચાલે છે. લાંબો હાથ ન કરવો એ એક જ પ્રતિજ્ઞા જાળવી છે. ત્યાં જઈને આપો તો ભલે. ફંડફાળા માટે ચોપાનિયાં, કેટલોગ છપાવવા, જાહેરમાં બેનર લગાવવું કે કોઈ કાર્યક્રમ ઊભા કરવા એવું વિચાર્યું જ નથી. રેઢિયાળ, બિમાર, વૃદ્ધ, ખોડખાંપણવાળી ગાયો હજારોની સંખ્યામાં નિભાવે છે. એ સાથે દોઢસો જેટલા વિકલાંગોને પણ સંભાળે છે. સન્માન કરવા ચાહે તો યશપ્રતિષ્ઠાથી દૂર રહે છે. મળો તો વાતમાં અહંકાર ન આવે. નમ્ર અને નખશિખ પ્રમાણિક હોવાનો અનુભવ થાય. આપો કે ન આપો વિવેકમાં કોઈ ફરક નહીં. રોજનું લાખોનું ખર્ચ. અને વિશાળ તંત્રને જોયા જાણ્યા પછી કોઈ પણને એહસાસ થાય કે આ બધું રામભરોસે અને વ્યવસ્થિત ચાલે છે. એ રીતે ઈશ્વરી લીલાને સૂક્ષ્મ રીતે તપાસવા જેવી છે.

# સમાજ સૃષ્ટિ

રેલવે સ્ટેશન પાસેના બાગ પાસે વર્ષોથી એક નાની લોજ ચલાવતા ચલાવતા સીત્તેર વરસના દાદા થઈ ગયા. બપોરે અને સાંજે ભોજન સાત્વિક શુધ્ધ અને ગરમા ગરમ તાજું થાળી ભરીને આપે છે. એમાં દાળભાત શાક રોટલી સંભાર અને છાશ હોય. કોઈ ન આપે તો ભલે આપે તો દસવીસ રૂપિયામાં ફૂલ ભાણું. અભેદભાવે જમાડે, જે આવે તે જમે. કોઈ હૈયામાં રામ વસે તો અનાજની ગુણી આપી જાય. કોઈ લોટની થેલી આપી જાય, કોઈ બટેટા-ડુંગળી, કઠોળ, લીલા શાકભાજી આપી જાય. રસોડું ધમાકેદાર ચાલે છે. કોઈ પાસે ટેહેલ નાંખવામાં આવતી નથી. ખરેખર રામભરોસે ભોજન વ્યવસ્થા ચાલે છે. વધી પડે તો સંઘરવુ ક્યાં અને તૂટો રહે તો આપવું શું ? એવી સમસ્યા જ નથી આવતી. નથી તૂટો આવતો કે નથી વધી પડતું. રાત્રે બધું સંપૂર્ણ. આ અલખના આધારે ચલતા રોટલાની આ કમાલ છે.

સેવા કેન્દ્રને સંભાળનાર જેટલો શુધ્ધ અને સાત્વિક એટલો કારોબાર પવિત્ર. એના ધાર્યા કામ સમયસર ઉકેલાતા જાય. એનો થાક ન લાગે. આઠે પહોર આનંદ આનંદ જ છલકે. જો વ્યવહાર ગોબરો હોય તો એક પછી એક સમસ્યા આવી જ સમજો. આદર્શ સમાજની વાતો વ્યવહારમાં શોધવી કઠીન છે. કથાઓમાં, પ્રવચનોમાં, ભાષણોમાં, વાતોમાં સારી લાગે છે. 'સંતોષી નર સદા સુખી' પણ માણલ લોભી, લાલચી અને અતૃપ્ત લાગે છે એટલે સાચું સુખ મળતું નથી. તેની પાસે બધું હોવા છતાં ખાલીપો કનડે છે. યંત્રો સાથે યંત્રવંત થતાં સ્ટ્રેસમાં જીવે છે. સેવાના બદલામાં કંઈક મેળવવાની વૃત્તિ વકરે, મિથ્યા વાદવિવાદમાં ફસાય, અહંકાર ફૂંફાડા મારે, સમૃદ્ધિ માટે સેવાની સીડીએ ચડીને ગોરખધંધા કરે એટલે સેવાધરમ લજવાય, સેવાકેન્દ્રનું નિકંદન નીકળે અને લાંછન લાગે એ લટકામાં. આજે શુધ્ધસેવાના હેતુને પેરેલિસિસ થયો છે, સેવાની ગંગા ગટર બનતી જાય છે. સેવાની હરિફાઈમાં કીડીયારું પૂરનાર, પંખીઓને ચણ નાખનાર કે ટૂકડે પે ટૂકડા કરીને આપનારો આગવ નીકળી જાય એવું બનવાજોગ છે.

'સેવા'નો શાબ્દિક અર્થ જોઈએ તો ચાકરી, નોકરી, આરાધના, સારવાર, નિષ્કામ ભાવથી પારકાનું કામ કરવું વગેરે થાય છે. જગતમાં સેવાનો આદર્શ માનીનો ચાલનારાઓની રાહ જોવાય છે. વિકટમાં વિકટ પરિસ્થિતિમાં સેવાનું વ્રત જાળવે એને સલામ છે. જરૂરિયાતમંદની સેવા એટલે પરમાત્માની પ્રત્યક્ષ સેવા. શ્રીમદ્ ભગવદગીતામાં ભગવાન શ્રી કૃષ્ણ અર્જુનને કહે છે.. ઈશ્વર કર-કણમાં વ્યાપ્ત છે. સમસ્ત જીવ ભગવાનનો અંશ છે. જીવસેવા એજ પ્રભુ સેવા છે.

સેવામાં સમર્પણનો ભાવ હોવો જોઈએ. હાલ શુધ્ધ સેવાભાવી લોકોની તાતી જરૂરી છે. વરસ દરમ્યાન જાતને પૂછવું જોઈએ કે આ વરસ પોતાના તરફથી કામ શું કર્યું ? જો ઉંમર જ વધી હોય તો ગીગોળાની જેમ ચોંટ્યા રહેવું યોગ્ય નથી. સ્ટેજ પર બેસવા, જાહેરમાં માન કે વાહવાહી માટે કરેલી સેવા સમાજને ચોપડે નોંધાય ખરી પણ ઈશ્વરના ચોપડે ગુપ્તસેવા જ નોંધાય છે. અપેક્ષા વગર સેવા કરવી એ તપ છે, સાધના માલિકીભાવ વિના પવિત્ર મનથી, શુધ્ધ ભાવથી અને પ્રમાણિકતાથી કરેલી સેવા પૂજા છે. ભક્તિ છે અને એજ પરમ ધર્મ છે.

**મો - ૯૮૭૯૮ ૩૫૭૧૭**

**પેઈજ નં. ૩૯ નું ચાલુ** **(લોકોપયોગી માર્ગદર્શન)**

ઉપરના હક્કો નોંધવા માટે આજે પણ જમીન મહેસૂલનું રેકર્ડ જે લોકપ્રિય ભાષામાં ૭/૧૨ અને હક્કપત્રક (Record of Rights) તરીકે ઓળખાય છે. અગાઉ 7/12 Manually નિભાવવામાં આવતાં અને નમૂના નં. ૧૨ એટલે કે પ્હાળીપત્રક તુલવારી તરીકે ઓળખાતું અને નમૂના નં.૭માં કબજેદારોનું નામ, સર્વે નંબર, જમીનનું ક્ષેત્રફળ, આકાર જમીન મહેસૂલ, બીજા હક્કમાં જમીન ઉપરના બોજા કે અન્ય વિગતો દર્શાવવામાં આવે છે એટલે જેમ કલમ-૯૫ની વિભાગના જણાવી તેમ જમીન મહેસૂલ વસુલ કરવાનું અને કોની પાસેથી કેટલું મહેસુલ ઉઘરાવવું તે વ્યવસ્થાતંત્રને Survey & Settlement કહેવામાં આવે છે. અગાઉ ૭/૧૨ Manually નિભાવવામાં આવતા એટલે દર વર્ષ દરમ્યાન જે પણ ફેરફાર થયા હોય તે તમામ આવરી લેવામાં આવતા. આમ ગુજરાતમાં જે જૂનું જમીન મહેસુલ રેકર્ડ વ્યવસ્થિત રીતે નિભાવવામાં આવતું. ગુજરાતમાં ભારત સરકારની Modernisation of Revenue Record યોજના હેઠળ જામનગર અને મહેસાણા Pilot Project હાથ ધર્યા બાદ અને આ કામગીરી ખાનગી એજન્સીઓ મારફત કરાવેલ, જેથી જે માપદંડ અને ધોરણો અપનાવવા જોઈએ તે ન અપનાવવાથી પાયલોટ જિલ્લા ઉપરાંત પાછળથી રાજ્યના તમામ જીલ્લાઓમાં રી સર્વે કરવામાં આવ્યું અને ઉતાવળે લોકોને ખાતેદારોને તેમની હાજરીમાં ખરાઈ / ખાત્રી કરવાની તક આપ્યા સિવાય પ્રમાણિત જાહેર કરી દેવામાં આવ્યું, જેમાં અસંખ્ય ભૂલો થવાથી ૧૫ વર્ષ બાદ પણ ક્ષતિ સુધારણાની કામગીરી પુરી થયેલ નથી અને રાજ્યના ખેડૂતો તેમના રેકર્ડની દુરસ્તી માટે ધક્કા ખાય છે. આ રી સર્વેની બાબત ખેડૂતોને મહૃદઅંશે સ્પર્શતી હોઈ આગામી લેખમાં વિવરણ કરીશું.



**ડૉ. નરેભરામ જે. રાંકજા**
મેમ્બર ફોર બોર્ડ ઓફ સ્ટડીઝ,
મારવાડી યુનિવર્સિટી, રાજકોટ અને પૂર્વ પ્રોફેસર,
જુનાગઢ કૃષિયુનિવર્સિટી, જુનાગઢ

# “ઝભ્ભો મારો મોટા કોલર વાળો બનાવ તું...”

આપણા સાહિત્યમાં ઉપરોક્ત ટાઈટલને અનુરૂપ એક લેખકની કટાક્ષ રચના છે જે એક સુંદર અને જીવનમાં ઉતારવા જેવી છે. લેખક એક દરજીને કહે છે.

“કાપડ ઓછું છે, તો ગઝવા હટાવ તું....,”
“ઝભ્ભો મારો કોલર વાળો બનાવ તું.....”

આ કટાક્ષ રચના દ્વારા એવું કહેવામાં આવે છે કે ગઝવા (ખીસ્સા) હટાવ તું એટલે કે મારી પાસે ધન ઓછું હશે તો ચાલશે અને કરકસર કરીને ચલાવી લેશું પરંતુ કોલર એટલે કે સ્વમાન તો જોઈએ જ, એના વગર નહીં ચાલે, આપણે ત્યાં એક કહેવત છે કે કોલર ઉંચા રાખીને ચાલવું એટલે કે વટથી કે સન્માનથી ચાલવું.

ખરી વાત છે, માણસને જીવન જીવવા માટે જરૂરીયાત કેટલી ? આજના આ ભૌતિક સુખ પાછળની હરીફાઈ માટેની દોટ ને થંભાવી દો તો ધનની જરૂરીયાત કેટલી ? આજના આ ભૌતિક યુગમાં જરૂરીયાત વધી ગઈ છે માટે ધન કમાવું જરૂરી બની જાય છે, સમય પ્રમાણે તેમ કરવું પણ આવશ્યક છે માટે આ દોટ મુકવી તે ખોટું છે તેમ કહેવું પણ થોડું ભુલ ભરેલું છે. પરંતુ આ દોટ જે સ્વમાનને ભોગે, સ્વાસ્થ્ય ના ભોગે, નીતિમત્તાના ભોગે એટલે કે અનિતીનું આચરણ કરીને મુકવામાં આવે છે તે યોગ્ય જણાતું નથી તેથી તેમાં બ્રેક મારવી જરૂરી છે. ખુબ જ મહેનત કરવી ને ખુબ જ કમાવવું એ કંઈ ખોટું નથી પરંતુ કોઈની લાચારી કોઈની દયાથી કે સ્વમાનના ભોગે તે ન જ થવું જ જોઈએ, અત્યારના યુગમાં ધનની જરૂરીયાત નથી તેવું નથી, મારે કાંઈ પૈસાની જરૂર નથી? એવી ખાલી વાતો થાય છે, હકીકતમાં તો તેના વિના ચાલશે પણ નહી, કારણ કે હાલના સંજોગોમાં ભૌતિક સુખની સાથે સાથે સામાજિક રચના એવી થઈ ગઈ છે. સમાજ સાથે રહેવું અને એના રીત રીવાજને અનુસરવુ પણ જરૂરી છે. સમાજની આ માનસિકતા આપણે એકલા હાથે સુધારી શકવાના નથી માટે તેને અનુસરીને સમાજ સાથે ભળી જવું કે સમાજથી દુર થઈ જવું આ બેજ વિકલ્પ છે. આ બધું કરવા માટે એ જરૂરી નથી કે માણસે પોતાનું સ્વમાન પણ મુકી દેવું પડે. અત્યારના રીત રીવાજ મુજબ સામજિક કામ માટે કૌટુંબિક જરૂરીયાતો સંતોષવા માટે જરૂરી એવું ધન કમાવું જરૂરી છે પરંતુ આના માટે કોઈ પાસે હાથ લાંબો ન કરવો પડે તે એટલું જ જરૂરી છે. આટલી જરૂરીયાત તો આપણે આપણી ઈમાનદારીથી કરેલ મહેનત અને આવડતથી પણ સંતોષી શકશું. સ્વમાનને ગીરવે મુકવાની જરૂરીયાત રહેશે નહીં.

‘Self-esteem is confidence in one’s own worth, abilities or morals. Self-esteem encompasses beliefs about oneself as well as emotional states, such as triumph, despair, pride and shame. The self-concept is what we think about the self, self-esteem, is the positive or negative evalutions of the self, as in how we feel about it.’

આત્મસન્માન એક એવી વસ્તુ છે કે જેમાં આપણે આપણને પોતાને જ મહત્વ આપતા હોય કે સમજતા હોય, જે આપણા માટે આપણા પોતાનો અભિપ્રાય ને વિશ્વાસ ઉપર આધારિત છે. આપણા આત્મસન્માનથી એવું ફલિત થાય છે કે આપણે એક વ્યક્તિના રૂપમાં પોતાને પસંદ કરીએ છીએ અને મહત્વ આપીએ છીએ. આત્મસન્માન એક સુખી અને સફળ જીવન માટે ખુબજ જરૂરી છે. આ એક એવી ફિલીંગ છે કે તેને બહાર વાતાવરણ સાથે કંઈ લેવાદેવા નથી પરંતુ આપણને પોતાને તેમાં ખુશીઓ મળે છે. કોઈ પણ વ્યક્તિ સાથેની રીલેશનશીપમાં જેમ પ્રેમ, વિશ્વાસ, સમજદારી હોય છે. તેમ સાથે આત્મસન્માન હોવું પણ જરૂરી છે. આત્મસન્માનને ભોગે દોલત તો ન જ મેળવવી જોઈએ. એવી દોલતથી ભૌતિક સુખ મળે છે પરંતુ ખુશી મળતી નથી, પણ હા, જ્યારે સામાજિક કે કૌટુંબિક જીવનમાં સબંધ (Relationship)ની વાત આવે ત્યારે એવી પરિસ્થિતી ઉભી થાય છે કે આપણે આત્મસન્માનને મહત્વ આપવું કે સબંધને ? આવી પરિસ્થિતીમાં ક્યારેક આત્મસન્માન કરતા સબંધને વધુ મહત્વ આપવું જરૂરી બને છે. આનો આધાર જે તે સબંધની પ્રગાઢતા ઉપર રહેલો છે. આપણને સબંધનું મૂલ્ય તેમજ આત્મસન્માન અને મિથ્યાભિમાન વચ્ચેની ભેદરેખાની પણ ખબર હોવી જોઈએ. એકલા આત્મસન્માન લઈને જીવન જીવી શકાતું નથી. આજની સામાજીક રચના ને ધ્યાનમાં લઈને અનેક સબંધો વચ્ચે જ માણસ ખીલી શકે છે, જેના તરફ દુર્લભ સેવી શકા નહીં. સબંધોની આ દુનિયામાં ઘણા સબંધો એવા હોય છે કે જ્યાં સબંધની ઉંચાઈ જોતા, આત્મસન્માન ગૌણ બની જાય છે. દા.ત. સંતાનો અને મા-બાપ સાથેનો સબંધ, ગુરૂ-શિષ્યનો સબંધ, ભાઈ-બહેનનો

સબંધ, સન્માનનીય વડીલો સાથેનો  સબંધ. ક્યારેક સાચા પ્રેમ આગળ પણ આત્મસન્માનને ગૌણ ગણવો પડે છે. આવા પ્રેમાળ સબંધો આગળ આત્મસન્માનને મહત્વ આપી શકાય નહી. આપણે કહીએ છીએ કે કોઈ સબંધ આત્મસન્માનથી મહત્વનો ન હોઈ શકે, પરંતુ આવા સબંધો આત્મસન્માનથી પણ ચઢિયાતા છે જેથી તેને મહત્વ આપવું જોઈએ. સામાન્ય સબંધમાં સ્વાર્થ કરતા આત્મસન્માનને વધારે મહત્વ આપવું જોઈએ.

આત્મસન્માનથી આદર પણ જરૂર મળે છે. આપણા સમાજમાં આદર ઘણી રીતે મળે છે જેમ કે સમાજ માટે સારૂ કામ કરીને, કોઈને મુશ્કેલીના સમયે મદદરૂપ થઈને કોઈને આદર કરવાથી પણ આપણને આદર મળે છે. પરંતુ આ આદર મેળવવા માટે જે કંઈ પગલા ભરીએ તેમાં આપણું આત્મસન્માન તો જળવાવું જોઈએ. આ દુનિયા અનેક અસમાન લોકોથી ભરેલી છે, કોઈ આદર આપે તો કોઈ ઉપેક્ષા કે અવગણના કરનાર મળી રહેવાના છે. ઉપેક્ષા કરવાવાળાઓને વધારે પડતો આદર આપવાથી આપણું આત્મસન્માન જરૂર દુભાવાનું છે, માટે આદરની પણ એક બાઉન્ડ્રી રાખવી જરૂરી છે. આત્મસન્માન સાથે સારી શરૂઆત કે સારી કામગીરી કરવાથી આદર કે માન સન્માન માંગવાની જરૂર નહી પડે, તે આપ મેળે આવી જશે. ઘણી વખત એવું બને છે કે કોઈ ચીજ કે વસ્તુની પાછળ પડવાથી મેળવી શકાતી નથી પરંતુ તેની ચિંતા કર્યા વગર આપણે આપણું કામ કરતા રહીએ તો તે આપણા ખભા ઉપર આવીને બેસી જાય છે.

આત્મસન્માન એટલે પોતાના માટેનું ગૌરવ. કેટલાક લોકો પોતાના વ્યર્થ ઈગોને સેલ્ફ એસ્ટીમ ગણીને પોતાના જ પગ ઉપર કુહાડો મારતા હોય છે આત્મસન્માન બે ધારી તલવાર છે. આપણું આત્મસન્માન સાચવવા જતા આપણે પોતાને ઈજા કરી બેસીએ એવું બની શકે છે. આપણે જ્યારે આપણી ઓકાત બહારનું વર્તન કરવા જઈએ ત્યારે આત્મસન્માન પ્રાપ્ત થાય છે અને તેમજ બીજાઓથી સમક્ષ પોતાની જવાબદારી કબુલ કરે છે તેને જ આત્મસન્માન પ્રાપ્ત થાય છે અને તેને જ આત્મસન્માનનો હક છે. જે વ્યક્તિ હંમેશા માટે બીજા ઉપર ઢોળી દેવાની વૃત્તીવાળો હોય કે તે એમ માનતો હોય ફલાણાએ મને ફસાવી દીધો, ઢીંકણાના કારણે હું ઉપરના આવી શક્યો અને મને મીસ ગાઈડ કર્યો, એને મારી ચાડી ખાધી આવા બહાના બતાવનાર વ્યક્તિ કોઈ દિવસ પોતાનું આત્મસન્માન જાળવી

## સ્વર્ગ મળતું હોય, પણ સ્વમાન ન જળવાય, તો જન્નતના દરવાજેથી પણ પાછા ફરી જાવું

શકશે નહી. કેટલાક એવા લોકો હશે કે બીજાઓની હા માં હા અને ના મા ના પુરાવીને એમને વહાલા થઈ પોતાનું કામ કઢાવી લેવાની વૃતિ ધરાવતા હોય છે. આવી વૃતિ ધરાવતા લોકો પોતાનું  આત્મસન્માન જાળવી શકતા નથી, કારણ કે આત્મસન્માન જાળવવા માટે કશાકનો ભોગ આપવો પડતો હોય છે, કશુંક જતું કરવું પડતું હોય છે.

જો આપણે આપણા સ્વાર્થની કોઈ વાત જતી કરવા માંગતા ન હોય તો આપણે આપણા આત્મસન્માન ને નેવે મુકીને બીજાના ઓશિયાળા બનવું પડે છે. પોતાનું આત્મસન્માન જાળવવા માટે બીજાના આત્મસન્માનને પણ આદર કરવો જોઈએ. કેટલાક લોકો બીજાને ઉતારી પાડવાની ટેવવાળા હોય છે. તેમને એવો વહેમ હોય છે તે હું જ હોશિયાર છું જેથી તેઓ બીજાને અન્ડર એસ્ટીમેટ કરતા હોય છે. આવા લોકો વારંવાર આત્મસન્માનનો ભોગ બનતા હોય છે. જેમનામાં વિલ પાવર હોય, સેલ્ફ કોન્ફીડન્સ હોય, તેઓને ક્યારેય કૃત્રિમ રીતે આત્મસન્માનને જાળવવાની જરૂરીયાત રહેતી નથી. જેમની પાસે તમામ શક્તિ નીચોવીને કામ કરવાની આવડત હોય અને તેમનામાં એવો વિશ્વાસ હોય કે જે માર્ગે આગળ વધી રહ્યા છીએ તે સાચો અને સારો છે, તો તેમનું આત્મસન્માન કોઈ પણ જાતના પ્રયત્ન વિના જળવાઈ રહેશે. જે લોકો એવી માનસિકતા ધરાવતા હોય કે હું આ રીતે એટીટ્યુડ દેખાડીશ તો જ સામાવાળાને મારી મહત્વતા સમજાશે. આવું માનનારા લોકો નથી પોતાનું આત્મસન્માન જાળવી શકવાની ક્ષમતા ધરાવતા કે નથી બીજાનું આત્મસન્માન જાળવવાની વૃતિ ધરાવતા હોય. ખાસ એ યાદ રાખવું કે આત્મસન્માન ત્યારે જ જળવાય કે જ્યારે જ્યારે આપણે આપણું ગજુ વધાર્યા પછી મોટા સપના જોયા હોય, નહી કે તે પહેલાં. આત્મસન્માન માટે આપણા પોતા ઉપર ભરોસો કરવો, હંમેશા પોઝીટીવ વાતો કરવી, બીજાની સરખામણી ન કરવી, કારણ કે દરેકની ખાસીયત અલગ અલગ હોય છે. આપણા માટે બીજાએ કરેલ ટીકાઓમાં સત્યતા હોય તો હંમેશા સ્વીકારવાનો અભિગમ રાખવો. છેલ્લે એક સરસ મજાની વાત યાદ આવે છે કે સ્વર્ગ મળતું હોય, પણ સ્વમાન ન જળવાય, તો જન્નતના દરવાજેથી પણ પાછા ફરી જાવું.

મો. ૯૮૨૫૯ ૫૦૪૬૨

# સમાજ સૃષ્ટિ



લેખકો જાણીતા કેળવણીકાર અને
સમાજ ચિંતક છે.



જિતેન્દ્ર બી. જોટાસણા (અમરેલી)          રમેશ પી. આદ્રોજા (મતિરાળા)

# આપણે કયા રસ્તે ?

આપણે બધાં પાછલાં કેટલાંક વર્ષોથી જોઈએ છીએ કે, સમાજમાં યોજાતાં ધાર્મિક અને સામાજિક ઉત્સવો, મેળાવડાઓમાં સ્ટેજ પરથી આપણા શુભચિંતકો એવા વડીલો, આગેવાનો જીવન અને સમાજ જીવનમાં નથી મીઠાશ કે નથી સંતોષનો ઓડકાર. આમ કેમ ? આજે ૩૦/૩૫ - કે ૪૦ વરસ પહેલાનું સમૂહજીવન કે જીવનશૈલી કેમ યાદ આવે છે ? શું આપણે સામૂહિક રીતે, વિકાસના નામે, દેખાદેખીના નામે, માભો અને મોભો દેખાડવાના કામે અવળે રસ્તે તો ચડી ગયા નથી ને ? આપણે જીવનમાં, પરિવારમાં, વ્યવહારમાં અને સમજપૂર્વક પકડી રાખવા જેવું, અપનાવીને ઉતારવા જેવું હતું એ છૂટી ગયું નથી ? અને નહીં પકડવા જેવું નાડું પકડીને બેઠા છીએ ? આપણે ભૌતિક ચીજવસ્તુઓ, સુવિધાઓથી ભર્યા-ભર્યા થયા પણ...કુટુંબ પરિવારમાં, ભાઈઓ-ભાઈઓ વચ્ચે, ધંધામાં ભાગીદારો વચ્ચે, પાડોશમાં, સગા-સંબંધીઓમાં અને સમાજમાં હર્યા-ભર્યા, માનવીય મીઠપથી તરબતર માણસ બની શક્યા ખરા ? બે પાંદડે નહીં ચાર પાંદડે થયા પણ સંયુક્ત પરિવારો તૂટ્યા તેનું શું ?




વડીલોની આમાન્યા છૂટી, માવતરો વૃદ્ધાશ્રમો તરફ કેમ ? આપણી ભણેલી-ગણેલી દીકરીઓ, વેવિશાળ પૂર્વે 'ડસ્ટબીન' શબ્દ ઉચ્ચારે અને તોય આપણે સંસ્કારી ? આપણે આપણાં અંગત ચપટીક લાભ-ફાયદા-સ્વાર્થ માટે ગમે તેની સાથે, ગમે ત્યારે દગા-ફટકાની, વિશ્વાસઘાતની મેલી રમત રમવામાં કેવા ચાલાક થયા ? તો પણ આપણે ધાર્મિક, ધર્મપ્રિય અને સજ્જન ? વાહ રે આપણાં માપદંડ ! કૌટુંબિ, પારિવારિક, સામાજીક વિટંબણા અને ગૂંચ વખતે, જ્યારે ખખડીને ખોંખારો ખાઈને, સાચાના પક્ષે ઊભા રહેવાનું હોય, બોલવાનું હોય તે ટાંકણે આપણે મૂંગામંતર રહીએ. સમાજનો ભાઈચારો અને કોમી એખલાસ બગડતો હોય ત્યારે બિનજરૂરી બફાટ કરીને બળતામાં ઘી હોમીએ. આ છે આપણી જીભ અને મનોવૃત્તિનો વિકાસ ! પેટમાં - ઘરમાં રાખવાની વાતો જગતના ચોકમાં મૂકીએ અને ડંકાની ચોટ પર, ગાઈ વગાડીને કહેવા જેવી વાતો માટે મીંઢુ મૌન સેવીએ, એ આપણું શાણપણ ?

આસપાસના સમાજમાં પુરુષાર્થ અને પ્રયત્ન કર્યા પછી પાછળ રહી ગયેલા નાના માણસને આંગળી પકડાવવાના બદલે, આપણાં જામી ગયેલાં ધંધા-ધાપામાં થાય એટલી ગોલમાલ, કાળું - ધોળું કરીને મબલખ કમાઈને પછી ધાર્મિક અને સામાજિક પ્રવૃત્તિઓમાં ચપટીક હિસ્સો આપીને 'મોટભા' થવાની હોડમાં છીએ કે નહીં ? વ્યસનની તો વાત જ શું કરવી ? ચા - બીડી - તમાકુ અને પાન-માવાના વ્યસન તો હવે નાના બગલ બચ્ચાં થઈ ગયા. 'ભારે માંહ્યલાં' કોંટામાં રહેવાની મજબૂરી ઘર કરી ગઈ. ફેશનનાં નામે આપણે શું - શું નથી કરતા ? નાણાંનો બેફામ વ્યય, કઢંગું અંગ પ્રદર્શન અને બુદ્ધિનું દેવાળું ! આવા લાલચુ હુડમણાં અને ભડકામણાં વાયરામાં, રખે આપણે ક્યાંક અભણ, ગમાર, ગામડિયા અને દેશી ગણાઈ ન જઈએ એટલે સૌએ આંધળી દોટ મૂકી છે. 'પછેડી જેવડી સોડ' - હવે આઉટ અફ ડેઈટ ને ? સાદાઈ, સરળતા, જાત મહેનત, સ્વાવલંબન જેવા સદ્‌ગુણો જૂનવાણી બની ગયા ને ? ઈ-શુમાકર દાદાએ 'સ્મોલ ઈઝ બ્યુટીફૂલ' - નાનકડું તે સોહામણું કહીને મહત્ત્વ બતાવ્યું છે. આપણને હવે નાનું તો ક્યાં ધ્યાનમાં આવે છે ? બસ, મોટું, મોટું ને એનાથી મોટું ! આપણે મોટી ઘેલછાઓના શિકાર નથી બન્યા ? આપણાં લગ્ન પ્રસંગો મોટાને ભપકાદાર. આપણાં ભવનો પણ મોટા અને આલીશાન. આપણાં સામૈયાઓ પણ મોટાં ! હે સુરીજનો, આ મોટું - મોટું એમ નથી થતું હો. તેની પાછળ આ લીલીછમ્મ ધરતીમાતા, પર્યાવરણનો બગાડ અને માનવ જિંદગીઓનાં શ્રમનો કચ્ચરઘાણ નહીં નીકળતો હોય !

મિત્રો કઢીયેલ દૂધનાં દૂધપાકના ભોજન પછી આ ખોટા ઘસરકા કેમ ? શું આપણે વિકાસ-વિકાસનાં મંજિરા જપતાં, અવળા મારગે તો ચડી ગયા નથી ને ? હૃદય પર હાથ રાખી જવાબ માંગશો તો અંતરાત્મા કહેશે કે "હા". તો, આ મારગેથી સાચે રસ્તે ચડવાના કોઈ ઉપાય છે ખરાં ? જરૂર છે. જાત સાથે સંવાદ કરો, ઉકેલ મળશે. રા.વિ.પાઠકે લખ્યું છે. 'હજીયે ન જાગે મારો આતમરામ ! સમુંદર ઘૂઘવે છે દૂર, વાયુ સૂસવે ગાંડાતૂર...' હવે જાગવાનો નહીં, દોડવાનો સમય આવી ગયો છે. પ્રહ્‌લાદ પારેખે સૂચક ગાયું છે : 'મોટા તે આદમની વાત બહુ સાંભળી. જુગના જુગ એમાં વીત્યાં...' તો આગળ કહે છે...'આપણે ભરોસે આપણે હાલીએ...' ભોગીલાલ ગાંધી કહી ગયા છે : 'તું તારા દિલનો દીવો થાને...' આ દિલનો દીવો થવો એટલે ? જાગી જવું. સાચી દિશામાં જોવું, વિચારવું અને જીવવું. ભાવિપેઢી અને સમગ્ર સજીવ ચેતનાનાં રળિયામણાંપણાંની ખેવના કરીને આપણી જીવનશૈલીને હકારાત્મક-રચનાત્મક બનાવવી તે. જો ચૂક્યા તો, સામૂહિક સર્વનાશ રોકડો છે. ભાવિ પેઢી બચી જશે તો...આપણી અણસમજભરી જીવનશૈલી ઉપર થૂંકશે. મિત્રો, કોઈને પણ આ લેખ વાંચવાથી લાગણી દુભાણી હોય તો ક્ષમા કરશો. દવા હંમેશા મીઠી નથી હોતી. ■

મો : જીતેન્દ્રભાઈ - ૯૪૨૮૫ ૬૦૮૯૩, રમેશભાઈ - ૯૯૧૩૧૫૧૧૦૩

SMART EXHAUST ZERO ELECTRICITY ECONOMICAL DURABLE





રસીક પટેલ (ટુંડાવવાળા)
૯૮૨૫૪ ૨૧૨૨૦

વીકી પટેલ
૯૭૨૬૩૮૪૫૬૪

Mfg. Corrugated Sheets, Plane Sheets, Decorative Sheets, Skylight dome, Parking Shade, FRP Moulded Items

Shree BALAJI
FIBRE GLASS

2, Jogeshwari Estate, Nr. Revabhai Estate, Opp. Kevdawadi, C.T.M., Amraiwadi, Ahmedabad-26.


Ph. : 079-25852018, M. : 98254 21220, 97263 84564

Web : www.balajifiberglass.com • Email : info@balajifiberglass.com














## યુવા સૃષ્ટિ



**યુવાનોના પ્રેરણાસ્ત્રોત**
**સ્વામી વિવેકાનંદ**

# ધર્મ ભારતનો આત્મા

પ્રત્યેક રાષ્ટ્રે અમુક ધ્યેય હાંસલ કરવાનું હોય છે. પ્રત્યેક રાષ્ટ્રે એક સંદેશ આપવાનો હોય છે, પ્રત્યેક રાષ્ટ્રે પોતાનું જીવનકાર્ય સિધ્ધ કરવાનું હોય છે. માટે પ્રારંભથી જ આપણી પોતાની પ્રજાનું જીવનકાર્ય, તેણે હાંસલ કરવાનું ધ્યેય, રાષ્ટ્રોની આગેકૂચમાં તેણે મેળવવાનું સ્થાન અને વિવિધ જાતિઓના સમન્વયસંગીતમાં તેણે પુરાવવાનો સૂર, આપણે સમજી લેવાં જોઈએ.

આપણે હિંદુ છીએ. 'હિંદુ' શબ્દ હું કોઈ ખરાબ અર્થમાં વાપરતો જ નથી. એમાં ખરાબ અર્થ છે એવું વિચારનાર સાથે હું સંમત પણ થતો નથી. પ્રાચીન કાળમાં એનો એક જ અર્થ હતો : સિંધુની આ પાર રહેનાર લોકો. આપણને ધિક્કારે છે એવામાંથી ઘણાએ એનો ખરાબ અર્થ કાઢ્યો હશે. પરંતુ નામનું કાંઈ મૂલ્ય નથી. જે બધું યશસ્વી છે, આધ્યાત્મિક છે એને માટે 'હિંદુ' નામ વપરાશે કે નિંદાનો બોલ બની જશે, અથવા કચડાયેલી, નકામી અને ધર્મવિહોણી પ્રજાનું એ નામ રહેશે એનો બધો આધાર આપણા પોતાના જ ઉપર છે. આજે કોઈ 'હિંદુ' શબ્દનો અનર્થ કરતું હોય તો એની પરવા કરશો નહિ. કોઈ પણ ભાષા શોધી શકે એવો આ ઉત્તમ શબ્દ છે આપણા કાર્યથી સિધ્ધ કરવા આપણે તૈયાર થવાનું છે.

મારા વડવાનું નામ લેતાં શરમાવું નહિ એ મારા જીવનનો એક સિધ્ધાંત છે. જગતમાં જન્મેલા સ્વાભિમાની માણસોમાંનો હું એક છું. પરંતુ મને સાફ શબ્દોમાં કહેવા દો કે એ મારી જાતને આભારી નથી, મારા વડવાઓનો જ એ પ્રતાપ છે. જેમ જેમ હું ભૂતકાળનો વધારે ને વધારે અભ્યાસ કરું છું, જેમ જેમ હું ભૂતકાળમાં દ્રષ્ટિપાત કરું છું, તેમ તેમ હું વધારે ને વધારે ગૌરવ અનુભવું છું, એથી મારામાં નિશ્ચિતતાનું જોમ આવ્યું છે, ધૈર્ય જાગ્યું છે, તેણે ધરતીની ધૂળમાંથી મને ઉન્નત મસ્તકે બેઠો કર્યો છે અને આપણા એ મહાન વડવાઓએ જ મહાન યોજના ઘડી કાઢી છે તેને પાર પાડવા મને કટિબધ્ધ કર્યો છે. પ્રાચીન આર્યોના વંશજો ! પ્રભુકૃપાથી તમે પણ એ ગૌરવ ધારણ કરજો. તમારા વડવાઓ પ્રત્યેની શ્રધ્ધા તમારા લોહીમાં પ્રસરી જજો. તમારા જીવનનું એ એક અંગ બની રહેજો અને જગતની મુક્તિનું કાર્ય હાથ ધરજો.

**દરેક રાષ્ટ્રે અમુક ધ્યેય હાંસલ કરવાનું હોય છે :** દરેક મનુષ્યમાં જેમ વ્યક્તિત્વ છે તેવી જ રીતે રાષ્ટ્રનું પણ વ્યક્તિત્વ છે. જેમ એક વ્યક્તિ બીજીથી અમુક રીતે જુદી પડે છે. અને પોતાની કેટલીક આગવી ખાસિયતો ધરાવે છે તેવી જ રીતે એક જાતિ પોતાની ચોક્કસ ખાસિયતોમાં બીજી જાતિઓથી જુદી પડે છે અને નિસર્ગની અર્થવ્યવસ્થામાં ચોક્કસ હેતુ પાર પાડવાનો પ્રત્યેક માટે ચોક્કસ કાર્ય દિશા નક્કી કરી રાખી હોય છે, તેવી જ રીતે રાષ્ટ્ર માટે પણ છે. પ્રત્યેક રાષ્ટ્રે અમુક ધ્યેય હાંસલ કરવાનું હોય છે. પ્રત્યેક રાષ્ટ્રે એક સંદેશ આપવાનો હોય છે, પ્રત્યેક રાષ્ટ્રે પોતાનું જીવનકાર્ય સિધ્ધ કરવાનું હોય છે. માટે, પ્રારંભથી જ આપણી પોતાની પ્રજાનું જીવનકાર્ય, તેણે હાંસલ કરવાનું ધ્યેય, રાષ્ટ્રોની આગેકૂચમાં તેણે મેળવવાનું સ્થાન અને વિવિધ જાતિઓના સમન્વય સંગીતમાં તેણે પુરાવવાનો સુર આપણે સમજી લેવાં જોઈએ.

**રાષ્ટ્રનો આત્મા :** બાલ્યાવસ્થામાં આપણે સાંભળતાં કે કેટલાક નાગને માથે મણિ હોય છે, અને તમે ગમે તેમ કરો પરંતુ જ્યાં સુધી તેના મસ્તક પર મણિ સાબુત રહે ત્યાં સુધી એ સાપને મારી શકાતો નથી. આપણે રાક્ષસો ને પિશાચોન વાતો પણ સાંભળતા, જેમનો આત્મા કોઈ નાનકડા પંખીમાં વાસ કરી હોય છે અને જ્યાં સુધી એ પંખી સલામત છે ત્યાં સુધી જગતની કોઈ શક્તિએ રાક્ષસોનો સંહાર કરી શકતી નથી; ભલે તમે એના ટુકડે ટુકડા કરી નાખો, એમનું ગમે તે કરો, એ રાક્ષસો કદી મરતા જ નથી. એવું જ રાષ્ટ્રોનું છે. રાષ્ટ્રનું જીવન જેમાં કેન્દ્રીભૂત થયું હોય એવું એક ચોક્કસ મધ્યબિંદુ હોય છે. ત્યાં જ રાષ્ટ્રની રાષ્ટ્રીયતા છુપાઈ હોય છે. એને સ્પર્શ ન થાય ત્યાં સુધી એ રાષ્ટ્ર કદી મરતું નથી.

વળી બીજી પણ એક વાત યાદ રાખો. રાષ્ટ્રીય ભાવના સાથે નિસબત ન હોય તેવા કોઈપણ અધિકારો ઝૂંટવી લેવામાં આવે એટલું જ નહિ, પણ એવા તમામ અધિકારો ખૂંચવી લેવામાં આવે તો પણ એક રાષ્ટ્ર એની ઝાઝી પરવા કરતું નથી, પરંતુ રાષ્ટ્રીય જીવન જેના પર ટકી રહ્યું છે એ તત્વ પર જરા પણ આંચ આવે કે તે જ ક્ષણે એનો ભયંકર પ્રત્યાઘાત પડે છે.

**સોમનાથ ઘણું ઘણું કહેશે :** સદીઓનો પ્રહારો સામે તમે ટક્કર ઝીલી શક્યા છો એનું એક જ કારણ એ છે કે તમે એની ખૂબ ખૂબ સંભાળ રાખી છે, એને માટે તમે સર્વસ્વનું બલિદાન આપ્યું છે. તમારા પૂર્વજોએ વીરતાથી બધું સહન કર્યું છે. ખુદ મૃત્યુને પણ વધાવી લીધું છે, પરંતુ પોતાના ધર્મની તેમણે રક્ષા કરી છે. પરદેશી વિજેતાઓએ એક પછી એક અનેક મંદિરો તોડી નાખ્યાં; પરંતુ જ્યાં તુફાનવંટોળ ઓસર્યો કે એ મંદિરોનાં શિખરો ફરીથી માથું ઊંચકતાં રહ્યાં છે. આવાં દક્ષિણના કેટલાય મંદિરોનાં શિખરો ફરીથી માથું ઊંચકતાં રહ્યાં છે. આવાં દક્ષિણના કેટલાય દેવાલયો અને ગુજરાતનું સોમનાથનું મંદિર તમને લખલૂટ જ્ઞાન આપશે, પુસ્તકોનાં થોથાં તમારામાં તીવ્ર દૃષ્ટિ પૂરે એ કરતાં તમારી જાતિના ઇતિહાસની એ વધુ સારી ઝાંખી કરાવશે. જુઓ, આ મંદિરો પર સેંકડો આક્રમણોનાં નિશાન અંકાઈ ચૂક્યાં છે. છતાં સેંકડો વાર એમનો પુનરોદ્ધાર થયો છે. અનેકવાર એમનો વિનાશ થયો અને એ વિનાશમાંથી તેઓ ફરી ઊભાં થયાં છે. પહેલાંના જેવાં જ નવચેતનભર્યાં અને શક્તિશાળી ! એ આપણું રાષ્ટ્રીય માનસ છે. એ જ રાષ્ટ્રનો જીવનપ્રવાહ છે. એને અનુસરો, અને તે તમને યશ તરફ દોરી જશે; એનો ત્યાગ કરો, ને તમારો વિનાશ થશે. એ જીવન પ્રવાહ છોડી તમે એક કદમ આગળ વધો એટલી જ વાર : એનું એક જ પરિણામ મૃત્યુ હશે. વિનાશ એની એક જ અસર હશે. આથી હું એમ નથી કહેતો કે બીજી ચીજોની જરૂર નથી હું એમ પણ કહેવા માંગતો નથી કે રાજકીય સામાજિક સુધારાની આવશ્યકતા નથી. મારા કહેવાનો એક જ અર્થ છે અને તમે ધ્યાનમાં રાખો એવું હું ઈચ્છું છું. એ બધી વાતોનો વિચાર પછી કરવાનો છે, ધર્મનો વિચાર પહેલો કરવાનો છે.

દરેક રાષ્ટ્રનું લક્ષ વિધાતા દ્વારા પૂર્વ નિર્ધારિત છે. દરેક રાષ્ટ્ર પાસે સંસારને આપવા માટે કોઈ ને કોઈ સંદેશ છે. પ્રત્યેક રાષ્ટ્રે કોઈ વિશેષ સંકલ્પની પૂર્તિ કરવાની છે. આથી, શરૂઆતમાં જ આપણે આપણી જાતિના જીવનલક્ષને સમજી લેવું પડશે, તેણે ક્યું દૈવી લક્ષ્ય પૂર્ણ કરવાનું છે, વિભિન્ન રાષ્ટ્રોનાં અભિયાનમાં તેણે ક્યાં અને ક્યું સ્થાન ગ્રહણ કરવાનું છે, જાતિઓના સંમિલિત સંગીતમાં તેણે ક્યો સ્વર છોડવાનો છે? ■

કૃષિ સૃષ્ટિ



**એચ. એસ. પટેલ - I.A.S. Rtd.**
નિ. કલેક્ટર, કમિશ્નર
લેખક જાણીતા અખબારોના કોલમિસ્ટ છે.

# લોકોપયોગી માર્ગદર્શન

## જમીનોના રી-સર્વેની ભૂલો સુધારવા સમયમર્યાદા લંબાવવા સાથે ક્ષતિઓ સુધારવાનો એક્શન પ્લાન જરૂરી

તાજેતરમાં સરકારે તમામ જિલ્લાઓમાં જે જમીનોનું રી સર્વે કરવામાં આવેલ અને મોટાપાયે ક્ષેત્રફળમાં ફેરફાર, કબજાફેર થયેલ તેમાં તબક્કાવાર રી સર્વેની જે કામગીરી હાથ ધરાયેલ અને રેકર્ડ પ્રમાણિત જાહેર કર્યાના (Promulgate) પંદર વર્ષ જેટલો સમય થયો છે અને અવારનવાર ક્ષતિ સુધારણાની મુદતો લંબાવવામાં આવે છે અને છેલ્લે ડિસેમ્બર-૨૫ સુધી મુદત લંબાવવામાં આવી છે. ખબર નથી કે આ લંબેવેલ મુદત આખરી હશે અને અસંખ્ય ખેડૂત ખાતેદારો હજુ મહેસૂલી કચેરીઓ ખાસ કરીને જમીન દફતર વિભાગ એટલે કે DILR - Districtg Insspector of Land Record - સામાન્ય, અભણ, અજ્ઞાન જમીન ધારકને રી સર્વે શું છે અને રીસેટલમેન્ટ શું છે તે ખબર નથી. અગાઉ આ મુદ્દા ઉપર મે આજ લેખના માધ્યમથી આલેખન કરેલ છે અને પૂર્વ મહેસૂલ મંત્રીને મળીને પણ આ વિષયની ગંભીરતા ધ્યાનમાં લાવેલ અને તેઓ પણ સમયમર્યાદા જ્યાં સુધી ક્ષતિ સુધારણાની કામગીરી ન થાય ત્યાં સુધી લંબાવવામાં આવશે તેમ જણાવેલ, જે તે સમયે મારા દ્વારા જણાવ્યાથી અગાઉ જે ક્ષતિ સુધારવા - મહેસૂલી અધિકારીને અપીલ કરવાની બાબતમાંથી ખાતેદારોને શું પરેશાની છે તે ધ્યાન દોરતાં, હવે ખાતેદારની નિયત નમૂનામાં અરજી કરવાથી સુધારવાની જોગવાઈઓ કરવામાં આવી છે. પરંતુ અમુક જીલ્લામાં એટલી બધી ભુલો છે. દાત. જામનગર, મહેસાણા કે જે સર્વે માટે પ્રાયોગિક જીલ્લા - Pilot Project હતા. સમગ્ર બાબતની પૂર્વ ભૂમિકા જોઈએ તો ભારત સરકારે - મહેસૂલી રેકર્ડનું Modernisation કરવાના ભાગરૂપે આ પ્રોજેક્ટ હાથ ધરવા જણાવેલ, તેનું મૂળભૂતકારણ અમુક રાજ્યોમાં મહેસૂલ રેકર્ડ એટલી ખરાબ સ્થિતિમાં હતું અને આજે પણ છે. દાત. ઉત્તરપ્રદેશ, રાજસ્થાન, ઓરિસ્સા, બંગાળ, બિહાર વિગેરે એટલે કે મોટાભાગના રાજ્યો કે જ્યાં અગાઉ જમીન ઉપરના સામંતો હતા. (Feudal Lords) બ્રિટીશ સમયના મુંબઈ પ્રાન્તની વાત કરીએ તો આ પ્રદેશમાં “રૈયતવારી” મહેસૂલી પદ્ધતિ હોવાને કારણે મહારાષ્ટ્ર, કર્ણાટક, ગુજરાતમાં બ્રિટીશ હકુમતના જીલ્લાઓમાં અને આઝાદી મળ્યા બાદ રાજ્યમાં મોટા ભાગે ૧૯૫૫-૫૬માં સમગ્ર જમીનોનું સર્વે સેટલમેન્ટ કરવામાં આવેલ, જે તે સમયે માપણીની સાંકળ પદ્ધતિથી - Theodolite માપણી કરવાથી શક્યતઃ સામાન્ય ભૂલો હોઈ શકે, કારણ કે તે Manual પધ્ધતિ તો હતી, પરંતુ અમુક વિસ્તારોમાં સર્વેની ટીમ જઈ શકે તેમ ન હોય. દાત. કચ્છ, બનાસકાંઠા તેમજ દરિયા કિનારાના ભરતીના પાણીવાળા વિસ્તારોમાં તો તેમાં traverse નંબરો આપવામાં આવતા, આ Background એટલા માટે જણાવ્યું કે સામાન્ય ખાતેદારોને આ બાબતની જાણકારી ન હોવાની શક્યતા છે.

હવે કાયદાકીય જોગવાઈઓ જોઈએ તો ગુજરાતમાં જમીન વહીવટ અને વ્યવસ્થાપન માટે જમીન મહેસૂલ અધિનિયમ ૧૮૭૯ છે. અને આ કાયદાના પ્રકરણ-૮માં સર્વે અને સેટલમેન્ટની કલમ - ૯૫ થી ૧૧૭ સુધીની જોગવાઈઓ છે અને પ્રકરણ - ૯માં હદ નિશાન અને Boundaries Of સર્વે નંબરની બાબતો છે. મૂળભૂત હાર્દ સમજીએ તો સરકારને કલમ-૯૫ હેઠળ કોઈપણ જમીનનું સર્વે કરવાનું જણાવવામાં આવશે તો કાયદેસર Lawful ગણાશે. “With a view to the Settlement of Rights connected therewith on Land” આ હાર્દ એટલા માટે સમજવાની જરૂર છે કે ભારતમાં અંગ્રેજોએ સૌ પ્રથમ બંગાળ, બિહાર અને ઓરિસ્સાની દિવાની-૧૮૭૧માં પ્લાસીના યુધ્ધ પછી આ હક્કો મેળવેલ, દિવાની (Settlement) એટલે કે “જમીન મહેસૂલ” ઉઘરાવવાનો હક્ક જો જમીન મહેસૂલ ઉઘરાવવાની પદ્ધતિસરની બાબત અનુસરવી હોય તો જમીનોનું સર્વે એટલે કે મોજણી કરવી પડે અને આ મોજણી જમીનની ભૌગોલિક સ્થિતિ પ્રત એટલે કે જમીનની ઉત્પાદનની ક્ષમતા (ખેત વિષયક) અને તેના આધારે Assessment એટલે કે એટલે કે આકારણી કરવાની થાય અને સર્વે અને આકારણી થયા બાદ જમીનના ધારક પાસેથી જમીન મહેસૂલ કરવા માટે જમીનનું રેકર્ડ તેના ઉપરના હકદાર તરીકે રેકર્ડ ઉપર લાવવા પડે અને તેનો આશય કોની પાસેથી જમીન મહેસૂલ કેટલું વસુલ લેવું (How much Revenue to be Collected) તે નક્કી કરવાનું હતું અને સાથોસાથ જમીન

(અનુસંધાન પેઈજ ૩૩ ઉપર)



**ડૉ. બિનિતાબેન ઠાકોર**

લેખિકા ભારતના અગ્રગણ્ય ગ્લોકોમા સર્જન,
શેલ્બી ગ્લોકોમાં સેન્ટરના સિનિયર ડૉક્ટર છે.
અમદાવાદની શેલ્બી હોસ્પિટલ ખાતે કાર્યરત છે.

# આંખનો અજ્ઞાત શત્રુ : ઝામર (ભાગ - ૨)

ગતાંકે આપણે પ્રવિણાબહેનના દ્રષ્ટાંત દ્વારા ઝામરના રોગ વિશે જાણકારી મેળવી. આ અંકમાં આપણે ઝામરના પ્રકારો અને લક્ષણો વિશે સમજણ મેળવીશું.

મીઠો ઝામર (Primary Open Angle Glaucoma) મીઠા ઝામરમાં મોટાભાગે કોઈ ચિહ્નો દેખાતા હોતા નથી. આ પ્રકારના ઝામરની શરૂઆતમાં કોઈપણ પ્રકારના લક્ષણો કે તકલીફ વગર થઈ શકે છે. કોઈપણ પ્રકારની તકલીફ કે દુઃખાવો નહીં થતો હોવાથી આંખમાં ૫૦% જેટલું નુકશાન થઈ ગયા બાદ જ ઝામરનું નિદાન થાય છે. ઉક્ત સંજોગોમાં નિદાનના અભાવે મીઠા ઝામરના દર્દીઓમાં સારવાર વિના લાંબા સમય સુધી આંખનું દબાણ સતત વધુને વધુ રહેવા પામે છે પરિણામે ચેતાતંતુને નુકસાન થવાનું શરુ થઈ જાય છે. ચેતાતંતુને નુકસાન થવાથી આંખનું દ્રષ્ટિક્ષેત્ર આજુબાજુથી સંકોચાતું જાય છે. ફક્ત, મધ્યમાં દ્રષ્ટી સામાન્ય રહે છે. પોતાના અનુભવો વર્ણવતા મીઠા ઝામરના દર્દીઓ જણાવે છે કે જાણે બોગદામાંથી કે લાંબી નળીમાંથી જોતા હોઈએ તેવું દેખાય છે. આવા દર્દીઓને પ્રકાશની આસપાસ રંગીન કુંડાળા દેખાય છે અને ઓછા પ્રકાશમાં જોવામાં મુશ્કેલી પડે છે તથા માથું ભારે લાગે છે. આમ, મીઠા ઝામરના ઘણાં ખરા કેસોમાં ઝામરના દર્દીઓ અંતિમ તબક્કામાં ડૉક્ટર પાસે આવે છે.

**મીઠા ઝામરના લક્ષણો :**

૧. બાજુઓ પરનું ઓછું દેખાય (મર્યાદિત દ્રષ્ટીક્ષેત્ર)

૨. રાત્રે જોવામાં તકલીફ પડવી.

૩. ધીમો ધીમો દુઃખાવો થવો.

૪. લાઈટ બલ્બની આગળ-પાછળ રંગબેરંગી કુંડાળા દેખાવા.

૫. ચશ્માના નંબરમાં અવાર-નવાર ફેરફાર થવો.

કડવો ઝામર (Primary Angle Closure Glaucoma) : કડવા ઝામરમાંથી પાણી જવાના રસ્તા સાંકડા થઈને બંધ થઈ જાય છે. દર્દીને પ્રકાશની આસપાસ લાલ-પીળા કુંડાળા દેખાય છે. જો આંખનું દબાણ એકદમ વધી જાય તો આંખમાં અને માથામાં સખત દુઃખાવો થાય છે. ઘણાં કિસ્સાઓમાં કડવા ઝામરના દર્દીઓને ગભરામણ થાય છે, ચક્કર આવે છે, આંખો લાલ થઈ જાય છે અને ઉલટી થાય છે.



સંપૂર્ણ સ્પષ્ટ દ્રષ્ટી ઝામરને લીધે ક્ષીણ થતી દ્રષ્ટી

**કડવા ઝામરના લક્ષણો :**

૧. આંખ લાલ થવી. ૨. આંખમાં દુઃખાવો થવો. ૩. માથું દુઃખવું. ૪. ઉલ્ટી થવી. ૫. દેખાતું એકદમ બંધ થઈ જવું.

જન્મજાત ઝામર (Congenital Glauycoma) : આ પ્રકારનો ઝામર આંખની રચનામાં ખામી રહી જવાથી થાય છે. જન્મજાત ઝામરમાં બાળકને વધુ પ્રમાણમાં આંખમાંથી પાણી નીકળ્યા કરે, આંખો લાલઘૂમ રહે, આંખની કીકી અને ડોળો કદમાં મોટા થઈ જાય, વધુ પ્રકાર સહન ના થાય વિગેરે જેવા લક્ષણો જોવા મળે છે. જન્મજાત ઝામરનું સમયસર નિદાન અને સારવાર બાળકની દ્રષ્ટી બચાવી શકે છે. ઝામરનું નિદાન ડૉક્ટરની આંગળીઓ વડે કે 'ટોનોમીટર' નામના સાધનથી આંખનું દબાણ માપીને કરવામાં આવે છે. આંખની નસ ઉપર થયેલા દાબણના ચિન્હો ઉપરથી આંખના તબીબો ઝામરની શંકા સેવે છે.

સેકન્ડરી ઝામર (Secondary Glaucoma) : આંખમાં અનેકવખત થયેલ ઓપરેશનો, ચામડી અને આંખની દવાઓમાં સ્ટીરોઈડનો અતીશય ઉપયોગ અથવા આંખોમાં લોહી જામી જવાથી સેકન્ડરી ઝામર થઈ શકે છે.

World Health Organization (WHO)ના તારણ પ્રમાણે દુનિયામાં અંધાપો આવવાનું બીજું કારણ ઝામર છે. ભારતમાં ૧૧.૯ મિલિયન લોકોને ઝામર છે. તેમાંથી ૮.૯ મિલિયન લોકોને અંધાપો છે. સમયસર આંખની તપાસ ઝામરના નિદાન માટે ચાવીરુપ છે. તેથી ઝામરની સંપૂર્ણ અને નિયમિત તપાસ કરાવવી જરૂરી છે. ઝામર એક આજીવન બીમારી છે, જેની સારવાર કરાવવી જરૂરી છે. આ રોગમાં ગયેલી નજર પાછી આવતી નથી પરંતુ તેને બચાવવાનો પ્રયત્ન કરી શકાય છે. ઝામર મટતો નથી પરંતુ નિયંત્રણમાં રાખી શકાય છે. ■



**ડૉ. જિતેન્દ્ર અઢિયા (M.D.)**
માઈન્ડ ટ્રેનર એન્ડ લાઈફ કોચ
ચેરમેનશ્રી - મોટીવેશનલ કમિટી - VUF

# રોગને તો ઉગતો જ ડામવો જોઈએ

મિત્રો,

અંગ્રેજીમાં એક કહેવત છે કે "પ્રીવેન્શન ઈઝ બેટર ધેન ક્યૉર" અર્થાત "ઉપાય કરતા અટકાવ સારો". પણ આપણે બધા આ વાતનો કેટલે અલમ કરીએ છીએ તે નક્કી કરવું હોય તો આપણા સમાજમાં જે રોગચાળો ચાલી રહ્યો છે. તેના ઉપર એક નજર કરો.

મેલેરીઆ, ટાઈફોડ, ઝાડા-ઉલ્ટી, મરડો, કોલેરા, લૅપ્ટોસ્પાઈરોસીસ, કમળો, પોલીઓ, ધર્નુર્વા, ઉંટાટીયો, ટી.બી., ઍઈડ્સ વગેરે. લીસ્ટ ખુબ લાંબુ છે. આ બધા રોગો શું થવા જરૂરી છે ? કે આપણે ઈચ્છીએ તો રોકી શકાય ? જવાબ છે કે હા આ બધા જ રોગોને આપણે રોકી શકીએ છીએ. પણ આપણા જીવનમાં શરીરના આરોગ્ય કરતા, પૈસો, સમાજમાં મોભો, કેરીયર, ગાડી, બંગલો વગેરેને એટલું બધુ મહત્વ આપીએ છીએ કે જ્યારે રોગ આવે ત્યારે જ થાય કે આપણે થોડી કાળજી રાખી હોત તો સારું.

તમે રખેને એમ ન માનતા કે આ ગરીબ, પ્રજા કે સામાન્ય પ્રજાની વાત છે. હું તો એવા ડોક્ટરોને ઓળખું છું કે જેઓ પોતાની બેદરકારીને કારણે આ બધા રોગોના શિકાર બન્યા હોય. એટલે કે આ પ્રશ્ન આપણા સૌ કોઈના છે.

આ તો વાત થઈ રોગને રોકવાની. પણ ધારો કે રોગની શરૂઆત આપણા શરીરમાં થઈ ગઈ પછી શું. આગળની વાત થઈ તે ડહાપણ કામમાં આવે ખરું કે ? તો જવાબ છે હા. પ્રીવેન્શન એટલે કે રોગ અટકાવવાના તો પછી આ રોગોને ઉગતો ડામવો કઈ રીતે ? એ સવાલ તમારા મનમાં ઉઠશે ખરૂને ? તમે ફક્ત થોડા નિયમો પાળશો તો આમાંથી ઉગરી જશો. આ નિયમોમાં -

૧. ૪૦ વર્ષની ઉંમર પછી નિયમિત શરીરની તપાસ વર્ષમાં એક વખત જરૂરી કરાવવી.
૨. શરીરમાં કંઈ પણ તકલીફ જેમ કે ખૂબ થાક લાગવો, ગભરામણ થવી, છાતીમાં દુખવું, પેટમાં દુખાવું, માથાનો દુખાવો, ચક્કર આવવા, ઓચિંતુ વજન વધવું અથવા ઘટવું વગેરે હોય તો પોતે જ પોતાના ડોક્ટર ન બનવું પણ ડીગ્રીવાળા કોઈ ડોક્ટર પાસે જઈ નિદાન કરાવવું. અને જો કોઈ રોગના ચિન્હો જણાય તો તે રોગનો ઈલાજ ડોક્ટરની સલાહ મુજબ કરાવવો.
૩. વારે વારે એક જ બીમારી માટે ડોક્ટરો કે દવાખાના ન બદલાવવા.
૪. પોતાની મેળે જ દવાની દુકાનમાંથી દવાઓ ખરીદીને ખાવી.
૫. દવા ચાલતી હોય ત્યારે તમારા મેળે જ બંધ ન કરી દેવી. ટી.બી.ની અને ડાયાબીટીસના દર્દીઓમાં એવું જોવામાં આવ્યું છે કે તેઓને થોડું સારુ લાગવા મંડે એટલે દવા બંધ કરી દે છે. અને તેને કારણે રોગ ફરીથી વકરી જાય છે.
૬. તમારી બીમારી અને ઈલાજ વિષે ડોક્ટર સીવાય કોઈ સાથે ડીસ્કશન ન કરવું. કારણ અધકચરા જ્ઞાનથી તેઓ તમને સલાહ આપવા બેસી જશે. અને તમારા વૈજ્ઞાનિક ઈલાજમાં ચલીત કરી દેશે. બસ આવી થોડી તકેદારી રાખશો તો જરૂર તમે મોટી ઉપાધિમાંથી બચી શકશો.

ત્રણ પ્રકારો છે. જેમાં બીજા પ્રકારમાં "અર્લી - ડાયગ્નોસીસ અને ટ્રીટમેન્ટ" આવે છે. એટલે કે જો રોગની શરૂઆત થઈ જ ગઈ હોય તો તેનું વહેલામાં વહેલું નિદાન કરાવી અને ટ્રીટમેન્ટ કરાવી લેવાથી ભવિષ્યના ભયમાંથી જ ઉગરી શકાય છે.

ચાલો, આપણે બે, ચાર દાખલાઓ જોઈએ. ડાયાબીટીસ એટલે કે મધુપ્રમેહ. એ એવી બિમારી છે કે તેની શરૂઆત આપણી જાણ વગર થાય છે. અને આપણને ખાસ તકલીફ આપ્યા વગર જ શરીરમાં નુકશાન પહોંચાડવાનું શરુ કરી દે છે. અને એ નુકશાન ખૂબ વધી જાય ત્યારે આપણને તે ચિન્હરૂપે દેખાય છે અને ત્યાં સુધીમાં ખૂબ જ મોડું થઈ ગયું હોય છે.

બીજો દાખલો સ્ત્રીઓના ગર્ભાશયના મુખના કેન્સરનો છે. તેમાં પણ શરૂઆત એટલી ધીમી અને શાંત હોય છે કે તે સ્ત્રીને ખબર જ હોતી નથી. અને જ્યારે ખબર પડે છે ત્યારે એવા રૂપમમાં હોય છે કે તેનો કોઈ સચોટ ઈલાજ જ હોતો નથી. આપણા ફીલ્મ જગતની બે હીરોઈનો નરગીસ દત્ત અને નુતનની જીંદગી આ બીમારીએ લીધી છે.

ત્રીજો દાખલો લો ટી.બી. એટલે કે ક્ષય રોગ પણ ધીમે ધીમે શરીરમાં પ્રવેશે છે અને આપણે એ રોગની ગંભીરતા સમજીએ ત્યાં સુધીમાં તેણે શરીરમાં ખુબ જ નુકશાન પહોંચાડ્યું હોય છે. અને તેનો ઈલાજ કરવો ખુબ જ અશક્ય થઈ જાય છે. અમદાવાદ શહેરમાં હું એવા ઘણા ડોક્ટરોને ઓળખું છું જેમને ટી.બી. થયો હોય.

મો. ૮૪૮૮૮ ૮૧૨૧૩

## કૃષિ સૃષ્ટિ



**હીરજી ભીંગરાડીયા**
લેખક કૃષિ ક્ષેત્રના વરિષ્ઠ નિષ્ણાંત, અનુભવી અને અનેક એવોર્ડ અને પારિતોષિકથી વિભૂષિત થયેલ છે.

# ખેતી નહીં,... તો સિમેંટ - લોખંડ - પ્લાસ્ટિક અને કાચ ખાવાની આદત કેળવવી પડશે

લેખનું મથાળું વાંચતાં જ “આ તે ક્યા પ્રકારનું લખાણ ?” એવો પ્રશ્ન વાચકના મનમાં સહેજે ઊભો થવાનો જ, એની મને ખાતરી હોવા છતાં આગળ વિગત જણાવી રહ્યો છું કે સૌરાષ્ટ્રના કોઈપણ ગામડાની તમે મુલાકાત લ્યો અને એની શેરીઓમાં એક આંટો મારો તો મોટા ભાગના ખેડૂતોના ડેલે તાળાં લટકતાં ભાળશો ! અને જે ડેલે તાળું ન હોય એની બારી ઉઘાડી અંદર નજર કરશો તો ૬૫-૭૦ વટાવી ગયેલા દાદા-દાદી બે જણા જ દેખાશે. જોકે એનાં છોકરાં તો એને કહે જ છે કે બાપા-બા બંન્ને વહ્યા આવો અમારી સાથે શહેરમાં, પણ વૃધ્ધોને વતનનો મોહ મુકાતો નથી. પણ એનાથીયે હવે ખેતી કે પશુપાલન જેવું કોઈ કામ હવે થઈ શકે તેમ નથી. વાડી-ખેતર કોઈ ભાગિયાને સોંપી, કમાણીમાં એ જે ભાગ આપે એને મંગળીક માની દા’ડા કાપ્યે જાય છે. એનું ધ્યાન તમારી બાજુ આવશે તો ‘આવો આવો’ કહી તમને અંદર બોલાવી, ભલે ઘેર ગાય-ભેંશનું દુજાણું નથી તો છેવટે કોથળીના દૂધનીયે ચા બનાવી પાયે રહેશે. એવો મહેમાનોના આદર-સત્કારનો ખેડૂતનો મૂળ સ્વભાવ હજુ ચાલુ રહ્યો છે.

આ મુલાકાત પછી તમે પણ વિચારતા તો થઈ જ જશો કે હા, ખેતીમાં દિવસે દિવસે પરિસ્થિતિ એવી ઉભી થઈ રહી છે કે જે લોકો પેઢીઓ પર્યંતથી ખેતી કરી રહ્યા હતા તે કુટુંબો ખેતી છોડી રહ્યા છે. ખેતી જેના લોહીમાં વણાઈ ગયેલો વ્યવસાય હતો તે કુટુંબો હવે તેના તરફ કેમ સાવ મોઢું ફેરવી રહ્યા છે ?

ધંધાની તાસીરની ખેડૂતોને ખબર છે જ ! : તમે જુઓ ! આપણા ખેડુતને બરાબર ખબર હોય છે કે ખેતી ધંધો એ પૂરેપુરો કુદરત પર આધીન છે. વરસાદની વધ-ઘટ કે દુકાળોનું પડવું, વાવાઝોડાં, પૂર હોનારત,, ઓચિંતાના વાતાવરણીય બદલાવો, ખેતીપાકો પર રોગ-જીવાતોના હુમલા, અને મોલાતોમાં સવા-કવા એ બધું તો આ ધંધાની સાથે પડછાયાની જેમ વળગેલું છે. અરે ! આગળ કહીએ તો ખેતી ધંધાની મિલ્કતો એટલી વેર વિખેર અને ફેલાએલી હોય છે કે ક્યાં ક્યાં તાળા દેવા અને ક્યાં રખોપિયા મૂકવા ? બધું જ હોય છે રામ ભરોસે હો ભાઈ !

ખેતીમાં સજીવો સાથે જ કામ પાડવાનું હોવાથી ક્યાંય એકધારાપણું આવતું જ નથી. પાકનું બીજ જીવતું. ઉગ્યા પછી છોડ જીવતો, પાકની સાથે ખોરાકી હરિફાઈ કરનારું વચ્ચે ઉગતું નિંદામણ જીવતું. પાકમાં ભમતા ઉપયોગી અને નડતાં જીવડાંયે જીવતાં, પાકની સેવા-ચાકરી કરતા મજૂરો અને સાંતીકામ કરતા બળદિયા પણ જીવતા અને અધુરામાં પુરું ઊભા મોલને ખાઈખૂંદીને બગાડી નાખનાર રાની જાનવરો રોઝ, ભૂંડ, હરણાં અને હવે એમાં ઉમેરો થયો છે એવા ખુંટિયા પણ જીવતા ! કહો, આમાં કોનું બળ ક્યાં વધી જાય અને ક્યુ પાસુ પાછું પડી જાય એનું કંઈ કહેવાય એવું નથી !

“અને વ્યવસાય પણ જમીન સાથે જ બથોડા ભરવાનો ! ચોપવું, નીદવું, પારવવું, લણવું, ગોડવું, ખોદવું ગાડાં ભરવાં કે કૂવામાં ઉતરવા જેવા બધાં કામ જોખમી અને બસ પંડ્યમહેનતના અને બળ કરવાનાં ! જેનાં આંખ-મગજ થોડાકેય સાબૂત હોય તેવો માણહ ખટારા નીચે ગરકી ગાભા મારવા તૈયાર, બાકી ખેડૂતને ત્યાં ખાતરનું ગાડું ભરવા કે ફળઝાડનું ખામણું ગોડવાનું ચીંધો તો કહે ના ! સારો મજૂરેય ખેતીમાં મળવા મુશ્કેલ. આ બધી પરિસ્થિતિઓથી તો અમે પુરેપુરો વાકેફ છીએ. તેથી એ બધું તો સહ્યે જઈએ છીએ, એનાથી અમે મુંઝાતાયે નથી.

**પણ... ખરો મૂંઝારો તો બીજો છે.**

ઉનાળામાં આકાશ સળગી રહ્યું હોય-માથું ફાડી નાખે એવી ગરમીમાં ખેડુતો શેકાતા હોઈએ, હાડ ગાળી નાખે એવી જાલીમ કડકડતી ઠંડીમાંયે પોરો ન ખાતા હોઈએ અને ચોમાસામાં વીજળીના લબકારા અને મેઘ-હરૂડાટ જેવી ભયંકર પરિસ્થિતિમાં કાદવ કીચડ ખૂંદતાં વરસાદમાં ઠૂંઠવાવા જેવા ભયંકર વાવાઝોડામાં પણ ટકી રહી - આખું વરસ ઉધારે રળીને પેદા કરેલ વધુ કે ઘટું, આછું-પાતળું ઉત્પાદન એ જ અમારા આખા વર્ષના સંઘર્ષનું ફળ હોય છે, એને જ્યારે વેચવાનો વારો આવે છે ત્યાં પાણીના મૂલે મગાય છે.

ધાર્યુ તો હતું કે “માલ વેચાણની આવકમાંથી બીજ-ખાતર અને દવાનું ઉધારે લાવેલ એગ્રોનું બીલ ભરશું, સરકારી મંડળીનો હપ્તો અને લેણદારોનું વ્યાજ ભર્યા પછી વધે એમાંથી છોકરાંના લૂગડાં લેશું અને જુવાન થયેલ દીકરીના હાથ પીળા કરાવશું” પણ અહીં માર્કેટમાં તો માલની નહીં, જાણે અમ ખેડુતની જ હરાજી થઈ હોય એવું થાય છે... જેનો ખેતી એ જ એક માત્ર સહારો છે એ ખેડૂત કરે શું ? આટલાં કાવડિયાં લઈ વિલે મોઢે ઘેર પાછો જાય ? શું કરે ? ક્યાંક બાવો થઈ ભાગી જાય ? બવો થતાં તો ખેડુતને આવડે નહિં, એટલે ઘણાને ના છૂટકે દવા પી જવાનો કે ગળાફાંસો ખાઈ આત્મહત્યાનો આશરો લેવો પડે છે.

# કૃષિ સૃષ્ટિ

ખેતપેદાશોની હરરાજી થતી હોય ત્યાં યાર્ડમાં જઈને-તપાસવાનો ક્યારેક ગાળો લેશો તો ખ્યાલ આવશે કે મોતીના દાણા જેવા ખાવાનું પરાણે મન થાય તેવા અનાજ ઘઉં, બાજરા જેવા અન્ન શું ભાવે વેચાય છે? અરે ! મગફળી તો ઓણ (૨૦૧૭) રૂપિયા ૫૦૦માં મળ વેચાણી બોલો ! શાકભાજીમાં કોની વાત કરવી ? ફ્લાવર, કોબી, ગાજર, રીંગણા, ટમેટાં, ડુંગળી વગેરે પાણીથી પણ નીચા ભાવે મંગાય છે.

**સરકારનું પૂરેપૂરું બેધ્યનપણું :**

આ બધું સરકારની નજર બહાર હોય એવું થોડું છે ? પણ ખેતી અને ખેડૂતો પ્રત્યે પુરેપુરું દુર્લક્ષ એ જ એમનું કલ્ચર છે. આ દેશના ખેડૂતો બે પાંદડે થાય એમાં એમને જરીકેય રસ નથી. એમને તો માત્ર કૃષિઉત્સવો કરી સરકારની વાહવાહ કરવા સિવાય કશુ કરવું નથી. ખેતીના કોઈપણ પાલ લ્યો, લસણની વાવણી ટાણે મણના રૂા. ૩૦૦૦ બોલાતા હોય, અને ખેડૂત પકાવીને વેચવા જાય ત્યાં ૩૦૦ થઈ જાય ! અને બટેટાનું હબ કહેવાય એવા ડીસામાં બટેટાંને રોડ પર ઠાલવીને દેવાનો વારો આવે ! ખેતી ઉત્પન્નનાં પોષણક્ષમ ભાવો આપવામાં ક્યાં ચૂંક આવે છે એ સમજાતું નથી.

ભારત અને ચીન જેવા વિશ્વના સૌથી મોટા વસ્તીધારક દેશોને અનાજ, કઠોળ કે દૂધ વિશાળ માત્રામાં આયાત કરવા પોસાય ખરા ? અને માનોકે એવું કરવું પડે તો વિકાસને બદલે બધું હુંડિયામણ આયાતોમાં જાય. એ આ દેશનું થોડું પાલવે ? શું રાજકીય ધુરંધરો આ વાતથી અજાણ હશે ?

ભારતનું હદય ગામડાં છે. આ હદયનો ધબકાર એટલે ખેતી. ખેતી આજે મંદ પડી રહી છે. ખેતી જેટલી રોજગારી અને આવક શું ઉદ્યોગો આપી શકે છે ખરા ? અને ! નરેગાના મજૂર કરતાં પણ ખેડૂતની આવક ઓછી ? ખેડૂતનું જીવન તો આજેય હાડમારી ભરેલું જ છે. દેવા નાબુદી, કમ્પ્યુટરથી ઉતારા કે વિવિધ પ્રકારના કલરપ્રિંટ કાર્ડ આપવાથી ખેડૂતની સ્થિતિ સુધરી જવાની છે ? ખેડુતની સ્થિતિ તો જ સુધરે જો એની પરસેવાની મહેનતનું લોહી રેડી પકવેલી પેદાશના પૂરતા ભાવ મળે.

ખેતીપાકો પકાવવા પાછળ ખાતર, બિયારણ, પીયત, સંરક્ષણ, મજૂરી વગેરેમાં ખેડૂતને કેટલો ખર્ચ થાય છે તેની વખતો વખતના ચાલુ બજારભાવે વ્યવસ્થિત પડતર કાઢી, તેના પર ખેડૂત કુટુંબના વ્યવસ્થા ખર્ચ અને વ્યાજબી નફાનું ઉમેરણ કર્યા પછી વેચાણ ભાવ-એટલે કે ટેકાના ભાવનું બાંધણું અગાઉથી કરવું પડે. અને માલ ઉત્પન્ન થયે માનો કે ટેકાના ભાવોથી બજાર નીચું હોય તો ટેકાના ભાવે સરકારે ખુલ્લા બજારમાં આવી જે તે માલની ખરીદી કરી લેતી હોય તો એ વ્યાજબી વ્યવસ્થા થઈ ગણાય. આ તો ભાવ બાંધણું યે એ.સી. ઓફિસમાં બેઠા બેઠા અને ટેકાના ભાવે ખરીદવાનો પ્રસંગ ઊભો થયે ગેંગે ફેંફેં.... સિવાય બીજો જવાબ દે એ જ બીજા !

આ દેશના ૮૦% થી વધુ ખેડૂતો તો નાના અને સિમાંત કક્ષાના છે. જેમાંથી ૬૦% થી વધુ તો ૧ હેક્ટરથી પણ ઓછી જમીનમાં ખેતી કરે છે. ખેતીમાં જરુરી જણસોના વધતા જતા ભાવ અને ખેતી ઉત્પન્નના અપૂરતા મળતા બજારભાવના હિસાબે ખેતી કસ વિનાનો અને ટુંકો ધંધો બની ગયો છે. છતાં બીજા કોઈ વિકલ્પ કે પસંદગી નહીં હોવાને કારણે જે ખેડૂતો હજી પણ ખેતીને વળગી રહ્યા છે એ બધાનું આછું-પાતળું જે ઉત્પન્ન હોય તેને મફતમાં પડાવી આમ પ્રજાને રાજી રાખવી એ આજની રાજનીતિ છે. આ શોષણ જે બેરોકટોક ચાલુ રહ્યું છે. તેની સામે ટકી રહેવા મોટા ભાગનો ખેડુતવર્ગ ચક્રવૃદ્ધિ વ્યાજની ચુંગાલમાં અટવાઈ પડેલો છે. દુકાળ ક્યારે પડે એ થોડું નક્કી હોય છે ? એક વરસ પડતો દુકાળ દસ વરસ સુધી એની કળ વળવા દેતો નથી. જે પાર કરીને ખેડૂત માંડ માંડ કાંઠે આવે ત્યાં ખોટ ખાઈને પાણીના મૂલે પેદાશ વેચવાનો વારો આવે છે. પરિણામમે ખેડૂત આર્થિક સમતૂલા ગુમાવી બેઠો છે. હાલ ખેતી સંભાળી રહેલાની ઉંમર પણ હવે પાકી ગઈ છે. એટલે હવે ના છૂટકે એવી નીંગઠ ગાંઠ વાળીને દ્રઢતા પૂર્વક એના વારસદારોને ખેતી સોંપવા માગતા નથી અને બીજા ક્ષેત્ર તરફ ધકેલી રહ્યાં છે.

દેશ બચાવવો હશે તો ગામડાં બચાવવાં પડશે. અને ગામડાં બચાવવાં હોય તો ખેતી પર ધ્યાન આપવું પડશે. દેશના ખેડૂતો સમૃધ્ધ હશે તો શહેર પણ આપોઆપ સમૃદ્ધ થશે. ખેડુતની આવક વધશે એટલે એની ખરીદશક્તિ વધશે એટલે તેઓ આપોઆપ મોટા શહેરોના મોલમાંથી વસ્તુઓ ખરીદ કરતા થશે. અને નહીં તો સરકારને કહીએ કે તમારે ખેતીને કારણે રાખી, ખેતી અને ખેડૂતો તરફ આંખ આડા કાન કરીને ઉદ્યોગોને જ પ્રાધાન્ય આપવું હોય તો પછી એવા ઉદ્યોગો લાવો કે જે ઘઉં પેદા કરી શકે, ચોખા ઉત્પન્ન કરી શકે, કઠોળ અને શાકભાજી-ફળો અને દૂધ જેવી માનવ જીવનની બધી રોજીંદી ખાદ્ય જરૂરિયાતો કારખાનાઓમાં જ પેદા કરી શકે.

કારણ કે લોકોને જીવવું હશે તો ખોરાક તો ખાવો જ પડશે. અને વાનસ્પતિક ખોરાક ખાનારા માટે ખેડૂતો ધરતીમાંથી જે અન્ન પકાવે છે તે ખાવું અનિવાર્ય છે. પણ આવી જમીન પર ખેતી બંધ થાય એવી કટોકટીની વેળા આવી ગઈ છે. એટલે શું કરવું તે વિચારવામાં હવે મોડું કરવા જેવું નથી.

(અનુસંધાન પેઈજ ૧૦ ઉપર)

# બાલ સૃષ્ટિ



**સંપાદક :**
**ડો. ભગીરથ કે. પટેલ**
ચેરમેનશ્રી - ઈનોવેટીવ અને ઈનીશીયેટીવ કમિટી
સંપાદક બાળકોના ચાહક અને પ્રેરક છે.

## અમારું અઠવાડિયું



**નટવર આહલપરા**
જાણીતા લેખક, કેળવણીકાર, કોલમિસ્ટ, અભિનેતા અને ઉદ્‌ઘોષક, સારસ્વત એવોર્ડ વિજેતા ૩૨ પુસ્તકોનું પ્રકાશન અને ૩૫ પારિતોષિક વિજેતા છે.

'મારા, વ્હાલા બાળા રાજાઓ, તમને સૌને આનંદ થાય તેવા સમાચાર આપું છું. આપણે એક અઠવાડિયું ઉજવવું છે અને અઠવાડિયામાં તમને ગમે તેવી પ્રવૃત્તિઓ, મોજ-મજા કરવી છે. સૌને ગમશેને ?' ઊર્જાની વાત સાંભળીને તાળીઓ પડી. તાળીઓના ગડગડાટ ક્યાંય સુધી બંધ જ ન થયાં.

તાળીઓ બંધ થઈ એટલે પ્રકાશે બાળરાજાઓને સંબોધવાનો પ્રયાસ કર્યો. જુઓ સાંભળો બાળમિત્રો, આપણે સોમવાર સાઈકલ દિવસ તરીકે ઉજવવો છે. મંગળવારને વૃક્ષ દિવસ નામ આપ્યું છે. બુધવારે સ્વચ્છતાદિન તરીકે ઉજવશું. ગુરૂવાર બચત દિવસ રહેશે. શુક્રવારની પંખી દિવસ તરીકે ઉજવણી કરવાની છે. શનિ અને રવિ પ્રવાસ દિવસ. પ્રવાસની જાહેરાત સાંભળી બાળકો નાચી ઉઠ્યાં હતાં. કેટલાક તો કૂદવા માંડ્યાં હતાં.

જોતજોતામાં સોમવાર આવી ગયો. ગાંધી મેદાનમાં બાળકો પોતાની સાઈકલ સાથે ઉપસ્થિત થઈ ગયાં હતાં. નગરશેઠનાં વરદ હસ્તે બાળકોની સાઈકલ રેલીનો પ્રારંભ થયો હતો. સાઈકલ આગળ પુંઠા ઉપર લખેલ સ્લોગને લગાડ્યાં હતાં. 'દીકરા-દીકરી બંનેને ભણાવો.' 'અમારે ભણવું છે' 'અમારે રમવું છે' 'અમે અમારા દેશને બચાવશું' 'અમે દુનિયાને બચાવશું' 'ઈંધણ, પાણી, વીજળી બચાવો' 'વૃક્ષ જતન, આબાદ વતન' 'નશો નાશનું મૂળ છે' 'વ્યસન નહીં પ્રસન્ન રહો' 'જ્યાં સ્વચ્છતાં ત્યાં પ્રભુતા' આ પ્રકારના શીર્ષકવાળા બેનર લઈ બાળકો નિકળી પડ્યાં હતાં.

'આજથી તમે પણ પ્રતિજ્ઞા લેજો કે અમે પણ સાઈકલનો જ ઉપયોગ કરશું. સાઈકલ વાપરવાનો જ આગ્રહ રાખશું!'

સૌ બાળકોએ પ્રકાશ-ઊર્જાના સાઈકલ સંદેશને વધાવ્યો.

સોમવારની ભણતર - ગમ્મતની મજા લઈ બાલમિત્રો પોતપોતાનાં ઘરે ગયાં હતાં. મંગળવાર આવી પહોંચ્યો હતો. સવારે પ્રકાશ અને ઊર્જા ભગતસિંહ ઉદ્યાનમાં આવીને ઉદ્યાનના એક કિલોમીટરના રસ્તાને નિહાળી રહ્યાં હતા. રોપા આવી ગયા હતા. રસ્તા ઉપર ખામણા તૈયાર હતા. બાળારાજાઓ પણ ઉદ્યાનમાં ઉપસ્થિત હતા. તેમના હસ્તે વૃક્ષારોપણ થવાનું હતું.

બગીચાના માળી જેરામદાદા પ્રકાશ અને ઊર્જાને કહેતા હતા : અઠવાડિયાથી સવારે હું આવું એ પહેલા બગીચાના ખામણામાં પાણી ભરેલું હોય છે. બગીચો સાફ થઈ ગયો હોય છે. ઝાડવાને નવડાવેલા હોય છે. અરે ! ઝાડ ઉપર પાટિયાં લગાવ્યા છે. તેમાં લખ્યું છે, 'વૃક્ષો અમારા ભગવાન છે' 'અમે વૃક્ષોનું જીવનભર જતન કરીશું'. માળી જેરામદાદા, પ્રકાશ અને ઊર્જાતો જોતાં જ રહ્યાં.

આજે બુધવાર, સ્વચ્છતાદિન ઉજવાની તડામાર તૈયારીઓ થઈ ગઈ હતી. 'જ્યાં સ્વચ્છતા ત્યાં પ્રભુતા'ના સૂત્રને સાકાર કરવા પ્રકાશ અને ઊર્જાની બાળટીમ તૈયાર હતી.

સૌએ પ્રથમ રસ્તા ઉપરના કચરાને વીણી સફાઈ કરી હતી. બગીચામાં પડેલા કચરાને ઉપાડીને ટોપલીઓમાં ભરવામાં આવતા હતા. વૃક્ષોના પાંદડાને જમીનમાં દાટવાથી વરસાદ લાવી શકાય છે તે વાત પ્રકાશે બાળકોને સમજાવી હતી એટલે ખરી ગયેલાં પીળા પર્ણો જમીનમાં દાટવામાં આવતાં હતાં.

ઊર્જા ગુરૂવારને બચત દિવસ તરીકે ઊજવતા પહેલા પોતે પણ તેનું પાલન કરે છે. પ્રકાશે પોતાના બાળકોને શિવધામ મંદિરમાં પટાંગણમાં એકઠાં કર્યાં છે. પહેલા તો બાળકો મનભરીને હીંચકા ઉપર હીંચકે છે. લપસણી ઉપરથી વારંવાર લપસે છે. અરે ! કેટલાક બાળકો તો ચકરડી ઉપરથી ઉતરવા માંગતા જ નથી.

શુક્રવાર પંખી દિવસ તરીકે ઉજવવાનો હતો એટલે બાળકોમાં ભારે ઉત્સાહ હતો. બાલભવનમાં પ્રકાશ અને ઊર્જા બાળકોને લઈ ગયાં હતાં. ચકલી, કોયલ, કાબર, કબુતરને ચણ નાંખી હતી. વૃક્ષોની ડાળીએ બેઠેલા કાબર, કોયલ અને ચકલીનો કલરવ સાંભળી બાળકો નાચતા હતા. બધાં વિશ્રામ લેવા બેઠાં ત્યારે જાનકીએ પોતાનાં બાલમિત્રો આગળ પોતાના પ્રિય પંખી મોર વિશે વાત શરૂ કરી ત્યાં તો બાળા રાજાઓ નાચવા માંડ્યાં.

આવ મારા મોરલા, સૂના છે ટોડલા;
તારી સાથે રમવા આવ્યા છે છોકલા.

બાલ દોસ્તો, આપણે આપણા પશુ પંખીને બચાવવા છે. બચાવવા છે ને ? પ્રકાશ અને ઊર્જાને પણ શનિ-રવિની પ્રવાસની મજા બાળકો સાથે માણવી હતી એટલે સૌ પ્રથમ શંભુદાદાની નવજીવન શાળામાં બાળકો લઈ જાય છે.

શંભુ દાદા બાળકો બેસાડી ગીતો ગવડાવે છે, નાચે છે, કુદે છે અને કહે છે : 'ભણવું તો જોઈએ જ, ન ભણીએ તો ગધેડાં જેવા લાગીએ. ગધેડા થવું છે કે હણહણતા ઘોડાં ?'

શનિ-રવિ ક્યાં પસાર થઈ ગયાં કોઈને પણ ખબર ન રહી. આમ ને આમ બાળા રાજાનું મજાનું અઠવાડિયું પણ પસાર થઈ ગયું !

**મો. ૯૯૭૪૦ ૦૯૦૪૨**

# પ્રવૃત્તિ અહેવાલ



**શૈલેષભાઇ પટેલ**
મેનેજર - વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન

## નિકોલ કાર્યાલય ખાતે મહિલા દિવસ અંતર્ગત ઉજવણી






તા. ૦૭-૦૩-૨૦૨૫ ના રોજ મહિલા દિવસ અંતર્ગત નિકોલ કાર્યાલય ખાતે મહિલા મેડીકલ ચેકઅપ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૨૨૫ થી વધારે બહેનોનું મેડીકલ ચેકઅપ કરવામાં આવેલ. આ પ્રસંગે ડો. મિલ્કીબેન પટેલ - ગાયનેક, ડો. મંથન પટેલ - આઇ ચેકઅપ તેમજ ડો. દિપેન પટેલ-એમ.ડી. ફીઝીશીયનોએ તેમનો અમૂલ્ય સમય ફાળવી સમાજ સેવાનું ઉત્કર્ષ કાર્ય કરેલ તે બદલ સંસ્થા તેમને ખૂબ ખૂબ અભિનંદન પાઠવે છે. આ પ્રસંગે સંસ્થાના ઉપપ્રમુખશ્રી વાડીભાઈ પટેલ, શ્રી મનોહરભાઈ પટેલ, શ્રી મોતીભાઈ પટેલ, ડો. રૂપલબેન પટેલ વિગેરે ઉપસ્થિત રહ્યા હતા.

## VIBES મહિલા લક્ષ્મી ચેપ્ટરનો શુભારંભ






વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન દ્વારા સમાજના નવ યુવાનોનો એન્ટરપ્રિન્યોર બિઝનેસ એક નવી ઉંચાઈએ પહોંચાડી શકે તેવા ઉદ્દેશથી સંસ્થા દ્વારા છેલ્લા બે વર્ષથી વાઈબ્સનું પ્લેટફોર્મ શરૂ કરવામાં આવેલ છે. જેમાં અત્યાર સુધી વાઈબ્સના ૧૩ ચેપ્ટર કાર્યરત છે, ત્યારે વિશ્વ મહિલા દિવસ નિમિત્તે ગુજરાતમાં સૌપ્રથમ વાર સોશિયલ પ્લેટફોર્મ ઉપર બિઝનેસ વુમેનની ટીમ બનાવી તેનું ચેપ્ટર સંસ્થાના પ્રમુખશ્રી આર. પી. પટેલના માર્ગદર્શન હેઠળ લોન્ચિંગ કરવામાં આવેલ. જેમાં મોટી સંખ્યામાં યુવા ભાઈ/બહેનો ભાગ લીધેલ.

## QMS અંતર્ગત ઓડિટ મીટિંગ



તા. ૧૦-૦૩-૨૦૨૫ ના રોજ સંસ્થાના **ISO : 9001, 2015** નું સર્વેલન્સ ઓડિટ (એસએ-૧) ઓનલાઈન ઝૂમના માધ્યમથી શ્રી વિનય જોગલેકર (એલ.આર.ક્યુ) દ્વારા કરવામાં આવેલ. જેમાં QMS ચેરમનશ્રી કનુભાઈ સી. પટેલ, શ્રી નિખિલભાઈ પટેલ, શ્રી વિષ્ણુભાઈ પટેલ તેમજ તમામ પ્રોસેસ ઓનર્સની મહેનતથી (એસએ-૧) ઓડિટ સફળતાપૂર્વક સંપૂર્ણ થયેલ.

# પ્રવૃત્તિ અહેવાલ

## VUF @ ચિંતન શિબિર - ઋષિવન, દેરોલ વિજાપુર ખાતે









વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન દ્વારા તા. ૦૮/૦૯-૦૩-૨૦૨૫ ના રોજ ઋષિવન - દેરોલ, વિજાપુર ખાતે સંસ્થાના હોદ્દેદારશ્રીઓ, ટ્રસ્ટીશ્રીઓ તેમજ તમામ સંગઠન કાર્યકર મિત્રોની બે દિવસીય મિચિંતન શિબિરનું આયોજન કરવામાં આવેલ. ચિંતન શિબિર દરમિયાન વિવિધ વિષયો ઉપર વિવિધ વક્તાઓ પોતપોતાના મંતવ્યો રજૂ કર્યા હતા અને પ્રમુખશ્રીએ તેમના પ્રવચનમાં સંસ્થામાં મારી ભૂમિકા શું તેવી વિવિધ મુદ્દાઓ ઉપર ઉમળકાભેર પ્રવચન આપેલ. શિબિર દરમિયાન સાંસ્કૃતિક કાર્યક્રમ, યોગા, વૃક્ષારોપણ જેવા વિવિધ કાર્યક્રમોનું પણ આયોજન કરવામાં આવેલ.



ચિંતન શિબિરને સફળ બનાવવામાં તિરૂપતિ ઋષિવનના માલિક શ્રી જીતુભાઈ પટેલે આપેલ અમૂલ્ય સહયોગ અને યોગદાન બદલ સંસ્થા ખૂબ ખૂબ અભિનંદન પાઠવે છે.




## સાબરકાંઠા જીલ્લા મહિલા સંગઠન મીટિંગ

વિશ્વ ઉમિયાધામ ખાતે સાબરકાંઠા જીલ્લા સંગઠનની બહેનો જગત જનની મા ઉમિયાના દર્શનાર્થે પધારેલ. તે દરમિયાન સંસ્થાના પ્રમુખશ્રી આર. પી. પટેલ, મહિલા ચેરપર્સનશ્રી ડો. રૂપલબેન પટેલ તથા સંગઠનની તમામ કાર્યકર બહેનોનું સંગઠન વધુમાં વધુ કાર્યરત બને તે અંતર્ગત ચર્ચા-વિચારણા કરવામાં આવી

## પૂનમના દિવસે નવચંડી હવન તથા હોલીકા દહન કાર્યક્રમનું આયોજન





વિશ્વ ઉમિયાધામ ખાતે ફાગણ સુદ પૂનમ - હોળીના દિવસે નવચંડી યજ્ઞનું આયોજન કરવામાં આવેલ. જેમાં મુખ્ય યજમાન તરીકે પ્રો. ડો. જે. એમ. પનારા (તંત્રીશ્રી ઉમાસૃષ્ટિ માસિક મુખપત્ર), શ્રી ચિંતનભાઈ જે. પનારા (ચેરમેનશ્રી ગ્લોબલ બિઝનેસ) શ્રી સંજયભાઈ ટી. પટેલ (ચેરમેનશ્રી ઉમિયા અદાલત) સહ પરિવાર સાથે જોડાઈને મા ઉમિયાના કૃપાપાત્ર બન્યા હતા. આ ઉપરાંત જગતજનની મા ઉમિયાના પ્રાંગણમાં વિધિવત રીતે વૈદિક હોલિકા દહન કાર્યક્રમનું પણ આયોજન કરવામાં આવેલ. આ શુભ પ્રસંગે હોદ્દેદારશ્રીઓ, દાતા - ટ્રસ્ટીશ્રીઓ તેમજ ભાવિક - ભક્તો ઉપસ્થિત રહી પૂજા - અર્ચના કરીને ધન્યતા અનભવી.

## આણંદ ખાતે ભૂતપૂર્વ વિદ્યાર્થી સંગઠનનું ૧૦ મું સંમેલન






આણંદ ખાતે ભૂતપૂર્વ વિદ્યાર્થીઓના સંમેલનમાં સંસ્થાના પ્રમુખ શ્રી આર. પી. પટેલ, ટ્રસ્ટીશ્રી રસિકભાઈ પટેલ, કૃષિ યુનિ. આણંદના કુલપતિ ડો. કે. બી. કથરિયા, ડો. કે. સી. પટેલ, ડો. એન. આઈ. શાહ, ડો. બકુલ જોષી તથા કોલેજના પૂર્વ છાત્ર-છાત્રાઓ વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

## કૂર્મિ પાટીદાર સમાજના હોદ્દેદારશ્રીઓ સાથે મીટિંગ



વિશ્વ ઉમિયાધામ - અમદાવાદ ખાતે સંસ્થાના પ્રમુખશ્રી આર. પી. પટેલના અધ્યક્ષ સ્થાને આંતરરાષ્ટ્રીય કૂર્મિ સેનાના ગુજરાત પ્રદેશના હોદ્દેદારશ્રીઓની મીટિંગ મળી.

સદર મીટિંગમાં સંસ્થાના વિઝન - મિશન તથા સંસ્થામાં હાલમાં ચાલતી પ્રવૃત્તિઓની વિગતે જાણકારી આપવામાં આવી હતી.

## સમાચાર



**ડો. રૂપલબેન પટેલ**
સમાચાર સંપાદિકા

# બનાસકાંઠા ખાતે દિવ્યરથ પરિભ્રમણ શુભારંભ





વિશ્વ ઉમિયાધામ - અમદાવાદ દ્વારા આયોજીત જગત જનની મા ઉમિયાના દિવ્યરથનું પરિભ્રમણ તા. ૨૨-૦૩-૨૦૨૫ ના રોજ બનાસકાંઠા જીલ્લામાં શુભારંભ થયેલ. જેમાં સંસ્થાની કેન્દ્રિય કમિટીના હોદ્દેદારશ્રીઓ, જીલ્લાની ત્રણેય પાંખના સંગઠનના હોદ્દેદારશ્રીઓ ઉપસ્થિત રહી મા ઉમિયાના દિવ્યરથનું ભવ્યાતિ ભવ્ય રીતે સામૈયા સાથે સ્વાગત કરવામાં આવ્યું હતું.

## વિશ્વ ઉમિયાધામ - ઉમાસૃષ્ટિમાં જાહેરાત

વિશ્વ ઉમિયાધામનું માસિક ''ઉમા સૃષ્ટિ'' માં આપ સૌ સાથી મિત્રો પોતપોતાની કંપની, પેઢી કે જે તે સંસ્થા સાથે જોડાયેલા છો **તેની જાહેરાત માસિક મુખપત્ર ''ઉમાસૃષ્ટિ'' માં પ્રકાશિત કરવા માટે** નીચે મુજબના પેજ ઉપર પોતપોતાની જાહેરાત નીચે આપેલ સહયોગ રાશિથી સંસ્થાના ઈ-મેલ તેમજ ફોન ઉપર મોકલી આપવા વિનંતી છે. (email : office@vishvumiyafoundation.org (Mob No. + 91 99749 99165)

### માસિક મુખપત્ર જાહેરાતની માહિતી

**( ૧ વર્ષ માટે )**

- બેક કવર પેજ (Title - 4) — રૂા. ૫ લાખ
- બેક કવર ઈનસાઈડ પેજ (Title - 3) — રૂા. 3 લાખ
- પ્રથમ પેજ ઈનસાઈડ (Title - 2) — રૂા. 3 લાખ
- મેગેઝીન અંદરનું ફૂલ પેજ — રૂા. ૧ લાખ
- મેગેઝીન અંદરનું હાફ પેજ — રૂા. ૫૦ હજાર

**( છ માસિક - ત્રિ-માસિક - માસિક માટે )**

- મેગેઝીન અંદરનું ફૂલ પેજ (છ-માસિક) — રૂા. ૫૧ હજાર
- મેગેઝીન અંદરનું ફૂલ પેજ (ત્રિ-માસિક) — રૂા. ૨૫ હજાર
- મેગેઝીન અંદરનું ફૂલ પેજ (માસિક) — રૂા. ૧૧ હજાર
- મેગેઝીન અંદરનું હાફ પેજ (છ-માસિક) — રૂા. ૨૫ હજાર
- મેગેઝીન અંદરનું હાફ પેજ (ત્રિ-માસિક) — રૂા. ૧૧ હજાર
- મેગેઝીન અંદરનું ફૂલ પેજ (માસિક) — રૂા. ૫૧૦૦

**નોંધ :** (૧) માસિક મુખપત્રનો પ્રિન્ટીંગ એરિયા ૮ ઈંચ x ૧૧ ઈંચનો રહેશે. (૨) માસિક મુખપત્ર ફોર કલર ઓફસેટમાં ગ્લોસી આર્ટ પેપરમાં છપાશે. (3) GST અલગથી ગણાશે. (૪) પ્રતિમાહ ૩૦૦૦ જેટલી કોપી પ્રિન્ટ કરવામાં આવશે તેમજ સોશિયલ મીડિયા - વોટ્સએપ ગ્રુપમાં પણ મોકલવામાં આવે છે.

આપશ્રીને નમ્ર વિનંતી કે આપે નિર્ધારીત કરેલ જાહેરાતની રકમનો ચેક/R.T.G.S./N.E.F.T. સંસ્થાના બેંક ખાતા વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન, ખાતા નંબર 00710123075, IFSC Code - KCCB0SMR007 થી મોકલી આપવા યોગ્ય કરશોજી. આપનો GST-PAN નંબર પણ સત્વરે મોકલવા વિનંતી છે, જેથી તેનું બીલ આપને મોકલી આપી શકાય.

# : સંસ્થામાં હાલમાં ચાલતી વિવિધ પ્રવૃત્તિઓ :

UPSC / GPSC Class 1-2, Dy.SO, STI, PI, Dy. Mamlatdar, Class-3

Centre for Excellence
VUFICS
Institute for Civil Services
Vishv Umiya Foundation

- પ્રવેશ પરીક્ષા પાસ કરનાર વિદ્યાર્થીઓ માટે નિઃશુલ્ક કોચિંગ.
- મેન્ટરશીપ પ્રોગ્રામ.
- નિયમિત ટેસ્ટ દ્વારા મૂલ્યાંકન.
- લાઈબ્રેરીમાં વાઈ-ફાઈની સુવિધા.
- અદ્યતન ઈન્ફ્રાસ્ટ્રક્ચર.

રેડીયન્ટ સ્કૂલ ઓફ સાયન્સ, પ્લોટ નં.-131/A, T. P. No.-9
સ્થાપન-૨ ફ્લેટની નજીક, ખ-રોડ, સરગાસણ, ગાંધીનગર
(મો.) ૭૨૦૨૦ ૮૦૨૦૨

પર્યાવરણ અભિયાનમાં આપ પણ સહભાગી બનો

વિશ્વ ઉમિયાધામ ReNature

જન-જનની ભાગીદારી અને વૃક્ષોનું સંવર્ધન

૧ વૃક્ષ ૧૦૦૦ રૂપિયામાં ૩ વર્ષના જતન સાથે

SCAN TO DONATE
Vishv Umiya Foundation
UPI Code : vishvumiya@ybl

PhonePe Paytm G Pay UPI

સામાજિક અને વ્યાવસાયિક બંને નેટવર્ક પ્રદાન કરે છે.

vibes
यत् भावो - तत् भवति
*Vishv Umiya International Business Entrepreneurs with Social Network*

उमा स्वाद
स्वाद એવો, માં ની મમતા જેવો...

શુદ્ધતા, સ્વચ્છતા અને સ્વાદ નો સંગમ

ગાયના શુદ્ધ ઘીમાંથી બનાવેલ મિઠાઈ તથા નમકીનની ઉત્કૃષ્ટ શ્રેણી

વિશ્વના સૌથી ઊંચામાં ઊંચા જગત જનની મા ઉમિયાના મંદિર નિર્માણમાં આપનો સહયોગ - મા ના પ્રસાદરૂપી મીઠાઈ - નમકીન ખરીદીથી

## સહયોગ દાન

### જગતજનની મા ઉમિયાના ભવ્યાતિભવ્ય મંદિર નિર્માણમાં સહભાગી થવા યથાશક્તિ દાન આપી મા ઉમિયાના કૃપાપાત્ર બનીએ




આજીવન દાતા રૂા. ૧૧ લાખ

હર ઘર ભૂમિદાન હૂંડી

શુભેચ્છક દાતા રૂા. ૫ લાખ

રૂા. ૧,૧૧,૦૦૦/- (દસ ચો.વાર) | રૂા. ૫૫,૦૦૦/- (પાંચ ચો.વાર) | રૂા. ૧૧,૦૦૦/- (એક ચો.વાર)

હર ઘર - શિલાદાન હૂંડી - રૂા. ૫,૦૦૦/- | હર ઘર - ઈંટ દાન - રૂા. ૧,૦૦૦/-

**દાન આપવા માટેની વિગત :**

બેંક A/c : વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન
ધી મહેસાણા અર્બન કો.ઓ.બેક લિ., સાયન્સ સીટી શાખા, અમદાવાદ
Bank A/c. No. 00441001001446 – IFSC Code - MSNU0000044.

UPI ID થી Direct Payment Vishv Umiya Foundation


Vishv UMIYA Foundation
વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન
VUF INSTITUTE CIVIL SERVICES
અગ્નિવીર ભરતી ઝુંબેશ
VUF INSTITUTE CIVIL SERVICES
Download the APP NOW!
હાલ જ ડાઉનલોડ કરો
VUFICS એપ્લિકેશન
વિશેષતા :-
1. અગ્નિવીર ના બધા જ ટ્રેડ માટે કોચિંગ
2. દરરોજ ઓનલાઈન લાઈવ કોચિંગ
3. રેગ્યુલર ટેસ્ટ
4. નિષ્ણાંતોની સલાહ
ઈન્ડિયન આર્મીમાં ભરતી થવાનું
સપનું સાકાર કરો
ઓનલાઇન લાઈવ ક્લાસ ટૂંક
સમયમાં શરૂ થઈ રહ્યા છે
Call Us : 720 20 80 202
Address : Vufics, C/O Radiant School Of Science,
Kh Road, Sargasan, Gandhinagar 382421

NABH Accredited | I.C.M.R. Registered | KAYAKALP Certified | FOGSI

# ખુશીઓથી રમશે આંગણું, જયારે ઘરે બંધાશે પારણું



## કયા દંપતીઓ લાભ લઈ શકે છે?

**મહિલા**

બંધ ટ્યૂબ્સ, વારંવાર IUI માં નિષ્ફળતા, ઈંડામાં ખરાબી અનિયમિત માસિક અને ગર્ભાશયમાં ગાંઠ હોવી

**પુરુષ**

ઓછા શુક્રાણુ, શુન્ય શુક્રાણુ, શુક્રાણુઓની ધીમી ગતિશીલતા અને ખરાબ ગુણવત્તા

## ઉપલબ્ધ સેવાઓ

IUI | IVF | ICSI
બ્લાસ્ટોસિસ્ટ કલ્ચર | PGD/PGS એન્ડ્રોલૉજી
સર્જિકલ સ્પર્મ એસ્પિરેશન | ક્રાયો પ્રિઝર્વેશન
એગ - સ્પર્મ - એમ્બર્યો | TESA | PESA
માઈક્રો TESE 4D સોનોગ્રાફી | એન્ડોસ્કોપી
NABL પ્રમાણિત લેબોરેટરી

## તમામ સુવિધા એકજ સ્થળે

અત્યાધુનિક IVF લેબ, સચોટ નિદાન, સફળ પરિણામ, IVFના પ્રથમ પ્રયત્ને ઉત્તમ સફળતા, પોતાનું ઈંડુ અને પોતાના જ શુક્રાણુથી IVF સારવારમાં અગ્રેસર, નિષ્ણાંત અને અનુભવી એમ્બ્રિઓલજિસ્ટની ટીમ, જેવા અત્યાધુનિક જિનેટિક ટેસ્ટ.

**20000+** પરિવારને મળી આઈ.વી.એફ. થી ખુશીઓ

**૭૦ દેશોના લોકોને સારવાર આપનારા**

BEST HOSPITALS REGIONAL

ટાઈમ્સ ઓફ ઈન્ડિયા દ્વારા નેશનલ સર્વે ઓફ ફર્ટિલિટી ક્લિનિક 2019માં દ્વિતિય ક્રમાંક (પશ્ચિમ ઝોન)



**ડૉ. આર. જી. પટેલ**
(ઈન્ફર્ટિલિટી અને IVF સ્પેશ્યાલીસ્ટ)

Sunflower Hospital

**સનફ્લાવર ઈન્ફર્ટિલિટી એન્ડ IVF સેન્ટર**
માનવ મંદિર પાસે, ટ્રાફિક પોલીસ હેલ્મેટની સામે, મેમનગર, અમદાવાદ, ગુજરાત 380052. મોબાઈલ નં : 079 27410080, +91-9687003993

**સનફ્લાવર મલ્ટી સ્પેશિયાલિટી હોસ્પિટલ**
નાથાલાલ કોલોની, પંજાબ નેશનલ બેંક ની સામે, લખુડી સર્કલ પાસે, નારણપુરા, અમદાવાદ- 380013. મોબાઈલ નં : 07929914965, +91-9099400445


**સનફ્લાવર IVF ક્લિનિક**
418, સાહિત્ય આર્કેડ, હરિદર્શન ચાર રસ્તા પાસે, નવા નરોડા, અમદાવાદ, ગુજરાત - 382 330. મોબાઈલ નં : 07946010728, +91-9099400221

Registered Under "R.N.I. No. GUJGUJ/2023/84401" Permitted to post at Ahmedabad PSO, on 8th date of every Month under Postal Regd. No. G-GNR-354 issued by SSP GNR valid upto 31/12/2025
Off. : Vishv Umiyadham - Jaspur, Opp. Vaishnodevi Temple, S. G. Highway, Ahmedabad, Gujarat - 382721


## COMPLETED PROJECTS




RETAIL & WORK SPACES
AT SOUTH BOPAL
PR/GJ/AHMEDABAD/DASKROI/AUDA/CAA00341/051017
GUJRERA.GUJARAT.GOV.IN




RETAIL & OFFICE SPACES
AT SG HIGHWAY
PR/GJ/AHMEDABAD/AHMEDABAD CITY/AUDA/CAA04785/A1C/160221
GUJRERA.GUJARAT.GOV.IN

## NEW PROJECTS




RETAIL & OFFICE SPACES
AT AMBLI "T" JUNCTION
PR/GJ/AHMEDABAD/AHMEDABAD CITY/AUDA/CAA09112/290921
GUJRERA.GUJARAT.GOV.IN




3 BHK SERENE HOMES
AT SINDHU BHAVAN EXTENSION ROAD
PR/GJ/AHMEDABAD/AHMEDABAD CITY/AUDA/CAA09112/290921
GUJRERA.GUJARAT.GOV.IN



3 BHK
KIDS FRIENDLY HOMES
COMING SOON
OPPOSITE APOLLO INTERNATIONAL SCHOOL,
SOUTH BOPAL



સંજયભાઈ પટેલ
(વિસલપુર)
+91 98254 42197